

**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૦ ❖ અંક : ૩ ❖ ૧૦, નવેમ્બર-૨૦૧૦

૩, ઝિલહજ, હિ.સન-૧૪૩૧ ❖ સળંગ અંક : ૩૫૧

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસુમ મહેરપુરી

✆ ૨૨૩૧૦૪ મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ

✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી

હનીફભાઈ વી. મતિયા

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)

મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com

Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૬૦/-

પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-

(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૮ |
| ❋ અહાદીસ | ૦૯ |
| ❋ નમાઝ | ૧૧ |
| ❋ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ | ૧૯ |
| ❋ ગડમથલ | ૨૨ |
| ❋ નજાતનો રસ્તો | ૨૩ |
| ❋ અરબી મૂળાક્ષરોનો પરિચય | ૨૮ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૨૯ |
| ❋ નન્હે રોઝેદાર | ૩૨ |
| ❋ નહજુલ બલાગહ | ૩૩ |
| ❋ જુંબિશે લબ | ૩૫ |
| ❋ મશાયખવાણી | ૩૭ |
| ❋ તૌહીદ | ૩૯ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૪૧ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૪૩ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૪૫ |
| ❋ બ્રહ્માંડનું સર્જન | ૪૭ |
| ❋ આરોગ્યની સાચવણી | ૪૮ |
| ❋ ઈમાન કોને કહેવાય ? | ૪૯ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૫૧ |
| ❋ આપણા ઘરની વાતો | ૫૫ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૫૮ |


## ઊઘડતે પાને...

હજ ઉસૂલે દીનમાં ત્રીજા નંબરની ઈબાદત છે. દરેક ઈબાદતની માફક હજની પણ જાહેરી બાબત છે અને બાતિની બાબત પણ. હજની જાહેરી બાબત તો એ છે કે હજના મસ્અલા શીખીને હજને એવી રીતે પૂર્ણ રીતે અદા કરવામાં આવે જે શરીઅતના હુકમ મુજબ હોય. અગર હજને સાચી અને શરીઅતી પધ્ધતિથી અદા કરવામાં ન આવે તો હજ હજ રહેતી નથી.

બીજી તરફ હજનું બાતિન એ છે કે હજની સાચી અદાયગીની સાથે સાથે તેનાં એ રહસ્યો અને સંકેતો ઉપર પણ વિચાર કરવામાં આવે કે જે હજના અરકાનોમાં છે અને જેના ઉપરથી

માઅસૂમીન(અ.)એ કોઈ કોઈ વાર પડદો ઉઠાવ્યો છે કે અગર એ નુક્તાઓને સમજવામાં ન આવ્યા અને હજની હકીકત ઉપર ઊંડો વિચાર ન કરવામાં આવ્યો તો પછી શક્ય છે કે હાજી વાસ્તવિક હાજીના મરતબા સુધી પહોંચી ન શકે.

વાસ્તવિક હજને સમજવા માટે આ હદીસ તરફ જરા દૃષ્ટિપાત કરીએ.

જ્યારે આપણા આકા હઝરત ઈમામ ઝયનુલ આબેદીન(અ.) હજથી પાછા ફરી રહ્યા હતા ત્યારે શિબ્લી આપની ખિદમતમાં પહોંચ્યા. એ વખતે ઈમામ(અ.) અને શિબ્લી વચ્ચે આ મુજબ વાર્તાલાપ થયો.

ઈમામે પૂછ્યું,

'અય શિબ્લી ! શું તમે હજ અદા કરી દીધી?'

શિબ્લીએ કહ્યું,

'હા, અય ફરઝંદે રસૂલ !'

ઈમામે પૂછ્યું,

'શું તમે મીકાત પર ગયા હતા અને સિવેલાં કપડાં ઉતારીને ગુસલ કર્યું હતું ?'

શિબ્લીએ કહ્યું,

'જી. હા.'

ઈમામે પૂછ્યું,

'મીકાતે પહોંચ્યા પછી શું તમે એવી નિય્યત કરી હતી કે ગુનાહનાં કપડાં ઉતારીને ઈતાઅતનો પોષાક પહેરશો ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે પૂછ્યું,

'તમારાં સિવેલાં કપડાં ઉતારતી વખતે તમે શું એવી નિય્યત કરી હતી કે તમે તમારી જાતને ધોઈને અપરાધો અને ગુનાહોથી પાક કરી રહ્યા છો?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે ફરમાવ્યું,

'આથી ન તો તમે મીકાતમાં ઉતર્યા છો કે ન તો તમારા સિવેલા પોષાકથી મુક્ત થયા છો અને ન તો તમે ગુસલ કર્યું છે.'

ઈમામે પૂછ્યું,

'શું તમે સફાઈ કરી ? એહકામ પહેર્યો ? અને હજનો અહદ કર્યો હતો ?'

શિબ્લીએ કહ્યું,

'હા.'

ઈમામે પૂછ્યું,

'શું એ વખતે તમારી નિય્યત એવી હતી ખરી કે તમે ખુદાવંદે તઆલા માટે ખાલિસ (નિર્મળ) તૌબાની દવાથી પોતાની જાતને (ગુનાહોથી) પાક કરી રહ્યા છો ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે પૂછ્યું,

'શું મહેરમ બનવાના સમયે તમારી નિય્યત એવી હતી ખરી કે એ દરેક વસ્તુને કે જેને ખુદાએ ઈઝઝોજલ્લે હરામ કરી છે તેને તમે તમારા ઉપર હરામ કરી દેશો?'

શિબ્લીએ હ્યું,

'ના.'

ઈમામે પૂછ્યું,

'શું હજ કરતી વખતે તમે એવી નિય્યત કરી હતી કે ખુદા સિવાયના દરેક અહદને તમે છોડી દો છો?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે ફરમાવ્યું,

'આથી ન તો તમે સફાઈ કરી કે ન મહેરમ બન્યા કે ન તો તમે હજ પઢવાનો અહદ કર્યો.'

ઈમામે પૂછ્યું,

'શું તમે મીકાતમાં દાખલ થઈને એહરામની બે રકાત નમાઝ અદા કરી હતી અને **'લબ્બૈક...'**

કહ્યું હતું ?'

શિબ્લીએ કહ્યું,

'હા. એ તો કર્યું હતું.'

ઈમામે પૂછ્યું,

'મીકાતમાં દાખલ થતી વખતે શું તમારી નિય્યત એવી હતી ખરી કે તમે ઝિયારત કરવા માટે ત્યાં દાખલ થયા છો ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે પૂછ્યું,

'બે રકાત નમાઝ પઢતી વખતે તમારી નિય્યત શું એવી હતી ખરી કે સર્વશ્રેષ્ઠ અમલ અને બંદાઓની સર્વશ્રેષ્ઠ નેકી કે જે નમાઝ છે, તેના કારણે તમે અલ્લાહની નજીક જઈ રહ્યા છો ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે પૂછ્યું,

**'લબ્બૈક...'** કહેતી વખતે શું તમારી નિય્યત એવી હતી ખરી કે દરેક મસ્અલામાં ખુદાની ઈતાઅતના વાયદા પ્રમાણે વાતચીત કરશો અને દરેક ગુનાહથી બચતા રહેશો અને ખામોશ રહેશો?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે ફરમાવ્યું,

'આથી ન તો તમે મીકાતમાં દાખલ થયા કે ન તો તમે નમાઝ પઢી કે ન તો તમે લબ્બૈક કહ્યું.'

પછી ઈમામે પૂછ્યું,

'શું તમે હરમમાં દાખલ થયા હતા ? કા'બાને જોયા હતા ? અને નમાઝ પઢી હતી ?'

શિબ્લીએ કહ્યું,

'હા.'

ઈમામે પૂછ્યું,

'હરમમાં દાખલ થતી વખતે શું તમારી નિય્યત એવી હતી ખરી કે એ દરેક ગીબત (નિંદા) કે જે તમે ઈસ્લામી કાયદો ધરાવનાર મુસલમાનોની બાબતમાં કરી છે, તેને તમારા ઉપર હરામ કરો છો ખરા ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે પૂછ્યું,

'મક્કા પહોંચતી વખતે શું તમારી નિય્યત એવી હતી ખરી કે આ સફરનો તમારો મકસદ માત્ર ખુદા(ની પ્રાપ્તિ જ) છે ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે ફરમાવ્યું,

'આથી ન તો તમે હરમમાં દાખલ થયા છો કે ન તો તમે મક્કા જોયું કે ન તો નમાઝ પઢી.'

ઈમામે પૂછ્યું,

'શું તમે ખુદાના ઘરનો તવાફ કર્યો હતો અને થાંભલાઓને સ્પર્શ કર્યો હતો અને સઈ કરી હતી?'

શિબ્લીએ કહ્યું,

'હા.'

ઈમામે પૂછ્યું,

'સઈ કરતી વખતે શું તમારી નિય્યત એવી હતી ખરી કે તમે (શયતાન અને નફસે અમ્મારાના ઉપદ્રવથી) ખુદાની પનાહમાં જઈ રહ્યા છો ? અને તે કે જે રહસ્યોનો જાણનારો છે તે આ બાબતથી વાકેફ છે ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે ફરમાવ્યું,

'તો પછી ન તો તમે તવાફ કર્યો છે કે ન તો થાંભલાઓને સ્પર્શ કર્યો છે કે ન તો સઈ કરી છે.'

પછી ઈમામે ફરમાવ્યું,

'શું તમે હજરે અસ્વદને મુસાફોહ કર્યો હતો ખરો ? અને શું તમે મકામે ઈબ્રાહીમ પાસે ઊભા

રહીને બે રકાત નમાઝ પઢી હતી ખરી ?'

શિબ્લીએ કહ્યું,

'હા.'

આ વખતે ઈમામે એક ચીસ પાડી અને નજીક હતું કે દુનિયાથી વિદાય થઈ જાય.

ઈમામે ફરમાવ્યું,

'આહ ! આહ ! એ માણસ કે જે હજરે અસ્વદને મુસાફોહ કરે તે વાસ્તવમાં ખુદાવંદે તઆલાથી મુસાફોહ કરે છે. તેથી અય બિચારા ! જો કે આ કાર્યનો બદલો કે જેનું ખૂબ જ વધારે મહત્વ છે, તેને બરબાદ ન કર અને ગુનેગારોની માફક (ખુદાઈ એહકામોથી) વિરોધ અને મનાઈ કરેલાં કાર્યોને અંજામ આપવા દ્વારા ખુદાથી મુસાફોહ (અને બંદગીના અહદ)ની કદરને ગુમાવી ન દે.'

પછી ઈમામે પૂછ્યું,

'મકામે ઈબ્રાહીમ પરના રોકાણ વખતે શું તમારી એ નિય્યત હતી ખરી કે તમે સંપૂર્ણ ઈતાઅત અને દરેક ગુનાહનો વિરોધ કરવાના ઈરાદાથી (આ પવિત્ર જગ્યાએ) રોકાઈ રહ્યા છો ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે પૂછ્યું,

'મકામે ઈબ્રાહીમ પર બે રકાત નમાઝ અદા કરતી વખતે શું તમારી નિય્યત એવી હતી ખરી કે હઝરત ઈબ્રાહીમ(અ.)ની નમાઝ અદા કરીને આવી નમાઝ દ્વારા હકીકતમાં તમે શયતાનના નાકને જમીન ઉપર રગડી રહ્યા છો ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે ફરમાવ્યું,

'તો પછી ન તો તમે હજરે અસ્વદને મુસાફોહ કર્યો છે કે ન તો મકામે ઈબ્રાહીમ પર રોકાયા છો કે ન તો ત્યાં હકીકતમાં બે રકાત નમાઝ પઢી છે.'

ઈમામે પૂછ્યું,

'શું તમે ઝમઝમના કૂવા પર ગયા હતા અને તેનું પાણી પીધું હતું ખરું ?'

શિબ્લીએ કહ્યું,

'હા.'

ઈમામે પૂછ્યું,

'શું એ વખતે તમારી નિય્યત એવી હતી ખરી કે હકની બંદગીની નજીક તમે પહોંચી રહ્યા છો અને ગુનાહથી બચતા રહ્યા છો ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે ફરમાવ્યું,

'આથી ન તો તમે ઝમઝમના કૂવાની પાસે પહોંચ્યા કે ન તો તેનું પાણી પીધું છે.'

ઈમામે પૂછ્યું,

'શું તમે સફા-મરવાની વચ્ચે સઈ કરી હતી? ચાલ્યા હતા ? અને આવન જાવન કરી હતી ખરી?'

શિબ્લીએ કહ્યું,

'હા.'

ઈમામે પૂછ્યું,

'શું એ વખતે તમારી નિય્યત એવી હતી ખરી કે તમે ભય અને અભિલાષાની વચ્ચે આવેલા છો?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે ફરમાવ્યું,

'તેથી ન તો તમે સફા અને મર્વાની વચ્ચે સઈ કરી છે કે ન તો ચાલ્યા છો કે ન તો આવન જાવન કરી છે.'

ઈમામે પૂછ્યું,

'શું તમે (મક્કાથી) મિના તરફ જવા નીકળ્યા હતા?'

શિબ્લીએ કહ્યું,

'હા.'

ઈમામે પૂછ્યું,

'શું એ વખતે તમારી નિય્યત એવી હતી ખરી કે લોકોને તમારી જીભની, વિચારની અને હાથ(ની બૂરાઈ)થી સુરક્ષિત રાખશો ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે ફરમાવ્યું,

'તો પછી તમે (મક્કાથી) મિના તરફ નીકળ્યા જ નથી.'

ઈમામે પૂછ્યું,

'શું તમે અરફાતમાં રોકાણ કર્યું હતું ? અને જબલે રહેમત પર ચઢ્યા હતા ? અને વાદિએ નમરાને ઓળખી હતી ? અને મૈલ અને જમરાત (શયતાનો)ની નજીક ખુદાને પોકાર્યો હતો ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે પૂછ્યું,

'શું તમે અરફાતના રોકાણ વખતે ખુદાવંદે સુબ્હાનની માઅરેફતનો હક અદા કર્યો હતો ? અને ખુદાઈ અઝમ અને માઅરેફતને સમજ્યા હતા ? અને એ બાબતને જાણી હતી ખરી કે તમે તમારા સંપૂર્ણ અસ્તિત્વ સાથે કુદરતે ખુદાના કબજામાં છો? અને તે તમારા કાર્યનાં રહસ્યોથી અને તમારા દિલની ઊંડાઈઓથી પરિચિત છે ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે પૂછ્યું,

'શું તમે જબલે રહેમત પર ચઢતી વખતે એવી નિય્યત કરી હતી ખરી કે ખુદા દરેક મોમિન સ્ત્રી અને પુરૂષ પર રહેમત વરસાવે અને તે દરેક મુસલમાન સ્ત્રી અને પુરૂષની મદદ કરે છે અને માર્ગદર્શન આપે છે ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે પૂછ્યું,

'જ્યારે તમે નમરાની નજીક હતા ત્યારે શું તમે એવી નિય્યત કરી હતી કે જ્યાં સુધી તમે પોતે ઈલાહીના હુકમને અને મનાઈને નહીં સ્વીકારો ત્યાં સુધી તમારા હુકમ અને મનાઈ બીજાઓ ઉપર અસરકારક નહીં થાય ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે પૂછ્યું,

'શું અલમ અને નમરાત(હરમની નિશાનીઓ કે જે નમરા પર્વત ઉપર લગાવેલી છે)ની નજીક રોકાણ વખતે તમારી એવી નિય્યત હતી ખરી કે એ બન્ને તમારી બંદગીઓના સાક્ષી છે અને ખુદાના ફરમાનના તાબેદાર અને ફરિશ્તાઓની સાથે તમારા રક્ષણહાર છે ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે ફરમાવ્યું,

'તો પછી તમે ન તો અરફાતમાં રોકાણ કર્યું છે કે ન જબલે રહેમત પર ચઢ્યા છો કે ન તો નમરાતની નજીક રોકાણ કર્યું છે અને ન તો ખુદાને પોકાર્યો છે.'

ત્યાર પછી ઈમામે વધુમાં ફરમાવ્યું,

'શું તમે બે અલમો[1](ઝંડાઓ)ની વચ્ચે ચાલવામાં અને જમણી અથવા ડાબી તરફ વિમુખ ન થઈ જવાનો વિચાર રાખવાના સમયે તમારી નિય્યત એવી હતી ખરી કે દીને હકથી જમણી કે ડાબી બાજુએ વિમુખ ન થઈ જવાય, ન તો તમારા દિલથી કે ન તો તમારી જીભથી કે ન તો તમારા શરીરના અવયવોથી ?'

શિબ્લીએ કહ્યું,

[1]બે અલમોથી મુરાદ પ્રગટ રીતે અરફાત અને મશ્અર છે કે જે મક્કાની વચ્ચે આવેલ છે, બે ખીણો છે જેમને માઝમૈન પણ કહેવાય છે.

'ના.'

ઈમામે પૂછ્યું,

મુઝદલિફાની જમીન પર ચાલતી વખતે અને કાંકરીઓ વીણતી વખતે તમારી નિય્યત એવી હતી ખરી કે દરેક ગુનાહને અને નાદાનીને પોતાનાથી દૂર કરશો અને દરેક ઈલ્મ અને અમલ માટે તમે પોતાને પાત્ર બનાવશો ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે પૂછ્યું,

'શું મશઅરૂલ હરામ[1]થી પસાર થતી વખતે તમારી નિય્યત એવી હતી ખરી કે તમારા દિલને તક્વા અને ખુદાએ ઈઝઝોજલના ખૌફનું વર્ણન કરનાર બનાવશો ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે ફરમાવ્યું,

'તો પછી તમે ન તો બે અલમો પાસેથી પસાર થયા કે ન તો ત્યાંની બે રકાત નમાઝ પઢી કે ન તો મુઝદલિફાની જમીન પર ચાલ્યા કે ન ત્યાંથી કોઈ કાંકરીઓ વીણી કે ન તો મશઅરૂલ હરામથી પસાર થયા છો.'

ત્યાર પછી ઈમામે વધુમાં પૂછ્યું,

'શું તમે મિના પહોંચીને રમીએ જમરાત (કાંકરીઓ મારવા)ની ફરજ પૂર્ણ કરી હતી? માથાના વાળ કાપ્યા હતા ? કુરબાની કરી હતી ? મસ્જિદે ખીફમાં નમાઝ અદા કરી હતી ? મક્કા પાછા ગયા હતા ? અને તવાફે અફાઝા[2] બજાવી લાવ્યા હતા ?'

શિબ્લીએ કહ્યું,

'હા.'

ઈમામે પૂછ્યું,

'શું મિના પહોંચતાં અને કાંકરીઓ મારતી વખતે તમારે નિય્યત એવી હતી ખરી કે તમે તમારી આરઝૂ સુધી પહોંચી ગયા છો અને ખુદાવંદે આલમે તમારી દરેક હાજતને પૂરી કરી દીધી છે.'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે પૂછ્યું,

'શું કાંકરીઓ મારતી વખતે તમારી નિય્યત એવી હતી ખરી કે તમે તમારા દુશ્મન ઈબ્લીસને મારી રહ્યા છો અને તમે તમારી કદર કરવા યોગ્ય હજને સમાપ્ત કરીને શયતાનની નાફરમાની કરી છે?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે પૂછ્યું,

'શું મસ્જિદે ખીફમાં નમાઝ પઢતી વખતે તમે એવી નિય્યત કરી હતી ખરી કે ખુદા અને મારા ગુનાઓ સિવાય બીજા કોઈથી નહીં ડરું અને ખુદાવંદે તઆલાની રહેમતના સિવાય બીજી કોઈ વસ્તુની આશા નહીં રાખું ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે પૂછ્યું,

'શું કુરબાની કરતી વખતે તમારી નિય્યત એવી હતી ખરી કે તમે પરહેઝગારીની હકીકતનો સહારો લઈને લોભ લાલચનું ગળુ કાપી રહ્યા છો અને ઈબ્રાહીમ(અ.)ની સુન્નત પર અમલ કરી રહ્યા છો કે જેમણે પોતાના પુત્ર દિલના મેવા અને

---

[1]અહીં મશઅરથી મુરાદ પ્રગટ રીતે એ પહાડ છે કે જે મુઝદલિફામાં આવેલો છે અને કિઝહ કહેવાય છે ત્યાં રોકાવું મુસ્તહબ છે.

[2]તવાફે અફાઝા એ જ હજ અને ઝિયારતનો તવાફ છે અને તેને તવાફે અફાઝા એટલા માટે કહેવાય છે કે મિનાથી મક્કા પાછા આવીને અને અફાઝાના સમયે કરવામાં આવે છે.

આત્માની રાહત(એવા ઈસ્માઈલ)નું મસ્તક કાપવા માટે પ્રવૃત્ત થઈને પોતાના પછી આવનાર લોકો માટે ખુદાવંદે તઆલા સાથે નિકટતા અને તેમની બંદગીની સુન્નતનો પાયો રચ્યો છે ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે પૂછ્યું,

'મક્કા પાછા આવીને અને તવાફે અફાઝા કરતી વખતે તમે એવી નિય્યત કરી હતી ખરી કે ખુદાવંદે તઆલાની રહેમતથી (ફાયદો ઉઠાવીને) હવે તેની ઈતાઅત અને બંદગીના માટે પાછા આવ્યા છો અને તેની દોસ્તીનો સહારો લીધો છે અને તેની વાજિબાતને અદા કરી છે અને ખુદાની નજીક પહોંચી ગયા છો ?'

શિબ્લીએ કહ્યું,

'ના.'

ઈમામે ફરમાવ્યું,

'આથી ન તો તમે મિના પહોંચ્યા કે ન તો તમે શયતાનને કાંકરીઓ મારવાનું કાર્ય પૂર્ણ કર્યું કે ન તો માથાના વાળ કાપ્યા કે ન કુરબાની કરી કે ન તો મસ્જિદે ખીફમાં નમાઝ અદા કરી કે ન તો તવાફે અફાઝા પૂર્ણ કર્યો કે ન તો ખુદાની નજીક પહોંચ્યા છો. પાછા જાઓ કેમકે હકીકતમાં તમે હજ અદા નથી કરી.'

શિબ્લી હજ અને તેના અરકાનો પર અમલ કરવાની હકીકત સમજવામાં પોતાની ગફલતથી ખૂબ જ ગમગીન થયા અને ખૂબ જ ખરાબ રીતે રડવા લાગ્યા. ત્યાર પછી તેમણે હજનાં રહસ્યો શીખ્યાં અને બીજા વર્ષે માઅરેફત, પહેચાન અને યકીનની સાથે હજ અદા કરવામાં સફળ થયા. ✻

*તમારું દીની જ્ઞાન ચકાસો.*

## ? ઈસ્લામી કવીઝ નં. ૨૦૦

**(૧) આપણા નબી(સ.)એ 'શક્કુલ કમર'નો મોઅજિઝો કયા પર્વત ઉપર બતાવ્યો હતો?**
(A) જબલે અબુ કુબીસ (B) જબલે રહેમત
(C) જબલે નૂર

**(૨) મસ્જિદે ખીફ કઈ જગ્યાએ આવેલી છે ?**
(A) મુજદલિફામાં (B) મિનામાં
(C) અરફાતમાં

**(૩) તકય્યો એટલે શું ?**
(A) સ્વરક્ષણ (B) સમર્પણ
(C) સ્વત્યાગ

**(૪) નબી(સ.) મક્કાથી હિજરત કરી ગયા પછી અસ્હાબો સાથે સૌ પ્રથમ વખત હજ પઢવા આવ્યા ત્યારે કઈ જગ્યાએ મક્કાના કુફ્ફારો સાથે સુલેહનામુ કર્યું હતું ?**
(A) ખુમે ગદીરમાં (B) હુદૈબિયામાં
(C) તન્ઈમની ટેકરીઓ પાસે

**(૫) કા'બા બયતુલ્લાહ ઉપર ઢાંકવામાં આવતા કાળા ગિલાફ માટે અરબ લોકો કયો શબ્દ વાપરે છે ?**
(A) અજવા (B) કિસવા (C) પારસા

**(૬) વીંટીમાં પહેરવામાં આવતો કયો નંગ આંખોના તેજ માટે ફાયદાકારક માનવામાં આવે છે ?**
(A) દુર્રે નજફ (B) દુર્રે બેબહા (C) ફિરોઝા

**(૭) મૌલા અલી(અ.)નું એક ઉપનામ 'લિસાનુલ્લાહ' પણ કહેવાય છે. લિસાનુલ્લાહ એટલે શું ?**
(A) અલ્લાહની આંખ (B) અલ્લાહનો કાન
(C) અલ્લાહની જીભ



**મંજૂરએહમદ ગુલામમહંમદ આંબલીયાસણા(મેતા)**
B.E. Computer Engineering

**નજરહસન હૈદરભાઈ મોમિન(સેદ્રાણા)**
B.E. Information Technology






**તાહેરાબેન ઈસ્માઈલભાઈ સુણસરા(મેતા)**
M.Sc. Bio informatics

**આબેદાબેન મહંમદઅલી શેલીયા**
B.Com. 80.25%





# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

## મનુષ્ય જીવન સંબંધી હુકમો વિષયક આયતો

✻ નિઃસંશય તે લોકો કે જેમના હકમાં અમારા તરફથી પ્રથમથી જ ભલાઈ નિર્માણ થઈ ચૂકી છે તેમને તેનાથી પરે રાખવામાં આવશે.

**(પારો-૧૭, સૂરએ અંબિયા, આયત-૧૦૧)**

✻ હે લોકો ! અગર તમે પાછા ઉઠાડવાના સંબંધી શંકામાં હો તો (જાણી લો કે પ્રથમ) અમોએ તમને માટીમાંથી પેદા કર્યા, પછી વીર્યમાંથી, પછી ઠરી ગયેલા લોહીમાંથી, પછી માંસના લોથડામાંથી (જે કાંતો) સંપૂર્ણ સર્જન થઈ ગયો, કાંતો અપૂર્ણ રહી ખોડખાંપણવાળો રહ્યો કે જેથી તમારા માટે (અમારી રચના) સ્પષ્ટ કરી દેખાડીએ, અને અમે જેને ચાહીએ તેને એક ઠરાવેલી મુદત સુધી ગર્ભાશયમાં સ્થિર રહેવા દઈએ છીએ, પછી તમને બાળક બનાવી કાઢીએ છીએ, (પછી તમારું પાલન પોષણ કરીએ છીએ) કે જેથી તમે તમારી સંપૂર્ણ શક્તિએ પહોંચો; અને તમારામાંથી કોઈ તો (તરૂણ અવસ્થામાં જ) મરણ પામે છે, અને તમારામાંથી કોઈ ઘરડો ખખ થઈ જાય છે કે જે જાણ્યા પછી અજાણ બની જાય; અને તું આ ભૂમિને શુષ્ક જુએ છે, પછી જ્યારે તેના પર પાણી ઉતારીએ છીએ ત્યારે તે ઉપસી આવી વધવા માંડે છે, અને તેમાંથી જાત જાતની સુંદર વનસ્પતિ ઉગી નીકળે છે.

**(પારો-૧૭, સૂરએ હજ્જ, આયત-૫)**

✻ અને લોકોને (ઢંઢેરો પીટાવી) હજ્જ માટે આમંત્રણ આપ, (કે જેથી) તેઓ તારી પાસે ચાલીને તેમજ સઘળા દૂર દૂરના માર્ગોથી દુબળા દુબળા ઊંટો પર સવાર થઈને પણ આવે : ✻ કે જેથી તેઓ પોતાના (દીની તથા દુન્યવી) લાભ મેળવવા હાજર થાય, અને જાણીતા દિવસોમાં જે પશુઓ તેમને તે (અલ્લાહે) આપ્યાં છે (અલ્લાહનું નામ લઈ તેમની કુરબાની કરે); પછી તેમાંથી તમે પોતે ખાઓ અને સંકટગ્રસ્ત મોહતાજોને પણ ખવડાવો.

**(પારો-૧૭, સૂરએ હજ્જ, આયત-૨૭ થી ૨૮)**

✻ આ (હુકમ) છે અને હવે જે શખ્સ અલ્લાહની હુરમતવાળી વસ્તુઓ(ને લગતી આજ્ઞાઓ)ને માન આપશે તો તે તેના માટે તેના પરવરદિગારની પાસે બેહતર છે; અને તમારા માટે ચોપગાં પશુઓ હલાલ કરવામાં આવ્યાં છે, સિવાય કે જેમનું વર્ણન તમને (આ પછી) સંભળાવવામાં આવશે, માટે હવે તમે મૂર્તિઓની ગંદકીથી બચો અને જૂઠા બોલ બોલતાં અટકો.

**(પારો-૧૭, સૂરએ હજ્જ, આયત-૩૦)**

✻ આ (હકીકત) છે, અને (હવે) જે શખ્સ અલ્લાહની નિશાનીઓને માન આપશે તો નિઃસંશય તે કાર્ય અંતઃકરણની પરહેઝગારીમાંહેનું ગણાશે.


**(પારો-૧૭, સૂરએ હજ્જ, આયત-૩૨)**

✻ એમ જ થશે; અને જેને (શત્રુના હાથે) જેટલી ઈજા પહોંચાડવામાં આવી હોય તેટલી જ ઈજા તે(શત્રુ)ને પહોંચાડે, તે પછી પણ જો તે(શત્રુ)ના પર વધુ અત્યાચાર કરવામાં આવે તો તેની જરૂર મદદ કરશે; બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) ક્ષમાવાન છે.


**(પારો-૧૭, સૂરએ હજ્જ, આયત-૬૦)**

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ



**કેવો પોષાક પહેરવો જોઈએ ? (ભાગ-૨)**

ઈમામ અસ્સજ્જાદ(અ.) ફરમાવે છે :

**'જો માણસનું શરીર નરમ પોષાક પહેરે તો તે બગાવત (વિદ્રોહ) કરે છે અને ખુદાના ગુનાહો કરે છે.'**

હઝરત રસૂલે અકરમ(સ.) અબુઝરને ફરમાવે છે :

**'મુલાયમ ન હોય તેવાં અને ખરબચડાં પહેરણ પહેરો જેથી તમારા ઉપર અભિમાન વર્ચસ્વ ન જમાવી દે.'**

ઈસ્લામે દેખાવ ખાતર એવા અસાધારણ અને અનોખા પોષાક પહેરવાની મનાઈ ફરમાવી છે કે જેના દ્વારા માણસ લોકોમાં, ઉદાહરણ તરીકે, ઝાહિદ(સંયમી) અને મુત્તકી(ઈન્દ્રિયનિગ્રહી), તરીકે પ્રખ્યાત થઈ જાય.

ઈમામ અસ્સજ્જાદ(અ.) ફરમાવે છે :

**'જો કોઈ માણસ એવો પોષાક પહેરે કે જેના કારણે તે પ્રખ્યાત થઈ જવા ઈચ્છતો હોય તો કયામતના દિવસે ખુદા તેને આગનું પહેરણ પહેરાવશે.'**

**'અને આશ્ચર્યજનક બાબત એ છે કે કેટલાક લોકો કે જેઓ દીનની હકીકતથી અરપિચિત હતા અને પ્રસિધ્ધ કોલ મુજબ 'ઝાહિદે ખુશ્ક' (એવા ઝાહિદ કે જેના દિલમાં જરા પણ ઉદારતા ન હોય) બની ગયા હતા'** દીનના પેશવાઓ પર પણ એવો આક્ષેપ મૂકતા હતા કે તમે મુલાયમ ન હોય એવાં કપડાં કેમ નથી પહેરતા અને સામાન્ય પોષાકનો શા માટે ઉપયોગ કરો છો ? આથી એક વ્યક્તિએ ઈમામ અસ્સાદિક(અ.)ની સેવામાં હાજર થઈને અરજ કરી કે અમે એવું સાંભળ્યું છે કે આપના દાદા ઈમામ અલી(અ.) ખરબચડો પોષાક પહેરતા હતા અને આપ પોતાનું પહેરણ લગભગ ચાર દિરહમની કિંમતનું ખરીદતા હતા. પરંતુ અત્યારે હું જાઉં છું કે આપે તો સારો પોષાક આપના શરીર પર ધારણ કર્યો છે. આપે ફરમાવ્યું, હા, ઈમામ અલી(અ.) તે પોષાક એ સમયે પહેરતા હતા કે જ્યારે તે અસાધારણ ન હતો. પરંતુ આજ કાલ એ પ્રકારનો પોષાક અસાધારણ ગણાય છે. જો આ દિવસોમાં કોઈ એવો પોષાક પહેરે તો પ્રખ્યાત થઈ જાય. દરેક સમયે સર્વશ્રેષ્ઠ પોષાક એ કહેવાય કે જે એ જમાનામાં પ્રચલિત હોય.

ઈસ્લામે એવો પોષાક પહેરવાની મનાઈ ફરમાવી છે કે જેને પહેરીને માણસ બીજાઓ પર વડાઈ બતાવે.

હઝરત રસૂલે અકરમ(સ.) અબુઝરને ફરમાવે છે :

**'આખર જમાનામાં એવા લોકો હશે કે જે ગરમીના દિવસોમાં અને ઠંડીના દિવસોમાં ઉનનાં કપડાં પહેરશે જેથી તેના દ્વારા બીજાઓ પર ગર્વ કરે. આવા ખાસ લોકો પર જમીનવાસીઓ અને આસમાનવાસીઓ લાઅનત કરે છે.'**

વધુમાં આપ ફરમાવે છે :

**'જો વ્યક્તિ પોષાક પહેરે અને તેના દ્વારા બીજાઓ પર ગર્વ કરે તો તેને જહન્નમનો એક ભડકો પકડી લે છે જે દરમિયાન તે કયામત સુધી ઉપર નીચે આવતો-જતો રહેશે.'**

ઈસ્લામ ધર્મ એ પ્રકારનો લાંબો પોષાક પહેરવાની મનાઈ કરે છે કે જે પોષાક અરબસ્તાનના લોકોમાં ગર્વનું કારણ સમજવામાં આવતો હતો અને નાપાકીનું કારણ પણ બનતો હતો. આથી એક વાર મજલિસમાં ઈમામ મોહંમદ અલ બાકિર(અ.)ની

નજર પોતાના પુત્ર ઈમામ અસ્સાદિક(અ.) પર પડી તો આપે ફરમાવ્યું, અય મારા ફરઝંદ ! તમારા પોષકને પાકીઝા કરો. ઈમામ અસ્સાદિક(અ.) ઊભા થયા ને ચાલ્યા ગયા અને ફરીથી પાછા આવી ગયા. હાજર રહેલા લોકોનો એવો ખ્યાલ હતો કે આપનો (એટલે કે ઈમામ અસ્સાદિક(અ.)નો) પોષાક મેલો અથવા અપવિત્ર હતો. પરંતુ ઈમામ અલ બાકિર(અ.)એ ફરમાવ્યું, તેમનો પોષાક લાંબો હતો એટલા માટે મેં હુકમ કર્યો કે તેને નાનો કરી દે. (એટલે કે ખેંચીને ઊંચો કરી દે.)

ઈસ્લામ ધર્મ પુરૂષને સ્ત્રીનો અથવા સ્ત્રીને પુરૂષનો પોષાક પહેરવાની મનાઈ ફરમાવે છે.

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'જો કદાચ હઝરત રસૂલે અકરમ(સ.) જોતા કે કોઈ પુરૂષ પોતાના પોષાકની બાબતમાં સ્ત્રીના જેવો થઈ ગયો છે અથવા તેણે પોતાની સ્ત્રીને પુરૂષના જેવી બનાવી દીધી છે તો આપ લોકોને (આ અંગે) અદબ જાળવવાનું શીખવતા હોત.'***


**પ્રો. જી. કે. સુણસરા**
**(સેવાણીવાળા)**

# બેસ્ટ રેડીમેડ
# ક્લોથ એન્ડ ટેલર્સ

**● રેડીમેડ ●**
*** જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ * કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ * નાઈટ ડ્રેસ વિગેરે.**

**● ક્લોથ ●**
**શુટીંગ તથા શર્ટીંગ**

**● ટેલર્સ ●**
**પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.**

**૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.**
**ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦**


# General Knowledge Corner

**110**

**સંકલન : મો.ઈસ્માઈલહુસૈન જી. ડોડીયા(ઝહીરાબાદ-કાટવાડ)**

**(૧) ત્રણ મહાસાગરોનું સંગમ સ્થાન કોને કહેવાય છે ?**
(A) કંડલા (B) મુંબઈ
(C) કન્યાકુમારી (D) ચેન્નઈ

**(૨) આયુર્વેદિકશાસ્ત્રના અભ્યાસીનું નામ આપો.**
(A) ચરક (B) નાગાર્જુન
(C) આર્યભટ્ટ (D) વરાહમિહિર

**(૩) ન્યુમોનિયાની બીમારીમાં શરીરનું કયું અંગ અસરગ્રસ્ત થાય છે ?**
(A) દાંત (B) ફેફસાં
(C) પગ (D) આંખ

**(૪) તાપમાન માપવાના સાધનને શું કહે છે ?**
(A) થર્મોમીટર (B) એમીટર
(C) લેક્ટોમીટર (D) સ્પીડોમીટર

**(૫) 'વાંધો નથી' તેવો નિર્દેષ કરતું જવાબદાર માણસનું પ્રમાણપત્ર એટલે ?**
(A) એજન્ડા (B) એમનેસ્ટી
(C) પાસપોર્ટ (D) એન.ઓ.સી.

**(૬) માનવીની માફક રડતું પ્રાણી કયું છે ?**
(A) રીંછ (B) હાથી
(C) વાઘ (D) ઊંટ

**(૭) સહરાનું રણ કયા દેશમાં આવેલું છે ?**
(A) ઈજિપ્ત (B) પાકિસ્તાન
(C) ઉત્તર આફ્રિકા (D) ચીન

**(૮) ઓલમ્પિક રમતોત્સવ દર કેટલા વર્ષે રમાય છે?**
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ



## નન્હે રોઝેદાર

**મહેમૂદહુસૈન આબિદહુસૈન ભટ્ટ**

**માતા : તાહેરાબેન(પીપોદર)**

**ઉ.વ. : ૧૧ રોઝા : ૨૭**

# નમાઝ

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદ્દે.)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

કેટલીક વાર ટી.વી. પર ક્રિકેટ મેચ જોતાં આપણે જાણીએ છીએ કે બોલર ઘણી ઝડપથી દોડતો આવીને બેટ્સમેનનાં સ્ટમ્પ ઉડાવી દે છે. આપણે સમજીએ છીએ કે બોલરને ચોક્કસ વિકેટ મળી ગઈ. પરંતુ અમ્પાયર નો બોલ જાહેર કરે છે અને બેટ્સમેન નોટ આઉટ જાહેર થાય છે. આપણને એમ થાય કે બોલરે આટલી સરસ બોલીંગ કરી પરંતુ તેને વિકેટ કેમ ન મળી ? તો ક્રિકેટનો જાણકાર સમજાવશે કે અમ્પાયરનું ધ્યાન બોલરના પગો પર હોય છે કે તે ક્રિઝમાં છે કે નહીં અને તે નિર્ણય આપે છે, બોલ યોગ્ય હતો કે નો બોલ હતો. આ નિયમને દુનિયાની ક્રિકેટ રમતી બધી ટીમોએ અપનાવ્યો છે. કોઈ વિરોધ કરતું નથી. આપણે દલીલ કરીએ કે અમારો સમૂહ આ નિયમને માનતો નથી કેમકે બોલરનું ધ્યાન બેટ્સમેનની વિકેટો પર હોય છે તે કેવી રીતે ધ્યાન આપે કે પોતાનો પગ ક્યાં પડે છે ? આપણી દલીલ ચાલવાની નથી કારણ કે દુનિયાની દરેક ટીમે આ નિયમ અપનાવ્યો છે. જાણવા મળ્યું કે માણસ રમતના નિયમોને પણ મહત્વ આપે છે અને તેને આધીન રહીને જ તે રમતમાં ભાગ લે છે. જુદા જુદા દેશોના કંઈ જુદા જુદા નિયમો હોતા નથી.

પારા-૧૮, સૂરા-૨૪, આયત-૪૧

**'હે માણસ ! શું તેં એટલું પણ જોયું નથી કે આસમાન અને જમીનમાં સર્જેલી જેટલી વસ્તુઓ છે તે અને પક્ષીઓ પાંખો ફેલાવીને તેની જ (અલ્લાહની) તસ્બીહ કર્યા કરે છે. બધા જ પોતાની નમાઝનો અને પોતાની તસ્બીહનો તરીકો સારી રીતે જાણે છે અને જે કાંઈ તેઓ કર્યા કરે છે, અલ્લાહ તેને જાણે છે.'**

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહે સર્જેલી દરેક વસ્તુ પશુ, પંખી બધાં જ પોત પોતાની નમાઝનો તરીકો અને તસ્બીહનો તરીકો સારી રીતે જાણે છે.

પારા-૨, સૂરા-૨, આયત-૨૩૯

**'પછી જ્યારે તમે નિર્ભય થઈ જાઓ ત્યારે અલ્લાહને એવી રીતે યાદ કરો કે જેવી રીતે તેણે તમને (પોતાના રસૂલ દ્વારા) શીખવ્યું છે, જે તમે પ્રથમ જાણતા ન હતા.'**

આ આયતમાં અલ્લાહ હુકમ કરે છે કે જેવી રીતે અલ્લાહે શીખવાડ્યું છે તેવી રીતે અલ્લાહને યાદ કરો.

હવે નમાઝ વિષે હદીસ જોઈએ.

હઝરત રસૂલે ખુદા(સ.)ની મશહૂર રિવાયતમાં કહેવામાં આવ્યું છે કે જે લોકો નમાઝને તુચ્છ સમજે છે, ખુદા તઆલા તે લોકોને પંદર બલાઓમાં સપડાવશે તેમાંથી કેટલીક જીવન સાથે સંબંધ ધરાવે છે, કેટલીક કબર અને બરઝખના સંબંધથી, કેટલીક કયામતથી સંબંધ ધરાવે છે.

(૧) તેની ઉંમર અને રોઝીથી બરકત ઉઠાવી લેવામાં આવશે.
(૨) નેક લોકોની નિશાનીઓ તેના ચહેરા પર રહેશે નહીં.
(૩) જે પણ નેક કામ કરવામાં આવશે તેનો બદલો આપવામાં નહીં આવે.
(૪) તેની દુઆ આકાશ તરફ નથી પહોંચતી.
(૫) નેક લોકોની દુઆથી તેને કોઈ ફાયદો પહોંચતો નથી.
(૬) તે ઝિલ્લતની (બદનામીની) મોતે મરશે.

(૭) તે ભૂખ્યો મરશે.
(૮) તે તરસ્યો મરશે.
(૯) ખુદા તઆલા તેની કબરમાં એક ફરિશ્તો નક્કી કરશે કે જે તેને તકલીફ પહોંચાડશે.
(૧૦) તેની કબરને સાંકડી કરી દેવામાં આવશે.
(૧૧) તેની કબરને અંધારી રાખશે.
(૧૨) કયામતમાં તેના માટે એક ફરિશ્તાને નક્કી કરવામાં આવશે કે જે તેને મોઢાથી એવી રીતે ખેંચશે કે લોકો તેને જોઈ રહ્યા હશે.
(૧૩) તેના હિસાબમાં સખ્તાઈ કરવામાં આવશે.
(૧૪) અલ્લાહ તેના પર કરમની નજર નહીં કરે.
(૧૫) અલ્લાહ તેને પાક નહીં કરે અને અઝાબમાં સપડાવશે.

આ ઉપરાંત ફરમાવવામાં આવ્યું છે કે નમાઝ મોમિનની મેઅરાજ છે. નમાઝ કબૂલ તો બધા આઅમાલ કબૂલ, નમાઝથી અલ્લાહની કુરબત મળે છે.

આ બધી વાતો આપણને કિતાબોથી અથવા લોક મુખેથી મળી છે. પરંતુ જે લોકોએ રસૂલ(સ.)ને રૂબરૂમાં સાભળ્યા હશે તેમણે કેટલું મહત્વ આપ્યું? તેમણે તો નમાઝના તરીકાને જ બદલી નાખ્યો. નમાઝને તુચ્છ સમજ્યા. કાંઈ મહત્વ જ ન આપ્યું.

રમતના નિયમોને જેટલું મહત્વ આપવામાં આવે છે એટલું પણ મહત્વ તેમણે નમાઝના તરીકાને નથી આપ્યું. જો આપણે એમના કહેવા પ્રમાણે નમાઝ પઢીએ અને આપણે એવું સમજતા રહીએ કે આપણને કયામતમાં જરૂર સવાબ મળશે, પરંતુ જો રમતમાં અમ્પાયર પગોને જોઈને કહે કે નો-બોલ તો વિકેટ પણ મળતી નથી, એવી રીતે અલ્લાહ કયામતમાં આપણા હાથ જોઈને કહે કે **'નો-નમાઝ'** તો આપણને નમાઝનો જરા પણ સવાબ મળશે નહીં. આપણી મહેનત બરબાદ જશે.

જો આપણે નમાઝના તરીકાનો ખ્યાલ ન રાખ્યો તો અલ્લાહની નજરમાં આપણી આબરૂ પંખીઓ અને જાનવરો જેટલી પણ નહીં રહે કારણ કે પંખી અને જાનવરો પોતપોતાની નમાઝના તરીકા સારી રીતે જાણે છે.

પારા-૨, સૂરા-૨, આયત-૨૩૯ પ્રમાણે અલ્લાહ પોતે જ ફરમાવે છેઃ

**'જે રીતે અલ્લાહે તમને શીખવાડ્યું છે તે રીતે અલ્લાહને યાદ કરો.'**

દેખીતી વાત છે કે યાદ કરવાની રીત બતાવવા માટે અલ્લાહ તો આવ્યો જ નહીં હોય. તેણે તો રસૂલ(સ.)ને માકલ્યા. તો આપણી ફરજ એ છે કે તેમને જોઈને તરીકાને યાદ રાખીએ અને તેવી રીતે અલ્લાહને યાદ કરીએ, નમાઝ પઢીએ.

સાબિત થયું કે એ જમાનામાં મુસલમાનોએ ન તો અલ્લાહના શબ્દોને મહત્વ આપ્યું કે ન તો રસૂલ(સ.)ને મહત્વ આપ્યું. એટલે જ તો નમાઝના તરીકાઓ અલગ અલગ થઈ ગયા. રમતના નિયમો જુદા જુદા દેશોમાં પણ સમાન હોય છે જ્યારે ઈબાદતના તરીકામાં મુસલમાનોએ ફેરફાર કરી નાખ્યા.

આપણા મનમાં એવો વિચાર આવે કે તે નાલયકો કેવા હશે ! તો પારા-૪, સૂરા-૩, આયત-૧૪૩ પ્રમાણે-

**'મોહંમદ(સ.) માત્ર એક રસૂલ છે, જેની પહેલાં ઘણા રસૂલો થઈ ગયા છે; અગર તે મરી જાય અથવા માર્યા જાય તો શું તમે તમારા પાછલા પગે ફરી જશો ? યાદ રાખો કે જે પોતાના પાછલા પગે ફરી જશે તે અલ્લાહનું કાંઈ પણ બગાડી શકશે નહીં અને નજીકમાં જ અલ્લાહ આભાર માનનારાઓને સારો બદલો આપશે.'**

સાબિત થયું કે મોહંમદ(સ.)ની જિંદગીમાં બધા એક જ તરીકાના હતા પરંતુ આપની વફાત પછી જુદા જુદા ફિરકાઓમાં વહેંચાઈ ગયા. રસૂલ(સ.)ની હદીસ પણ છે કે **મારા પછી ઈસ્લામના ૭૩ ફિરકા થશે. તેમાંથી એક જ નાજી**

છે. એટલે કે રસૂલ(સ.)ની વફાત પછી મુસલમાનોએ ન તો અલ્લાહની કદર કરી કે ન તો રસૂલ(સ.)ની અને નમાઝના તરીકાને બદલી નાખ્યો. એ બધા પાછલા પગે ફરી જનાર હતા.

જવા દો પાછલા પગે ફરી જનારાઓને, મરવા દો. તેમની વાત કરવાથી નકામો સમયનો બગાડ થશે અને કાંઈ નહીં મળે. આપણે તો હઝરત ઈબ્રાહીમ(અ.)ની દુઆથી તેમની ઓલાદમાં થયેલા ઈમામોની વાત કરીશું. આપણને દુનિયામાં પણ લાભ થશે અને આખેરતમાં પણ લાભ થશે.

પારા-૧, સૂરા-૨, આયત-૧૨૪

**'જ્યારે ઈબ્રાહીમને એમના પરવરદિગારે કેટલીક વાતોમાં અજમાવ્યા અને તેમાં સંપૂર્ણ ઊતર્યા તો ખુદાએ ફરમાવ્યું, હું તમને લોકોનો ઈમામ બનાવવાવાળો છું (હઝરત ઈબ્રાહીમ(અ.)એ) અરજ કરી, અને મારી ઓલાદમાંથી પણ, ફરમાવ્યું, (હા, પરંતુ) મારા આ હોદ્દા પર જાલિમોમાંથી કોઈ વ્યક્તિ રહી નહીં શકે.'**

સુન્ની કિતાબ **રૌઝતુલ અહબાબ**, જીલ્દ-૪થી કલમી અને **હબીબુસ સયર**, જીલ્દ-બીજીમાં છે કે હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી સહાબી કહે છે કે જ્યારે ખુદાએ તઆલાએ પોતાના પયગમ્બર પર આયએ કરીમા **'યા અય્યોહલ્લઝીના આમનુ અતિઉલ્લાહ વ અતિઉર્રરસૂલ વ ઉલિલ અમ્રે મિન્કુમ'**ને નાઝિલ ફરમાવી તો મેં અરજ કરી, યા રસૂલિલ્લાહ ! અમે ખુદાને અને તેના રસૂલને તો ઓળખીએ છીએ પરંતુ ઉલિલ અમ્ર કોણ છે કે જેમની ઈતાઅતને ખુદા તઆલાએ પોતાની ઈતાઅતની નજીક કરેલ છે ? જનાબે રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું, તેઓ મારા જાનશીન છે, હુજ્જતે ખુદા છે, મારી ઉમ્મત પર તેઓમાંના પહેલા અલી ઈબ્ને અબિતાલીબ(અ.) છે પછી હસન(અ.), પછી હુસૈન(અ.) અને પછી

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

# કુરઆની દુઆઓ

૯

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

رَبَّنَا اغۡفِرۡ لَنَا ذُنُوۡبَنَا وَ اِسۡرَافَنَا فِیۡۤ اَمۡرِنَا وَ ثَبِّتۡ اَقۡدَامَنَا وَ انۡصُرۡنَا عَلَی الۡقَوۡمِ الۡکٰفِرِیۡنَ ﴿۱۴۷﴾

**રબ્બનગ્ફિર લના ઝોનૂબના વ ઈસ્રાફના ફી અમ્રેના વ સબ્બિત અકદામના વન્સુરના અલલ કૌમિલ કાફેરીન.**

(પારો-૩, સૂરએ આલે ઈમરાન, આયત-૧૪૭)

અર્થ : અય અમારા પરવરદિગાર ! અમારા ગુન્હાઓને અને અમારા તે મામલાઓને કે જેમાં અમે હદ બહાર ગયા હોઈએ, માફ કરી દે અને દુશ્મનોના મુકાબલામાં અમારા કદમ જમાવી રાખ અને તે નાસ્તિકો વિરૂધ્ધ અમારી સહાયતા કર.)

અલી બિન હુસૈન(અ.) છે. પછી મોહંમદ ઈબ્ને અલી(અ.) કે જેઓ તૌરેતમાં બાકિર(તરીકે) મશહૂર છે, નજીક છે કે તું એમનાથી મળે, જે વખતે તું તેમની મુલાકાત કરે તો તેમને મારા તરફથી સલામ કહેજે, પછી જાફર સાદિક બિન મોહંમદ(અ.). પછી મૂસા બિન જાફર(અ.) પછી અલી બિન મૂસા(અ.) પછી મોહંમદ બિન અલી(અ.) પછી અલી બિન મોહંમદ(અ.) પછી હસન બિન અલી(અ.) છે અને પછી હુજ્જતે ખુદા મોહંમદ બિન હસન બિન અલી(અ.) છે કે જે પોતાના શીઆહો અને મિત્રોની નજરોથી ગાયબ અને છૂપાયેલા રહેશે.

ઉપર જણાવેલા બાર ઈમામો હઝરત ઈબ્રાહીમ(અ.)ની અવલાદમાં છે અને પારા-૫, સૂરા-૪, આયત-૫૪ પ્રમાણે **'અમે તો ઈબ્રાહીમની ઓલાદને કિતાબ અને અક્કલની વાતો આપી છે**

**અને તેમને ઘણી મોટી સલ્તનત પણ આપી છે.'**

ઉપરથી સાબિત થયું કે ઈબ્રાહીમ(અ.)ની ઓલાદમાં જે ઈમામો છે તેઓ અલ્લાહ તરફથી જ કિતાબનું જ્ઞાન અને અક્કલની વાતો લઈને જ આવ્યા છે. તેમાં જરા પણ શંકા નથી.

આ ઈમામોમાંથી પહેલા ઈમામ હઝરત અલી(અ.)નો જન્મ કા'બામાં થયો અને હઝરત અલી(અ.) અને હઝરત હુસૈન(અ.) આ બે ઈમામોની શહાદત નમાઝની સ્થિતિમાં થઈ. હઝરત અલી(અ.)ની શહાદત કુફાની મસ્જિદમાં સવારની નમાઝ પઢતી વખતે અબ્દુર્રહમાન ઈબ્ને મુલ્જિમે તલવાર માથામાં મારીને કરી હતી અને ઈમામ હુસૈન(અ.)ની શહાદત કરબલાના મેદાનમાં અસરની નમાઝના સમયે જ્યારે આપે પોતાની તલવાર નમાઝ પઢવા માટે મ્યાન કરી ત્યારે સિજદાની સ્થિતિમાં શીમ્ર મલઊને ગરદન પર ખંજર ફેરવીને કરી હતી.

એ લોકો કેવા મુસલમન હતા કે જેવી રીતે ઈમામ હુસૈન(અ.) માટે નમાઝ ફર્જ હતી તેવી જ રીતે એમના માટે પણ ફર્જ હતી તેમ છતાં તેમણે નમાઝના સમયે પણ પોતાનો જંગ રોક્યો નહીં અને નમાઝનો ગેરલાભ ઉઠાવીને ઈમામ હુસૈન(અ.)ને શહીદ કર્યા.

તો જે ઈમામોએ નમાઝમાં જ પોતાની જાન કુરબાન કરી દીધી તેમનાથી વધારે રસૂલ(સ.)ની નમાઝથી વાકેફ કોણ હોઈ શકે ? વળી ઈમામ હુસૈન(અ.)તો બાળપણમાં સિજદાની સ્થિતિમાં મસ્જિદે નબવીમાં રસૂલ(સ.)ની પીઠ પર સવાર થઈ ગયા હતા અને અલ્લાહે હુકમ મોકલ્યો હતો કે જ્યાં સુધી હુસૈન(અ.) પીઠ ઉપરથી નીચે ન ઉતરે ત્યાં સુધી પોતાના સિજદાથી માથું ન ઉઠાવે.

હવે આપણે બુખારી શરીફની હદીસથી ઈમામની નમાઝને જોઈએ.

**૧. બુખારી શરીફની હદીસ :**

હઝરત ઉમર ઈબ્ને હસીન સહાબીએ કહ્યું છે કે તેમણે હઝરત અલી(અ.)ની સાથે બસરામાં નમાઝ પઢી અને તેમણે કહ્યું કે આપે અમને તે નમાઝ યાદ અપાવી દીધી કે જે (નમાઝ) અમે આં હઝરત(સ.)ની સાથે પઢ્યા કરતા હતા. પછી કહ્યું કે હઝરત અલી(અ.) જ્યારે મસ્તક ઊચું કરતા હતા અને જ્યારે ઝૂકતા હતા તે વખતે તકબીર કહેતા હતા.

**બુખારી કિતાબુલ આઝાન** બાબુત્તમામ અલ તકીબર ફિર રૂકૂઅ પારા-તીસરા, સફા-૧૮, મુત્બુઆ એહમદી પ્રેસ લાહોર.

**૨. બુખારી શરીફની હદીસ :**

અબ્દુલ્લાહે કહ્યું, મેં અને ઈમરાન બિન હસીને હઝરત અલી(અ.)ની પાછળ નમાઝ પઢી તો તેઓ જ્યારે સિજદામાં માથું લઈ જતા તો **અલ્લાહો અકબર** કહેતા અને જ્યારે સિજદામાંથી માથું ઊંચકતા ત્યારે **અલ્લાહો અકબર** કહેતા અને જ્યારે બે રકાત પઢીને કુઊદ કરીને (બેસીને) ઊભા થતા તો તકબીર કહેતા. જ્યારે નમાઝ પઢી ચૂક્યા તો ઈમરાન બિન હસીને મારો હાથ પકડ્યો અને કહેવા લાગ્યો, આજે આ માણસે અર્થાત જનાબે અલી મુર્તઝા(અ.)એ હઝરત મોહંમદ(સ.)ની નમાઝની મને યાદ દેવડાવી અથવા એવું કહ્યું કે આ માણસે આપણને આં હઝરત(સ.)ની (નમાઝ) જેવી જ નમાઝ પઢાવી.

આ હદીસોથી જાણવા મળ્યું કે રસૂલ(સ.) એ બતાવેલો નમાઝનો તરીકો જાણવો હોય તો ઈમામોથી મળશે. માટે જો આપણે નમાઝથી લાભ મેળવવો હોય તો ઈમામનો તરીકો જાણીને પોતાની નમાઝની ચકાસણી કરવી જોઈએ.

હવે આપણે કુરઆન શરીફમાં નમાઝ વિષે જે કહેવામાં આવ્યું છે તે જાણીએ.

પારા-૧, સૂરા-૨, આયત-૪૬

**'અને મુસીબતના સમયે સબ્ર તથા નમાઝ**

**વડે (અમારી) મદદ માગતા રહો અને બેશક (નમાઝ પઢવી) તે એક ભારે (કાર્ય) છે સિવાય તે લોકોના કે જેઓ નમ્ર છે કે જેઓ પોતાના પરવરદિગારની મુલાકાતની તેમજ તેની તરફ પાછા રજૂ થવાની સંપૂર્ણ ખાત્રી રાખે છે.'**

આ આયતથી જાણવા મળ્યું કે મુસીબતના સમયે નમાઝ પઢવાથી અને સબ્ર કરવાથી મદદ મળી રહે છે એટલે જો નિયમિત નમાઝ પઢતા રહીએ તો મુસીબતનો ભય રહેશે નહીં.

પારા-૧૦, સૂરા-૯, આયત-૧૮

**'અલ્લાહની મસ્જિદોને તો ફક્ત એ જ વ્યક્તિ જઈને આબાદ કરી શકે છે કે જે ખુદા અને આખેરતના દિવસ પર ઈમાન લાવ્યો હોય અને નમાઝ પઢતો રહે અને ઝકાત આપતો રહે અને અલ્લાહ સિવાય બીજા કોઈથી ભય પામે નહીં; માટે સંભવિત છે કે તેઓ હિદાયત પામેલાઓ માંહેના થઈ જાય.'**

આ આયતથી જાણવા મળ્યું કે ફક્ત તે જ નમાઝી કે જે ઈમાનદાર હોય, ઝકાત આપતો હોય અને અલ્લાહ સિવાય બીજા કોઈથી ડરતો ન હોય તે જ મસ્જિદને આબાદ કરી શકે છે. જો આવા ગુણો ન હોય અને ફક્ત નમાઝીઓનાં ટોળાં હોય તો પણ તેઓ મસ્જિદને આબાદ કરી શકતાં નથી.

પારા-૧૨, સૂરા-૧૧, આયત-૧૧૪

**'અને હે રસૂલ ! દિવસના બન્ને છેડાઓમાં અને રાત્રે નમાઝ પઢ્યા કરો નિઃસંશય નેકીઓ બદીઓને મારી હટાવે છે. બોધ ગ્રહણ કરનારાઓ માટે આ એક (ઉમદા) બોધ છે.'**

આના ઉપરથી જાણવા મળ્યું કે નમાઝ પઢવાથી બદીઓ દૂર થાય છે. આપણે ગુનેગાર બંદાઓ છીએ. આપણાથી બદીઓ થતી રહેતી હોય છે. જો નમાઝ પઢીએ તો બદીઓના લીધે મુસીબત આવવાની હોય તો તેનાથી બચી જવાય છે અને જીવન શાંતિથી પસાર થાય છે.

પારા-૧૬, સૂરા-૨૦, આયત-૧૩૨

**'તારા કુટુંબીઓને નમાઝની આજ્ઞા કર અને (તું) પોતે પણ તેનો પાબંદ રહે. અમે તારી પાસે કોઈ રોઝી નથી માગતા (પરંતુ) અમે પોતે તને રોઝી આપીએ છીએ અને સારું પરિણામ પરહેઝગારો માટે જ છે.'**

આ આયતથી જાણવા મળ્યું કે પોતે પણ નમાઝ પઢવી તેમજ પોતાના કુટુંબીઓને પણ આજ્ઞા કરવી. આ અલ્લાહનું ફરમાન છે. અને તેનાથી રોઝીમાં પણ વધારો થાય છે. નમાઝથી રોઝીમાં વધારો થાય છે.

પારા-૩૦, સૂરા-૧૦૭, આયત-૪ થી ૭

**'એ નમાઝીઓની તબાહી છે કે જેઓ પોતાની નમાઝથી બેદરબાર રહે છે (અને) જેઓ (લોકોને) દેખાડવા માટે નમાઝ પઢે છે અને જીવનની જરૂરી વસ્તુઓ (આપવાની) ના પાડે છે.'**

નમાઝથી બેદરકાર રહેનાર અને લોકોને દેખાડવા માટે પઢાતી નમાઝોથી તબાહી આવે છે. તેનો સવાબ મળતો નથી અને તે કબૂલ પણ થતી નથી.

પારા-૧, સૂરા-૨, આયત-૨૧

**'હે લોકો ! તમે તમારા પરવરદિગારની ઈબાદત કરો કે જેણે તમને તથા જેઓ તમારી અગાઉ હતા તેમને પેદા કર્યા છે શક્ય છે કે તમે પરહેઝગાર (ગુનાહથી દૂર રહેનારા) બની જાઓ.'**

નમાઝ પઢવાથી માણસ પોતાની જાતને ગુનાહથી દૂર રાખવા શક્તિમાન થાય છે.

પારા-૮, સૂરા-૭, આયત-૩૧

**'હે આદમની ઓલાદ ! તમે દરેક નમાઝના સમયે તમારો શણગાર કરતા રહો તથા ખાઓ પીઓ અને ઉડાઉ ખર્ચ કરો નહીં નિઃસંશય ઉડાઉ ખર્ચ કરનારાઓને ખુદા દોસ્ત રાખતો નથી.'**

અહીં દરેક નમાઝના સમયે પોતાનો ઉત્સાહ બતાવનારને, શોખથી તૈયાર થઈને આવનારને અલ્લાહ પસંદ કરે છે. પરંતુ ફક્ત વેઠ ઉતારવા

માટે નમાઝ પઢવા જે આવતા હોય તેમને અલ્લાહ પસંદ કરતો નથી.

પારા-૫, સૂરા-૪, આયત-૧૦૩

**'પછી જ્યારે તમે નમાઝ પૂર્ણ કરી ચૂકો તો ઊઠતાં બેસતાં અને સૂતાં (દરેક સ્થિતિમાં) અલ્લાહને યાદ કરતા રહો.'**

આ આયતથી જાણવા મળ્યું કે ફક્ત નમાઝના સમયે જ અલ્લાહ તરફ ધ્યાન આપો એટલું જ નહીં, પરંતુ નમાઝ પછી પણ અલ્લાહ તરફ ધ્યાન રહેવું જોઈએ અને અલ્લાહ તરફ ધ્યાન રહે તો જ તેને યાદ કરી શકીએ.

પારા-૧૬, સૂરા-૨૦, આયત-૧૨૪

**'અને જે વ્યક્તિએ મારી યાદથી મોઢું ફેરવ્યું તો તેની જિંદગી ઘણી જ તંગીમાં પસાર થશે અને અમે તેને કયામતના દિવસે આંધળો કરીને ઊઠાવીશું.'**

અલ્લાહની યાદ કરતા રહેવાથી દુનિયામાં પણ લાભ થાય છે અને જીવન સારી રીતે પસાર થાય છે નહિતર દુનિયામાં પણ નુકસાન અને આખેરતમાં પણ નુકસાન.

પારા-૧૬, સૂરા-૨૦, આયત-૧૩૦

**'માટે હવે આ (કુફ્ફાર લાકો) જે કાંઈ કહે છે તેને સહન કરી લે અને સૂર્યોદય પહેલાં તથા તેના અસ્ત થતાં પહેલાં તારા પરવરદિગારની હમ્દ(તારીફ)ની તસ્બીહ પઢ્યા કર અને રાતની ઘડીઓમાં તથા દિવસના કિનારાઓમાં તસ્બીહ કરો જેથી તમે ખુશ રહો.'**

લોકોનાં મહેણાં ટોણાં તથા દિલ દુ:ખાવનારી વાતોથી બચવા માટે સવારે, સાંજે અને રાત્રે અલ્લાહની તસ્બીહ પઢવી જોઈએ જેથી આપણાં દિલોને આપણે ખુશ રાખી શકીએ.

પારા-૯, સૂરા-૭, આયત-૨૦૫

**'અને તારા મનમાં તારા પરવરદિગારને ઊંચા સાદે નહીં પણ કરગરીને તથા ડરતાં ડરતાં સવાર સાંજ યાદ કરતો રહે અને તેની યાદથી મુદ્દલ ગાફિલ ન રહે.'**

અહીં અલ્લાહે યાદ કરવાની પધ્ધતિ બતાવી કે બહુ ઘોંઘાટ કરવાની જરૂર નથી પરંતુ મનમાં અલ્લાહને યાદ કરો.

પારા-૧૩, સૂરા-૧૩, આયત-૨૮

**'આ એ જ લોકો છે કે જેઓ ઈમાન લાવ્યા અને જેમના દિલોને અલ્લાહની યાદથી જ શાંતિ મળે છે; યાદ રાખો કે ખુદાની યાદથી દિલોને શાંતિ મળે છે.'**

કેટલાક લોકો દુ:ખોને ભૂલી જવા માટે શરાબ પીએ છે અથવા તો ખોટાં કામો તરફ જાય છે. અલ્લાહ ફરમાવે છે કે ફક્ત મારી યાદથી જ તમને શાંતિ મળવાની છે, તે સિવાય બીજે ફાંફાં મારવાથી શાંતિ નહીં મળે.

પારા-૨, સૂરા-૨, આયત-૧૫૨

**'માટે તમે મારી યાદ કરતા રહો હું તમારી યાદ કરતો રહીશ અને મારો આભાર માનો અને નગુણા બનો નહીં.'**

આ આયતથી જાણવા મળ્યું કે જેમ જેમ આપણે અલ્લાહની યાદ કરતા રહીએ છીએ તેમ તેમ અલ્લાહ પણ આપણને યાદ કરતો રહે છે.

પારા-૨, સૂરા-૨, આયત-૨૦૦

**'પછી જ્યારે તમે હજની ક્રિયાઓથી પરવારી જાઓ ત્યારે અલ્લાહને એવી રીતે યાદ કરો કે જેવી રીતે તમારા બાપદાદાને યાદ કરો છો અથવા તે કરતાં ય વધારે.'**

આ આયતમાં અલ્લાહ ફરમાવે છે કે તમારા બાપદાદાને યાદ કરો છો તેવી રીતે અલ્લાહને યાદ કરો. તો આપણે તસ્બીહ લઈને યા બાપદાદા ! યા બાપદાદા! કરીને યાદ કરતા નથી પરંતુ બાપદાદાએ પોતાના જમાનામાં કરેલાં સારાં કાર્યો યાદ કરીએ છીએ. તો અલ્લાહને આપણે તેણે કરેલાં, કાર્યોથી યાદ કરી શકીએ. આપણી નજર આકાશ તરફ

જાય, સૂરજ, ચાંદ, તારા, જમીન, દરિયા, પહાડ, ઝાડ, નદી, વગેરે તરફ નજર જાય અને આપણે અલ્લાહને યાદ કરીએ કે અલ્લાહે કેવાં ઉપયોગી અને મહાન કાર્યો કર્યાં છે તો આ પણ અલ્લાહનો ઝિકર કહેવાય. વળી હદીસે કિસાઅમાં હઝરત જાબિરે હઝરત ફાતેમા(અ.)થી રિવાયત કરી છે તેમાં કહ્યું છે કે અલ્લાહે આસમાન, જમીન, ચાંદ, સૂરજ અને ગતિ કરતું સૂર્ય મંડળ (ફલક) વહેતી નદી અને તેના પર કશ્તિ જે તરી રહી છે, આ બધી વસ્તુઓ પંજેતન પાકની મહોબ્બતમાં બનાવી છે. અને પંજેતન પાકને અલ્લાહે પોતાના નૂરથી બનાવ્યા છે. તો આપણે પંજેતન પાકનો, એહલેબયતનો ઝિકર કરીએ તો તે પણ અલ્લાહનો ઝિકર કહેવાશે. તો પંજેતન પાકનો ઝિકર કરીશું તો અલ્લાહ આપણો ઝિકર કરશે અને આપણને યાદ રાખશે.

પારા-૬, સૂરા-૫, આયત-૩૫

**'હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહનો ભય રાખો અને તેના સુધી પહોંચવાનો વસીલો શોધો તથા તેના માર્ગમાં અંતઃકરણપૂર્વક પ્રયત્ન કરો કે જેથી તમે સફળતા મેળવો.'**

અલ્લાહે દિવસમાં પાંચ વખત નમાઝ ફર્જ કરી છે જેની નિય્યત છે કે હું ફલાણી નમાઝ પઢું છું કુરબતન ઈલલ્લાહ એટલે કે નમાઝ આપણને અલ્લાહની કુરબતને પાંચ વખત યાદ દેવડાવે છે. આ આયતમાં આપણે જોયું કે અલ્લાહ ઈમાન લાવનારાઓને હુકમ કરે છે અલ્લાહ સુધી પહોંચવાનો આધાર શોધો. તો જો આપણે પાંચ વખત નમાઝમાં નિય્યત કરીએ, કુરબતન ઈલ્લલ્લાહની અને તેના સુધી પહોંચવાના વસીલાની શોધ ન કરીએ તો અલ્લાહ કહેશે કે તું નમાઝ પઢતો નથી પરંતુ ઢોંગ કરે છે. લોકોને બતાવવા માટે પઢે છે. મારા માટે નમાઝ પઢતો નથી.

તો આપણે આ આયત પર મનન કરીશું તો જાણવા મળશે કે અલ્લાહે પોતાના સુધી પહોંચવાનો વસીલો બનાવ્યો છે. માટે જ તો હુકમ કરે છે કે તેની શોધ કરો. જે વસ્તુનું અસ્તિત્વ જ ન હોય તેને શોધવાનો અલ્લાહ હુકમ ન કરે. વળી વસીલો અલ્લાહે જ બનાવ્યો હોવો જોઈએ. લોકો પોતાની મરજીથી ગમે તેને વસીલો સમજી લે તો તે વસીલો અલ્લાહ સુધી પહોંચાડશે નહીં.

તો આપણને હદીસે કિસાઅથી જ જાણવા મળે છે કે જીબ્રઈલ અલ્લાહ તરફથી આવીને રસૂલ(સ.)ને સંદેશો પહોંચાડે છે કે આકાશ, જમીન, ચાંદ, દરિયા એટલે કે અલ્લાહની બધી જ મખ્લૂક પંજેતન પાકની મહોબ્બતમાં જ પેદા કરી છે. જો પંજેતન પાકને પેદા ન કરત તો આ બધી વસ્તુઓને પેદા ન કરત એટલે કે દરેક વસ્તુનું પેદા થવાનું કારણ પંજેતન પાક છે. વળી આ જ હદીસમાં પારા-૨૨, સૂરા-૩૩, આયત-૩૩ પ્રમાણે હઝરત જીબ્રઈલ રસૂલ(સ.)ને અલ્લાહનો સંદેશો પહોંચાડે છે કે જ્યારે પંજેતન પાક ચાદરમાં આવી જાય છે ત્યારે કહે છે કે **હે એહલેબયત ! ખુદા તો બસ એ જ ઈચ્છે છે કે તમને દરેક બૂરાઈથી દૂર રાખે અને જે પવિત્ર રાખવાનો હક છે તેવાં પવિત્ર રાખે.** (પંજેતન પાકની શાનમાં છે જુઓ તફસીરે દુર્રે મન્સુર મુલ્લા જલાલુદ્દીન સિયુતિ, જીલ્દ-૫, સફા ૧૯૮, ૧૯૯)

પારા-૨૨, સૂરા-૩૩, આયત-૫૬

**'નિઃસંશય અલ્લાહ તથા તેના ફરિશ્તા નબી પર (અને તેની આલ પર) દુરૂદ મોકલતા રહે છે માટે હે ઈમાન લાવનારાઓ ! તમે પણ તેના (અને તેની આલ) પર દુરૂદ મોકલો અને એવી રીતે સલામ મોકલો જેવો કે સલામ મોકલવાનો હક્ક છે.'** (ઈમામ શાફઈએ ફરમાવ્યું - **'અય રસૂલની એહલેબયત ! ખુદાએ તમારી મહોબ્બત કુરઆનમાં ફરજ કરી દીધી છે તમારા મરતબાની બુઝુર્ગીમાં એટલે સુધી કાફી છે કે નમાઝમાં જે**

**માણસ તમારા પર દુરૂદ ન મોકલે તેની નમાઝ સહીહ નથી.'** -જુઓ **તફસીરે દુર્રે મન્સુર**, જીલ્દ-૫, સફા-૨૧૬, મત્બુએ મિસર)

આ આયતોથી સાબિત થયું કે અલ્લાહે એહલેબયતને વસીલો બનાવ્યો છે માટે જ તો તમને પાકો પાકીઝા રાખ્યાં, દરેક બૂરાઈથી દૂર રાખ્યાં અને તેમના પર અલ્લાહ અને ફરિશ્તા દુરૂદ મોકલી રહ્યા છે.

બીજું મુબાહેલા વખતે પણ હઝરત રસૂલ(સ.) પોતાની એહલેબયતને લઈને જ નસારાઓ સામે નીકળ્યા હતા અને નસારાઓ તેમને જોઈને જુઠ્ઠાઓ પર લાઅનત કરવાથી ડરી ગયા હતા.

માટે જો આપણે નમાઝ કુરબત ઈલ્લલ્લાહ પઢીએ તો તેના વસીલાથી દૂર પણ ન રહીએ અને તેના વસીલાની સાથે રહીને નમાઝ પઢીશું તો આપણી ઈબાદત કબૂલ થશે અને અલ્લાહ રાજી થશે. *

## ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ

**મુ.પો. સવગઢ, ઝહીરાબાદ, હિંમતનગર. ફોન : ૨૨૩૨૨૦**

**મોમિન ભાઈઓ તરફથી મળેલ સ્વૈચ્છિક યોગદાન**

રૂા.૧૮૬૫૦/- મો.ગુલામઅબ્બાસ નુરભાઈ થાવરા(ઈલોલ તલાવ)તરફથી ડબલ ડૉર રેફ્રીજરેટર
રૂા.૨૧૧૨૦/- મો.મંજૂરઅલી યુસુફભાઈ પટેલ(ઈલોલ તલાવ)તરફથી ડનલોપ ગાદલા-ઓશિકા સેટ નં.૧૨
રૂા.૧૧૨૦૦/- મો.શરીફભાઈ યુસુફભાઈ પટેલ(મહેરપુરા)તરફથી ડનલોપ ગાદલા-ઓશિકા સેટ નં.૫ અને ચાદર નં.૨૪
રૂા.૫૨૮૦/- મો.તાહેરઅલી કાસમભાઈ દેધરોટીયા(કનાઈ)તરફથી ડનલોપ ગાદલા નં.૩
રૂા.૫૨૦૦/- મો.ઈન્તેખાબઅલી ગુલામભાઈ ખણુશીયા(કનાઈ)તરફથી સિલીંગ ફેન નં.૪

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા તમામ દાતાઓના હકમાં દુઆ ગુઝારે છે.


HDFC STANDARD LIFE INSURANCE
Sar Utha ke Jiya

**Mo. 98258 81814**



## નજરઅલી યુનુસભાઈ પીયારજી

**GOLD CLUB MEMBER : HDFC SLIC**

**ઓફિસ** : ડાયમંડ એસ્ટેટ, સહયોગ હોટલની પાછળ,
ને.હા.નં.૮, ગામ-મોતાલી-અંકલેશ્વર, જી.ભરૂચ
ફોન નં. ૯૮૨૫૮ ૮૧૮૧૪

**રહેઠાણ** : ગામ-સેદ્રાણા, તા.સિધ્ધપુર, જી.પાટણ
ફોન નં. : ૨૨૬૬૦૩

**પાક પરવરદિગારના કરમથી સતત ૬ વર્ષથી આપની સેવામાં હાજર**

**શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના વીમેદારોને અંતઃકરણપૂર્વક સહકાર બદલ આભાર**

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya

**જીવનવીમા તથા રોકાણના નવીન તથા જુના કામકાજ માટે સંપર્ક કરો.**

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya

# હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ

**મજલિસ નં. ૧૧**

અઉઝોબિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ.

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્હમ્દોલિલ્લાહે રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા મોહંમદીંવ વ આલેહીત તૈયેબીન. (સલવાત)

હઝરત ઈમામ હુસૈન(અ.) આગળ ફરમાવે છે કે -

**અય વો કે જીસકો બંદોં કે ગુનાહ નુકસાન નહીં પહુંચાતે.** અલ્લાહ તું એવો છે કે તારા બંદા ગુનાહ કરે તો તને કોઈ નુકસાન પહોંચતું નથી. **ઔર વો બંદોં કી ઈતાઅત સે મુસ્તગ્ની હૈ.** અને અલ્લાહ એવો છે કે બંદાઓ એનું કહેવું માને કે ન માને, એને કોઈ ફેર પડતો નથી. **ઔર અમલે સાલેહ અંજામ દેનેવાલે કો ખુદા અપની રહેમતોં એઆનત સે તૌફીક દેનેવાલા હૈ.** જે કોઈ પણ નેક કાર્ય કરે તેને અલ્લાહ પોતાની રહેમત વડે એઆનત એટલે કે પીઠબળ અને તૌફીક - કામયાબી આપવાવાળો છે.

**પસ હમ્દ તેરે લીયે હૈ, અય મેરે માઅબૂદ !** તારા માટે જ પ્રશંસા છે. અય મારા પૂજનીય ! **અય મેરે સરદાર ! અય મેરે માઅબૂદ ! તૂને હુકમ દીયા તો મૈંને ઉસકી નાફરમાની કી.** હું એવો છું કે તેં મને કંઈ કરવાનો હુકમ આપ્યો તો મેં તેની અવજ્ઞા કરી, માન્યું નહીં. **તૂને મુઝે રોકા તો મૈં ઉસકા મુર્તકિબ હુઆ.** તેં મને કોઈ વસ્તુથી રોક્યો તો હું તે વસ્તુ કરી બેઠો. **અબ મેરી હાલત ઐસી હૈ કે મેરે પાસ કોઈ વજહ નહીં જો મૈં ઉઝર કે તૌર પર પેશ કરું.** હવે મારી પરિસ્થિતિ એવી થઈ ચૂકી છે કે હું કોઈ પણ બહાનાબાજી કરી શકું જ નહીં. **ઔર ન કોઈ યાવર કે જીસસે મદદ તલબ કરું.** અને મારી પાસે કોઈ દોસ્ત નથી કે જે તારી સામે મારી મદદ કરે અને તારી સજાથી મને છુટકારો મળે.

**પસ અય મેરે મૌલા ! અબ કીસ ચીઝ કે સહારે તેરે સામને આઉં ?** હવે તારી સામે હું આવું તો કઈ વસ્તુનો સહારો લઈને આવું ? **અપની સમાઅત કે ઝરીયે યા અપની બસારત કે ઝરીયે?** હું મારી દષ્ટિના સહારાથી તારી સામે આવું કે મારી શ્રવણ શક્તિને લઈને આવું ? **અપની ઝબાન કે ઝરીયે યા અપને હાથ કે ઝરીયે ?** મારી જીભ લઈને આવું કે મારા હાથ લઈને આવું ? **યા ફિર અપને પૈર કે ઝરીયે ?** અથવા તો પગ લઈને આવું ? **કયા યે સબ મેરે પાસ તેરી નેઅમતેં નહીં હૈ ?** આ બધી વસ્તુઓ મારી એટલા માટે છે કે તેં મને આપી છે. **ઔર ક્યા ઈન સબસે મૈંને તેરી નાફરમાની નહીં કી હૈ ?** આ બધી વસ્તુઓ વડે મેં જ તારા ગુનાહ કર્યા છે, તારી નાફરમાની કરી છે. **અય મેરે મૌલા! તેરે પાસ મેરે ખિલાફ તેરી હુજ્જતો દલીલ મૌજુદ હૈ.** તારી પાસે તો મારા વિરુધ્ધ બધા પુરાવા છે. **અય વો કે જીસને મેરી કમીયાં મેરે મા-બાપ સે ભી મખ્ફી રખ્ખી.** મારી ત્રુટિઓ હતી તે મારા મા-બાપથી પણ તેં છૂપાવી રાખી છે (જેથી) તેમનો ય ઠપકો મને ન મળે. **ઔર ઉનકી ઝજરો તૌબીખ સે બચાયા.** અને આવી રીતે તેમના ઠપકાથી પણ મને બચાવી લીધો. **કબીલેવાલોં ઔર ભાઈબંદોં કે તા'નોં સે મહેફૂઝ રખ્ખા.** આવી રીતે મારી ત્રુટિઓને છૂપાવી રાખીને મારા કબીલા - ખાનદાનવાળાઓ અને દોસ્તોના મ્હેણાઓથી પણ બચાવી રાખ્યો. **ઔર બાદશાહોં કે ઉકાબ સે મુઝકો બચાયે રખ્ખા.** અને બાદશાહો - જે રાજ કરતા

હોય જે પણ જમાનામાં હાલ રાજકારણીઓ ગણાય છે. એવી રીતે પહેલાંના જમાનામાં રાજાઓ ગણાતા હતા, તે લોકોને પણ આપણી ત્રુટિઓ ખબર પડી જાય તો તરત જ સજાને પાત્ર થઈ જઈએ આપણે. પણ અલ્લાહ છૂપાવી રાખે છે અને આવી રીતે આપણને સુરક્ષા પૂરી પાડે છે. **ચુનાંચે, અય મેરે માલિક ! અગર ઈન સારી બાતોં કા સબકો પતા ચલ જાતા કે જીસસે તૂ મુત્તલઅ હૈ તો વો મુઝકો મોહલત ન દેતે.** આ બધા જ લોકો જો મારી ત્રુટિઓને જાણી ગયા હોત તો મને જરાયે મહેતલ આપતા નહીં, **મુઝકો છોડ દેતે. ઔર મુઝસે કત્એ તઅલ્લુક કર લેતે.** મને દૂર કરી દેત, મને સજા કરત અને મારાથી બધા જ સંબંધો કાપી નાખત.

**પસ અય મેરે ખુદા ! અય મેરે સરદાર ! મૈં તેરે હુઝૂર હાઝિર હૂં.** હું તારી સામે આવેલો છું એક મુજરિમની જેમ. **ગરદન ઝુકાયે હુએ ઝલીલો આજિઝ.** મારી ગરદન ઝુકેલી છે અને હું અપમાનિત અને નિરાશ થઈ ચૂક્યો છું. **નાતવાં ઔર હકીર કી તરહ હૂં.** અશક્ત માણસ અને તુચ્છની જેમ તારી સામે હાજર થયો છું. **ન કોઈ દલીલ હૈ કે જીસકો પેશ કર સકું ઔર ન કોઈ મદદગાર હૈ.** તારી સામે મારા બચાવ માટે મારી પાસે કોઈ દલીલ નથી અને ન કોઈ મારા પક્ષમાં બોલનાર મોજુદ છે **કે જીસસે મદદ તલબ કર સકું ઔર ન કોઈ હુજ્જત રખતા હૂં કે તેરે સામને લા સકું.** મારી પાસે કોઈ હુજ્જત પણ નથી કે તારી સામે પ્રસ્તુત કરી શકું. **ઔર ન યે કેહ સકતા હૂં કે મૈંને યે ગુનાહ નહીં કીયા.** અને આ વાત તો કહી શકતો જ નથી કે મેં આ ગુનો કર્યો જ નથી. **યા યે બૂરાઈ અંજામ નહીં દી.** અથવા તો આ બૂરાઈ મેં કરી નથી. **ઔર ઈન્કાર મુમ્કીન ભી નહીં હૈ.** હું આ બધી મારી ભૂલોનો ઈન્કાર કરી શકવાની સ્થિતિમાં જ નથી.

**અય મેરે મૌલા ! અગર ઈન્કાર કરું ભી તો વો મેરે લીયે કયું કર ફાયદેમંદ હો સકતા હૈ ?** જો હું તારી સામે આ બધી વસ્તુઓનો ઈન્કાર કરી દઉં તો પણ મારા માટે ફાયદેમંદ વાત નહીં હોય. **દર આં હાલિકા આ'ઝાઓં જવારેહ સબકે સબ મેરે ખિલાફ ગવાહી પર તૈયાર હૈ.** મારા શરીરના બધા અવયવો મારા વિરુધ્ધ સાક્ષી પૂરવા તૈયાર છે. તો પછી મારો ઈન્કાર શું કામનો ? **કીસી શક કે બગૈર મૈં યકીન સે જાનતા હૂં કે તૂ મુઝસે ઈન બડે બડે કામોં કે બારે મેં સવાલ કરનેવાલા હૈ** મને કોઈ શંકા નથી હું યકીનથી કહી શકું છું તું મને આ બધા મોટા મોટા ગુનાહો વિશે સવાલ કરવાવાળો જ છે. **તૂ વો હાકિમે આદિલ હૈ જો કીસી પર ઝુલ્મો ઝિયાદતી નહીં કરતા.** તું એવો હાકિમે આદિલ - ઈન્સાફવાળો શાસક છે, યા અલ્લાહ ! તું કે જે કોઈની ઉપર જુલ્મ અને ઝિયાદતી કરતો નથી. **લેકીન તેરી અદાલત ભી મેરે લીયે હલાકકૂન હૈ.** પરંતુ તું ઈન્સાફ કરશે તો હું હલાક થઈ જઈશ કારણ કે મેં ગુનાહ એટલા બધા કર્યા છે. **ઔર મૈં તેરે અદલો ઈન્સાફ સે હિરાસાં હૂં.** તારા અદલ, તારા ઈન્સાફનો ડર મારા દિલમાં છે. **પસ અય માઅબૂદ ! અગર તૂ મુઝે અઝાબ મેં મુબ્તેલા કરે તો યે મુઝ પર તેરી હુજ્જત કાયમ હોને કે બાદ મેરે ગુનાહોં કી વજહ સે હોગા.** જો તું મારા ઉપર અઝાબ નાઝિલ કરી પણ દે તો ય આ મારા ગુનાહોના કારણે જ હશે. તેં મારા ઉપર ઝિયાદતી કરી નહીં હોય. **ઔર અગર તૂ માફ કર દેગા તો યે તેરે હિલ્મ ઔર જૂદો કરમ કી વજહ સે હોગા.** અને જો તું મને માફ કરી દેશે તો આ તારી સહનશીલતા અને તારી સખાવતના કારણે હશે.

હઝરત ઈમામ હુસૈન (અ.સ.) અહીં કુરઆન શરીફની આયત તિલાવત ફરમાવે છે કે **લાઈલાહા ઈલ્લા અન્ત સુબ્હાનક ઈન્ની કુન્તો મેનઝ્ઝાલેમીન** (સૂરએ અંબિયા, આયત નં. ૮૭) હવે આ આયતનો તરજુમો - **તેરે સિવા કોઈ**

**માઅબૂદ નહીં હૈ. તૂ પાકો બેનિયાઝ હૈ, બેશક મૈં હી અપને નફ્સ પર ઝુલ્મ કરનેવાલા હૂં.** તારા સિવાય કોઈ ખુદા નથી. તું દરેક વસ્તુથી લા ઉબાલી છે. ખરેખર હું જ જુલ્મ કરવાવાળો એટલે કે પોતાના નફ્સ ઉપર જુલ્મ કરનાર, ગુનેહગાર પણ જુલ્મ કરનાર કહેવાય ઈસ્લામમાં, કારણકે એણે પોતાની જાત ઉપર જુલ્મ કર્યો હોય છે. હું જ જુલ્મ કરવાવાળો છું.

આ આયત પછી હવે ઈમામ હુસૈન(અ.) એમની બીજી દુઆ કે જે હવે માગશે જે આપણે વાંચીશું. એ બધી આ આયત પરથી માગવાના છે. તે દરેકમાં અરબીમાં **લાઈલાહા ઈલ્લા અન્તા સુબ્હાનક ઈન્ની કુન્તો** - આટલું કહીને પછી વિશ્લેષણ બદલાઈ જાય છે. **તો તેરે સિવા કોઈ માઅબૂદ નહીં હૈ. તૂ પાકો મુનઝઝા હૈ. બેશક મૈં ઈસ્તિગ્ફાર કરનેવાલોં મેં હૂં.** ઈમામ હુસૈન (અ.સ.) આગળ ફરમાવે છે કે યા અલ્લાહ ! તારા સિવાય કોઈ ખુદા નથી. તું લા ઉબાલી છે. ખરેખર હું માફી માગનારાઓમાંથી છું. **તેરે સિવા કોઈ માઅબૂદ નહીં હૈ. તૂ પાકો બેનિયાઝ હૈ. બેશક મૈં તેરી વહેદાનિયત કા ઈકરાર કરનેવાલોં મે સે હૂં.** તારા સિવાય કોઈ ખુદા નથી. તું લા ઉબાલી છે. ખરેખર હું તારી તૌહીદનો ઈકરાર કરવાવાળા-ઓમાંથી છું.

**તેરે સિવા કોઈ માઅબૂદ નહીં હૈ. તૂ પાકો પાકીઝા હૈ. બેશક મૈં તુઝસે ડરનેવાલોં મે હૂં.** તારા સિવાય કોઈ ખુદા નથી. તું લા ઉબાલી છે. ખરેખર હું તારાથી ડરવાવાળાઓમાંથી છું. **તેરે સિવા કોઈ માઅબૂદ નહીં હૈ, તૂ પાકો મુનઝઝા હૈ. બેશક મૈં તેરી સત્વતસે હિરાસાં રહેનેવાલોં મે હૂં.** હું તારી ઊંચાઈથી ભયભીત રહેવાવાળો છું. **તેરે સિવા કોઈ માઅબૂદ નહીં હૈ. તૂ પાકો બેનિયાઝ હૈ. બેશક મૈં તુઝસે ઉમ્મીદ લગાનેવાલોં મે હૂં.** હું તારાથી આશા બાંધવાવાળાઓમાંથી છું. **તેરે સિવા કોઈ માઅબૂદ નહીં હૈ. તૂ પાકો બેનિયાઝ હૈ. બેશક મૈં તેરા ઈસ્તિયાક રખનેવાલોં મે સે હૂં.** હું તારી સાથે વિસાલનો - મિલનનો શોખ રાખવાવાળો છું. **તેરે સિવા કોઈ માઅબૂદ નહીં હૈ, તૂ પાકો બેનિયાઝ હૈ, બેશક મૈં તેરા કલમા પઢનેવાલોં મે હૂં.** હું તારો કલમો કહેવાવાળો છું. **તેરે સિવા કોઈ માઅબૂદ નહીં હૈ. તૂ પાકો બેનિયાઝ હૈ, બેશક મૈં સવાલ કરનેવાલોં મે હૂં.** હું તારાથી દુઆ માગવાવાળા-ઓમાંથી છું. **તેરે સિવા કોઈ માઅબૂદ નહીં હૈ, તૂ પાકો મુનઝ્ઝા હૈ, બેશક મૈં તેરી તસ્બીહ કરનેવાલોં મે હૂં.** તારી તસ્બીહ કરવાવાળાઓમાંથી છું. **તેરે સિવા કોઈ માઅબૂદ નહીં હૈ, તૂ પાકો બેનિયાઝ હૈ, બેશક મૈં તકબીર કહેનેવાલોં મે સે હૂં.** હું તારી તકબીર કહું છું. એટલે હું ગુનેહગાર તો છું જ પણ આ બધી વસ્તુઓ કે જે મારી શક્તિ પ્રમાણે ઓછી વત્તી, નાની-નાની સવાબની વાતો છે, મારા ગુનાહે કબીરાની સરખામણીમાં, પરંતુ આ બધી વસ્તુઓને તું પણ ભૂલ નહીં. ખરેખર તો અલ્લાહ ભૂલવાવાળો જ નથી. પરંતુ ઈમામ હુસૈન (અ.સ.) આવી રીતે યાદ અપાવે છે કે અલ્લાહ તેના અદલથી કામ ન લે અને ફઝલથી કામ લે. **તેરે સિવા કોઈ માઅબૂદ નહીં હૈ. તૂ પાકો બેનિયાઝ હૈ. તૂ મેરા ઔર મેરે તમામ આબાઓ અઝદાદ કા રબ હૈ.** તું મારો પણ પાલનહાર છે અને મારા વડવાઓનો પણ પાલનહાર છે. હવે ઈન્શાઅલ્લાહ કાલે.

**અલ્લાહથી દુઆ કરીએ કે અલ્લાહ આપણને ઈબાદત કરવાની નેક તૌફીક આપે અને એ ઈબાદતને પોતાની બારગાહમાં મકબૂલ કરે.**

(ઈલોલ તલાવ, તા.૨૭-૧૦-૨૦૦૯, મંગળવાર)

**G. K. Corner Solution 110**

(૧) કન્યાકુમારી (૨) ચરક (૩) ફેફસાં (૪) થર્મોમીટર (૫) એન.ઓ.સી. (૬) રીંછ (૭) ઉત્તર આફ્રિકા (૮) ચાર

# ગ ડ મ થ લ ૨૧૯


::::: સંપાદક:::::

મો.અકબરઅલી હબીબભાઈ દેધરોટીયા (કનાઈ)


| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ■ | ૭ |
| ■ | ૮ | ૯ | ■ | ૧૦ | ૧૧ | ■ | ૧૨ | ૧૩ | ■ |
| ૧૪ | ■ | ૧૫ | ૧૬ | ■ | ૧૭ | ૧૮ | ■ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ■ | ૨૩ | ૨૪ | ■ | ૨૫ | ૨૬ | ■ | |
| ■ | ૨૭ | ૨૮ | ■ | ૨૯ | ૩૦ | ■ | ૩૧ | ૩૨ | ■ |
| ૩૩ | ■ | ૩૪ | ૩૫ | ■ | ૩૬ | ૩૭ | ■ | ૩૮ | ૩૯ |
| ૪૦ | ૪૧ | ■ | ૪૨ | ૪૩ | ■ | ૪૪ | ૪૫ | ■ | |
| ■ | ૪૬ | ૪૭ | ■ | ૪૮ | ૪૯ | ■ | ૫૦ | ૫૧ | ■ |
| ૫૨ | ■ | ૫૩ | ૫૪ | ■ | ૫૫ | ૫૬ | ■ | ૫૭ | ૫૮ |
| ૫૯ | | ■ | ૬૦ | | ■ | ૬૧ | | ■ | ૬૨ |

## ::::: આડી ચાવીઓ :::::

(૧) ગુલામ (૨)
(૩) ઉત્સાહ (૨)
(૫) માંસનો લોચો (૨)
(૭) લોહી (૧)
(૮) જહન્નમ, આગ (૨)
(૧૦) અરબીમાં 'પાણી' માટેનો શબ્દ (૨)
(૧૨) તલ્લીન, મગ્ન (૨)
(૧૫) આફત (૨)
(૧૭) ઓછું (૨)
(૧૯) વાયદો (૨)
(૨૧) બાતલ, કાઢી નાખેલું(૨)
(૨૩) મનાઈ (૨)
(૨૫) સાદગીભર્યું (૨)
(૨૭) ફળ (૨)
(૨૯) નાશ (૨)
(૩૧) શ્વાસ (૨)
(૩૪) ખરાબી (૨)
(૩૬) પયગમ્બર (૨)
(૩૮) દિવાલમાં લગાવેલ કબાટ (૨)
(૪૦) રસ્તો, માર્ગ (૨)
(૪૨) ભીનાશ (૨)
(૪૪) ઊંટ (૨)
(૪૫) ક્યારે ?(૨)
(૪૭) ઈચ્છા (૨)
(૪૯) સ્પર્શ (૨)
(૫૨) અંકુશ (૨)
(૫૪) ખરાબ ટેવ (૨)
(૫૬) કિંમત (૨)
(૫૮) વેદના (૨)
(૫૯) જાંઘ (૨)
(૬૦) રિવાજ (૨)

## ::::: ઊભી ચાવીઓ :::::

(૧) પ્રશંસા (૨)
(૪) દીપક (૨)
(૬) બગીચો બનાવનાર (૨)
(૯) પેદા કરનાર (૨)
(૧૧) એક (૨)
(૧૩) સ્વર (૨)
(૧૪) દરવાજો (૨)
(૧૬) એક અરબી મૂળાક્ષર (૨)
(૧૮) એક બીમારી (૨)
(૨૦) આમંત્રક (૨)
(૨૨) ડફલી (૨)
(૨૪) ડુંટી (૨)
(૨૬) ન્યાય (૨)
(૨૮) હોઠ (૨)
(૩૦) રોટલી (૨)
(૩૨) મિલકત (૨)
(૩૩) લીલો રંગ (૨)
(૩૫) ધર્મ (૨)
(૩૭) જોઈ શકતો હોય તેવો (૨)
(૩૯) હોડી (૨)
(૪૧) અધિકાર (૨)
(૪૩) સરદાર (૨)
(૪૫) કાર્ય (૨)
(૪૭) શાશ્વતતા (૨)
(૪૯) અરબી તખ્તીનો આઠમો મૂળાક્ષર (૨)
(૫૧) હંમેશાં (૨)
(૫૨) પોતે (૨)
(૫૪) ખરાબ, સારાનો વિરોધી (૨)
(૫૬) ભીંજાયેલું (૨)
(૫૮) પુરૂષ (૨)

## ગડમથલ નં.૨૧૮નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ શ | બા | ૨ બ | ■ | ■ | ૩ ક | સ | ૪ ર | ૫ ત | ■ |
| રા | ■ | ૬ ર | ઝા | ૭ મં | દી | ■ | ૮ હે | વા | ૯ ન |
| ફ | ■ | ફ | ■ | ૧૦ ઝ | મ | ૧૧ ઝ | મ | ■ | ફ |
| ૧૨ ત | ૧૩ ફ | ■ | ૧૪ વા | ર | ■ | ય | ■ | ૧૫ યા | ર |
| ■ | ર | ■ | રિ | ■ | ૧૬ ખા | તૂ | ૧૭ ન | ■ | ત |
| ■ | ૧૮ મા | ચી | સ | ■ | ■ | ૧૯ ન | સી | ૨૦ બ | ■ |
| ૨૧ સ | બ | ■ | ■ | ૨૨ યા | ૨૩ સ | ■ | ૨૪ હ | શ | ૨૫ ર |
| ૨૬ દ | ર | બા | ર | ■ | બ્રો | ■ | ૨૭ ત | ર | ફ |
| ■ | દા | ■ | ■ | ૨૮ ઈ | ર | મ | ■ | ■ | તા |
| ૨૯ અ | ર | મા | ન | ■ | ઝ | ■ | ૩૦ ક | તા | ર |

# નજાતનો રસ્તો

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

*અંગ્રેજીમાં એક સુવાક્ય છે કે **'એ બધું જ સારું કે જેનો અંત સારો હોય.'** મેં અવલોકન કર્યું છે કે મોટા ભાગે તો જ્યારે જ્યારે કોઈ માણસ મને કોઈ પુસ્તક વાંચવાનું કે ફિલ્મ જોવાનું સૂચવે છે તો હું હંમેશાં તેને એ પૂછું છું કે તેનો **અંત** કેવો છે. હું તો માત્ર એ જ પુસ્તક વાંચું છું અથવા માત્ર એ જ ફિલ્મ જોઉં છું કે જેનો **અંત** સુખદ આવતો હોય.*

*ફિલ્મો અને પુસ્તકો કલ્પના ઉપર આધારિત કૃતિઓ હોય છે, કદાચ વાસ્તવિક જીવન સાથે તેમને સંબંધ ન પણ હોય, તેમ છતાં ય આપણને સુખદ અંત પ્રત્યે અભિરૂચિ હોય છે. તેથી જ તો જો આપણે કોઈ ઉપજાવી કાઢેલી બાબત સાથે ખૂબ સંકળાયેલા હોઈએ તો આપણને એવો વિચાર કરવાની આવશ્યકતા રહે છે કે શું આપણે વાસ્તવિક જીવન સાથે પણ સંકળાયેલા છીએ ખરા ? આપણે એવું કોઈ કાર્ય કરી રહ્યા હોઈએ છીએ ખરા કે જે આપણને એવી ખાત્રી આપે કે આપણો અંત સુખદ આવશે ?*

*ડૉક્ટર કે એન્જિનિયર અથવા કોઈ વ્યવસાયિક વ્યક્તિ બનવા માટે આપણે સખત મહેનત કરીએ છીએ જેથી કરીને આપણે ઉચ્ચ સ્થાન કે મોભો પ્રાપ્ત કરીએ અને આપણા જીવનમાં સુખ લાવીએ. આ દુનિયામાં આપણે **કોઈ નિર્ણય કરવા કે કાર્ય કરવા માટે** સંપૂર્ણપણે ક્ષમતા ધરાવતા હોઈએ છીએ પરંતુ ત્યાર પછી શું થાય છે ? આપણે આ દુનિયાને છોડી દઈએ ત્યાર પછી શું થાય છે ? આ (દુન્યવી) જિંદગી પછીની જિંદગી કે **જ્યાં આપણે હંમેશ માટે રહેવાનું છે** તે જિંદગીનો અંત સુખદ હશે એની ખાત્રી આપણને **કેવી રીતે** થાય ? મૃત્યુ પછીની જિંદગીને સુધારવા માટે આપણે **ક્યારે** કાર્ય કરવું ?*

તેથી, એનો અર્થ એવો થાય છે કે આ (દુન્યવી) જિંદગીમાં જ કે જ્યારે આપણી પાસે કાર્ય અને નિર્ણય કરવાની કાર્યક્ષમતા હોય છે તે કારણે જ તો અલ્લાહ(સુ.વ.ત.)એ આપણને **મૃત્યુ પછીની આપણી જિંદગીને વધારે સુખી અને અતિ આનંદી બનાવવા માટેની રીતો** સૂચવેલી હોવી જ જોઈએ. તો પછી ચાલો આપણે બધા **નજાતના રસ્તાને** શોધવા માટે મથન કરીએ. અલ્લાહ(સુ.વ.ત.)એ આપણને વચન આપ્યું છે કે જો આપણે તેની દિશા તરફ એક ડગલું ભરીશું તો તે આપણી તરફ દસ ડગલાં ભરશે. તેથી મને ડગલાં ભરવાની શરૂઆત કરવા દો. ઈન્શા અલ્લાહ અંતે તો આપણે તેને શોધી કાઢવાના જ.

અલ્લાહ(સુ.વ.ત.)એ કુરઆન દ્વારા આપણને કહ્યું છે તેથી ચાલો આપણે તેની પવિત્ર આયતોમાંથી થોડીક આયતો ઉપર ચિંતન કરીએ અને આ બાબત આપણને નજાતના રસ્તા તરફ જવા ચોક્કસપણે માર્ગદર્શન આપશે.

સૂરએ બકરમાંની નીચેની આયતોમાં અલ્લાહ (સુ.વ.ત.)એ (માણસોને) કબરમાંથી ફરીથી ઉઠાડવા અંગેની (પુનર્જીવનની) વાત કરી છે :

- **'અને ખુદા ખૂબ જ <u>જલ્દીથી હિસાબ લેનાર</u> છે... અને ખુદાથી ડરતા રહો અને યકીનપૂર્વક જાણો કે એક દિવસે તમે બધા જ <u>તેની તરફ કબરોમાંથી ઉઠાડવામાં આવશો....'</u>**

(સૂરએ બકર, આયત-૨૦૨-૨૦૩)

આ આયત જણાવે છે કે અલ્લાહ (સુ.વ.ત.) ચોક્કસપણે **હિસાબો** તપાસવાનો છે. ફરીથી આ આયત વધુમાં એ પણ જણાવે છે કે કબરમાંથી ઉઠાડવામાં આવ્યા પછી **આપણે બધાએ <u>તેની</u> સમક્ષ એકઠા થવું જ પડશે.** પરંતુ સૂરએ અન્આમમાંની નીચેની આયત જણાવે છે :

- **'તેને <u>આંખો જોઈ નથી શકતી, ન તો દુનિયામાં કે ન તો આખેરતમાં</u> અને તે લોકોની નજરોને ખૂબ નિહાળે છે અને તે મહાન સુક્ષ્મદર્શી જાણકાર છે....'** (સૂરએ અન્આમ, આયત-૧૦૩)

આનાથી તો કદાચ આપણે ગૂંચવાડામાં પડી જઈએ કેમકે આપણને એવું લાગે છે કે **જો તે દેખાવાનો જ ન હોય** તો પછી તેણે શા માટે એવું કહ્યું કે આપણે બધાએ **તેની સમક્ષ એકઠા થવાનું છે ?** ઉપરની બન્ને આયતો સાચી છે અને એના ઉપર તો આપણું ઈમાન છે. આ બાબત આપણને એવો વિચાર કરવા તરફ દોરી જાય છે કે અલ્લાહ(સુ.વ.ત.)એ **પોતાના પ્રતિનિધિઓને** નિયુક્ત કરેલા જ હોવા જોઈએ કે જેઓ **તેના વતીથી ન્યાય કરવાના કાર્યનું સંચાલન** કરશે. આ બધા પ્રતિનિધિઓ અલ્લાહ(સુ.વ.ત.) તેમને જેવા બનાવવા ઈચ્છતો હશે **એવા જ દિવ્ય, એવા જ ન્યાયી, એવા જ પવિત્ર અને એવા જ સમર્થ** હોવા જ જોઈએ. તો પછી એ બધા છે કોણ ?

સૂરએ કાફમાં કુરઆન ફરમાવે છે :

- **'અને દરેક નફસ એવી શાનથી આવશે કે <u>એક હાંકનારો</u> અને <u>એક સાક્ષી</u> તેની સાથો સાથ હશે.'** (સૂરએ કાફ, આયત-૧૯ થી ૨૧)
- **અને <u>હાંકનાર</u> અને <u>સાક્ષીને</u> હુકમ થશે કે <u>તમે બન્ને દરેક ઈન્કારીને, શિરજોરને જહન્નમમાં નાખી દો...</u>** (સૂરએ કાફ, આયત-૨૪)

ઉપરોક્ત આયત **રસૂલ(સ.) અને મૌલા અલી(અ.) બન્ને**નો સંદર્ભ આપે છે કેમકે એ બન્ને એ છે કે જેઓ પાપ કરનારાઓને **જહન્નમની આગમાં** નાખશે.

(સંદર્ભ : મસ્નદ, એહમદ બિન હમ્બલ)

આજ કારણે રસૂલ(સ.)એ મૌલા અલી(અ.)ની બાબતમાં આવું ફરમાવ્યું હોવું જોઈએ કે -

- **'અલી <u>જન્નત</u> અને <u>દોઝખની વહેંચણી</u> કરનાર છે.'**

(સંદર્ભ : સવાએકે મોહર્રકા, પેજ-૧૨૬, યનાબેઉલ મોવદ્દત, ભાગ-૧, પેજ-૧૬૩)

→ અલ્લાહ(સુ.વ.ત.) **ન તો આ દુનિયામાં દેખાવાનો છે કે ન તો બીજી દુનિયામાં આપણે તેને જોઈશું.** અલ્લાહ(સુ.વ.ત.)એ કયામતના દિવસે **રસૂલ(સ.)ને અને મૌલા અલી(અ.)ને ન્યાયાધીશ તરીકે** પસંદ કર્યા છે કે જેઓ ગુનેગારોને સજા કરશે અને મોમિનોને (તેમના સત્કાર્યોનો) બદલો આપશે. અલ્લાહ (સુ.વ.ત.) તેમને જેવા બનાવવા ઈચ્છતો હશે **એવા જ દિવ્ય, એવા જ ન્યાયી, એવા જ પવિત્ર અને એવા જ સમર્થ** તેઓ છે, છેવટે તો તેઓ અલ્લાહના વતીથી નિર્ણય કરી રહ્યા છે. તેથી જ્યારે અલ્લાહ એવું કહે છે કે આપણે બધાએ તેની સમક્ષ એકઠા થવાનું છે, તો તાર્કિક રીતે એવું લાગે છે કે આપણને **રસૂલ(સ.) અને મૌલા અલી (અ.)ની સન્મુખ એકઠા કરવામાં આવશે** અને આ રીતે જો આપણે તેમને વફાદાર રહીશું તો આપણા જીવનનો અંત સુખદ લાવી શકીશું.

ચાલો આ દિશામાં આપણે થોડાંક વધુ ડગલાં ભરીએ. આદમ(અ.)ના જન્મની બાબતમાં કુરઆન નીચેની આયતોમાં ફરમાવે છે :

- **'અને (અય રસૂલ(સ.) !) એ સમયને યાદ કર કે) જ્યારે તારા પરવરદિગારે ફરિશ્તાઓને કહ્યું કે હું <u>એક આદમીને</u> ગુંદેલી માટીથી કે જે સૂકાઈ જઈને ખણ ખણ અવાજ કરવા લાગે, <u>પેદા કરનાર છું.'</u>**
- **'તો જે વખતે <u>હું તેને પૂરેપૂરો બનાવી ચૂકું અને</u>**

**<u>તેમાં મારી (રૂહમાંથી) રૂહ ફૂંકી દઉં</u> તો તમે બધા જ <u>તેની સામે સિજદામાં ઝુકી જજો.'</u>**

(સૂરએ હિજ્ર, આયત-૨૮-૨૯)

અલ્લાહ(સુ.વ.ત.)એ આદમ(અ.)નું સર્જન કર્યું, તેમને **પરિપૂર્ણ કર્યા** અને ત્યાર પછી તેમને પોતાના **ખલીફા** બનાવ્યા અને ફરિશ્તાઓને તેમની સામે **સિજદામાં** ઝુકી જવાનો હુકમ કર્યો. આમ બુઝુર્ગીની દૃષ્ટિએ તેઓ ફરિશ્તાઓથી ઉચ્ચ કક્ષાએ હતા. વળી આપણે એવું પણ જાણીએ છીએ કે છેવટે શયતાન તો **અલ્લાહની નાફરમાની કરવાની બાબતમાં આદમ(અ.)ને લલચાવવામાં** સફળ થયો જ. આ બાબત કેવી રીતે શક્ય છે ? હું ઘણી વાર એવું વિચારું છું કે અલ્લાહ (સુ.વ.ત.)એ આદમ(અ.)ને પરિપૂર્ણ બનાવ્યા હતા તે કારણે આદમ(અ.)માં શયતાની લાલચોને મ્હાત કરવાની સઘળી શક્તિ અને તાકાત હતી. તે શયતાન દ્વારા કેવી રીતે લલચાય? અને જો તેઓ લલચાઈ ગયા તો પછી તેમાં અલ્લાહની ઈચ્છા હોવી જ જોઈએ. **તેથી શા માટે અલ્લાહે આવું થવા દીધું ?** સમગ્ર માનવજાત આદમ(અ.)ના વંશમાંથી અસ્તિત્વમાં આવવાની હતી તે કારણે જાણે એવું લાગે છે કે અલ્લાહ (સુ.વ.ત.) આ પ્રસંગ દ્વારા માનવજાત માટે **એક આધારરૂપ દૃષ્ટાંત પૂરું પાડવા** માગતો હતો. તો એવું શું છે કે જે અલ્લાહ આપણી પાસે શોધાવવાની ઈચ્છા રાખે છે. આ માટે ચાલો આપણે નીચેની આયત ઉપર મનન કરીએ :

- **'પછી આદમે પોતાના પરવરદિગાર પાસેથી <u>(દુઆ માગવાના કેટલાક શબ્દો શીખી લીધા.)</u> આથી ખુદાએ <u>તે શબ્દોની બરકતથી</u> આદમની <u>તૌબા કબૂલ કરી લીધી;</u> બેશક તે મહાન ક્ષમાવાન દયા કરનાર છે.'** (સૂરએ બકર, આયત-૩૭)

અલ્લાહ(સુ.વ.ત.)એ આદમ(અ.)ને **માફી માગવા માટેના કેટલાક શબ્દો** શીખવાડ્યા અને આ શબ્દો દ્વારા **તેમને માફ પણ કરી દેવાયા.** હવે એ બાબત સ્પષ્ટ થઈ ગઈ કે અલ્લાહે આદમ(અ.)ને પરિપૂર્ણ બનાવ્યા પછી શયતાન દ્વારા લલચાઈ જવાની છૂટ શા માટે આપી હતી. **અલ્લાહ આવું એક આધારરૂપ ઉદાહરણ પૂરું પાડવા માગતો હતો** કે જ્યારે જ્યારે **આપણે ગુમરાહ થઈ જઈએ** અથવા તો શયતાનના પ્રલોભનોમાં લલચાઈ જઈએ તો અલ્લાહ આ **પવિત્ર શબ્દો દ્વારા આપણને પણ માફ કરી દે.**

તફસીરકારો અને ઈસ્લામના આલિમો એ બાબતે સહમત છે કે **આ પવિત્ર શબ્દો (કે જેનો ઉલ્લેખ ઉપરોક્ત આયતમાં થયેલ છે)** કે જેના દ્વારા આદમ(અ.)ને માફ કરી દેવાયા હતા તે (શબ્દો) પંજેતન પાક(અ.)નાં નામો છે એટલે કે **મોહંમદ(સ.), અલી(અ.), ફાતેમા(સ.અ.), હસન(અ.), અને હુસૈન(અ.).**

(સંદર્ભ : દૂર્રે મન્સુર, સુયુતિ, ભાગ-૧, પેજ-૧૬)

ફરીથી અલ્લાહ(સુ.વ.ત.)એ કુરઆનની નીચેની આયતોમાં ફરમાવ્યું છે :

- **'અય ઈમાનદારો ! ખુદાથી એવા ડરો જેવો કે તેનાથી ડરવાનો હક છે અને તમે (દીને) ઈસ્લામ સિવાય બીજા કોઈ ધર્મ પર કદી મરતા નહીં અને તમે બધા ભેગા મળીને <u>ખુદાની રસ્સીને મજબૂત પકડી લો.'</u>**

(સૂરએ આલે ઈમરાન, આયત-૧૦૨)

અલ્લાહ(સુ.વ.ત.) આપણને **તેની રસ્સી**ને ચુસ્ત રીતે પકડી રાખવાની ઈચ્છા રાખે છે જેથી આપણે તેના ઈમાન ઉપર અડગ રહીએ. વળી ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે **અલ્લાહની રસ્સી** અમે **એહલેબયતે મોહંમદ(સ.)** છીએ. (સંદર્ભ : ઈમામ સઅલ્બી, તફસીરે કબીર, સવાએકે મોહર્રકા, પ્રકરણ-૧૧, ભાગ-૧, ઈમામ અબુ બકર, રિશ્ફતુસ્સા'દી)

→ આપણે બધા સાચી દિશામાં થઈ રહ્યા છીએ કેમકે અલ્લાહે આપણને તેની **રસ્સી** બતાવી છે -

તે રસ્સી **એહલેબયત** છે તેથી જો આપણે તેમની સાથે મોહબ્બત રાખીએ અને તેમને **ચુસ્ત રીતે પકડી રાખીએ તો** આપણે અલ્લાહ સુધી પહોંચી શકીએ. સંજોગોવસાત્ જો આપણે અસ્થિર બની જઈએ અને જો કદાચ સીધા રસ્તાથી ચલિત થઈ જઈએ તો પેલા **પવિત્ર શબ્દો - પંજેતન પાકનાં નામો (મોહંમદ(સ.), અલી(અ.), ફાતેમા(સ.અ.), હસન(અ.) અને હુસૈન(અ.))** આપણને આપણા દુષ્કૃત્યોની **માફી એવી રીતે અપાવશે** કે જેવી રીતે આદમ(અ.)ને માફી આપવામાં આવી હતી.

આપણે જાણીએ છીએ કે અલ્લાહ (સુ.વ.ત.)એ લોકોને શિક્ષા કરવા માગતો હતો કે જેમણે નૂહ(અ.)ની નાફરમાની કરી હતી અને તેથી જ તો તેણે નૂહ(અ.)ને એક **કશ્તી** બનાવવાનો હુકમ આપ્યો હતો કે જે કશ્તી તેમને અને **તેમના નિકટના અને પ્રિયજનો**ને અલ્લાહે મોકલેલ અત્યંત ખરાબ કુદરતી, જળપ્રલયની આફતથી બચાવે. નૂહ(અ.)એ દરેક જણને કશ્તીમાં સવાર થઈ જવાનો હુકમ કર્યો પરંતુ આપના એક દીકરાએ એવું કહીને આપના હુકમની નાફરમાની કરી કે હું પહાડ પર પનાહ લઈ લઈશ કે જે મને બચાવશે. ત્યાર પછી નૂહ(અ.)એ પોતાના પુત્રને બચાવવા અલ્લાહ(સુ.વ.ત.) સમક્ષ દુઆ માગી જેના પ્રત્યુત્તરમાં અલ્લાહે આ રીતે જવાબ આપ્યો :

- **'ખુદાએ ફરમાવ્યું, અય નૂહ ! (તમે આ શું કહી રહ્યા છો) તે કદાપિ તમારી અહલમાં શામેલ નથી,** બેશક **તે ખરાબ ચાલ ચલગતવાળો છે.'**

(સૂરએ હુદ, આયત-૪૬)

નૂહ(અ.) પોતાના જમાનાના નબી હતા અને તેમના હુકમનું સન્માન કરવું અને અનુસરણ કરવું વાજિબ હતું. **તેમના પોતાના જ દીકરાએ તેમની નાફરમાની કરી અને આથી તેને ડૂબાડી દેવામાં આવ્યો અને તે મરણને શરણ થયો.**

ચાલો, હવે આપણે એ જોઈએ કે તો પછી બચાવવામાં કોને આવ્યા ?

- **'અને અમે નૂહ(અ.)ને અને કશ્તીવાળાઓને બચાવી લીધા અને તે કશ્તીને સઘળી દુનિયા માટે એક નિશાની (બોધપાઠ) બનાવી.'**

(સૂરએ અન્કબૂત, આયત-૧૫)

લોકો કે **જેમણે તેમના નબી (નૂહ(અ.))ના હુકમનું અનુમોદન કર્યું** અને **કશ્તી ઉપર સવાર થઈ ગયા** તે બધાને અલ્લાહ(સુ.વ.ત.)ના અઝાબથી બચાવી લેવામાં આવ્યા.

રસૂલ(સ.) **ખાતેમુન્નબીય્યીન (અંતિમ નબી)** છે વળી આપ **બધા નબીઓના સરદાર** પણ છે અને **તેમની સૂચનાઓ પ્રમાણે અમલ કરવો** અને તેમની **આજ્ઞાઓનું પાલન કરવું** આપણા માટે **વાજિબ** છે. આપે ફરમાવ્યું છે :

- **'જુઓ, મારી એહલેબયત નૂહ(અ.)ની કશ્તી સમાન છે, જે કોઈ તેના ઉપર સવાર થઈ ગયો, તેને બચાવી લેવાયો અને જે કોઈએ તેનાથી પોતાનું મોઢું ફેરવી લીધું તે ડૂબ્યો અને નાશ પામ્યો.'**

(સંદર્ભ : મુસ્તદરક-ઈમામ હાકિમ, ભાગ-૩, પેજ-૧૫૧)

આપે આવું પણ ફરમાવ્યું છે કે -

- **'જે કોઈ મારી માફક જીવવા અને મૃત્યુ પામવા ઈચ્છતો હોય અને મૃત્યુ પછી જન્નતના બાગમાં જવાની પ્રતિક્ષા કરતો હોય તેણે મારા પછી અલીનો પોતાના આશ્રયદાતા તરીકે સ્વીકાર કરવો જોઈએ અને એહલેબયતનું અનુસરણ કરવું જોઈએ કેમકે તેઓ બધા મારી એહલેબયત છે અને તેમને એમાંથી જ પેદા કરવામાં આવ્યાં છે કે જેમાંથી મને પેદા કરવામાં આવેલો છે અને તેમને પણ એવું જ ઈલ્મ અને સૂઝબૂઝ પ્રદાન કરવામાં આવેલ છે.'**

(સંદર્ભ : મુઝુમ્મુલ કબીરમાં તબરાની, તેમની મસ્નદમાં શાફઈ, ઈબ્ને અબ્બાસની હદીસ ઉપરથી, કન્ઝુલ અમ્માલ, ભાગ-૬, પેજ-૨૧૭, મસ્નદ

એહમદ ઈબ્ને હમ્બલ)


જેવી રીતે લોકોએ નૂહ(અ.)ની આજ્ઞાનું અનુસરણ કર્યું અને તેમની કશ્તીમાં સવાર થઈ ગયા તો તેમને પૂરના પાણીના પ્રકોપથી બચાવી લેવામાં આવ્યા હતા. બસ એવી જ રીતે આપણને પણ બધા જ પ્રકારના પ્રકોપથી અને આફતોથી બચાવી લેવામાં આવશે એ શરતે કે આપણે રસૂલ(સ.)ના હુકમને અનુસરીએ અને એહલેબયતની **કશ્તીમાં સવાર થઈ જઈએ** અને **મૌલા અલી(અ.)ને આપણા આશ્રયદાતા અને માર્ગદર્શક** ગણીએ. આ જ રસ્તો **નજાતનો રસ્તો** છે.

→ અલ્લાહ(સુ.વ.ત.)ની ઈચ્છા હતી એટલે સુધી આપણે પહોંચી ગયા. **રસૂલ(સ.) અને મૌલા અલી(અ.)** કયામતના દિવસે **નિયુક્ત થયેલા મધ્યસ્થીઓ** છે. તેથી જ તો **તેમને વફાદાર રહેવું** તે **અલ્લાહ(સુ.વ.ત.)ને વફાદાર રહેવા બરાબર છે અને તેમની તાબેદારી કરવી** એ **અલ્લાહની તાબેદારી કરવા બરાબર** છે. અને એવું કરવાથી જ આપણને નજાત મળશે. **મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.) અલ્લાહની એવી રસ્સી** છે કે જે આપણને **નજાતના રસ્તા ઉપર અડીખમ** રાખે છે. **તેમનાં પવિત્ર નામો**ના તુફયલથી **અલ્લાહ (સુ.વ.ત.) આપણા ગુનાઓ અને પાપકર્મોને માફ કરે છે.** મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.)ની **કશ્તી અવિનાશી** છે. જો આપણે તેના ઉપર **સવાર થઈ ગયા** તો આપણે બચી જઈશું. આપણને નજાત મળી જશે. ત્યાર પછી આપણે **સુખપૂર્વક જીવન જીવવાનો પરીઓની કથાઓમાં આવે છે તેવો (સુખદ) અંત** ભોગવીશું. અલ્લાહ(સુ.વ.ત.) આપણને **તેની આ રસ્સીને** મજબૂતીપૂર્વક પકડી રાખવાની અને જ્યાં સુધી આપણે જીવતા રહીએ ત્યાં સુધી **એહલેબયતની કશ્તીમાં સવાર થયેલા રહેવાની** પૂરતી તાકાત અર્પણ કરે, આમીન.*



નવાને આવકારો જુનાથી મેળવો છુટકારો

અત્યંત લાભદાયી એક્ષચેન્જ ઓફર ખાસ હોટલ ઈન્ડસ્ટ્રીઝ માટે

METRO® છેલ્લાં ૩૦ વર્ષથી હોટલ ઈન્ડસ્ટ્રીઝમાં જોડાયેલા



▶ વોટર કુલરની રેન્જ - ૧૦ થી ૫૦૦ લીટર સુધી
▶ ઓઝોન ફ્રેન્ડલી ▶ વીજળીનો ઓછો વપરાશ
▶ સ્ટેનલેસ સ્ટીલનો ઍંગલ સ્ટ્રકચર અને બોડી



OUR OTHER PRODUCTS
Window Air Conditioner • Split Air Conditioner
Water Cooler • Vertical Freezers • Deep Freezers

MKTD. BY : METRO ENGINEERING CO. (Rahimbhai)
૮, હાઈટેક કોમ્પલેક્ષ, મ્યુઝીયમ સામે, પાલડી, અમદાવાદ-૭. ફોન : ૨૬૫૮૯૬૯૮ ફેક્સ : ૦૭૯-૨૬૫૮૯૨૪૦ મો. : ૯૮૨૫૦ ૩૫૩૮૨

Mfg. By : PERFECT ENGINEERS
૮/બી, હાઈવે કોમર્શીયલ સેન્ટર, દાણીલીમડા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨. ફોન : ૨૫૩૨૬૯૧૪, ૨૫૩૨૯૨૫૬,
મો.૯૭૨૫૦૧૧૧૨૧ Email : perfectengg_1986@yahoo.co.in

# અરબી મૂળાક્ષરોનો પરિચય

### ص સાદ/સ્વાદ

આ અરબી તખ્તીનો ચૌદમો મૂળાક્ષર છે. જ્યારે ઉર્દૂનો વીસમો અને ફારસીનો સત્તરમો મૂળાક્ષર છે. અબ્જદની ગણતરી પ્રમાણે **'સાદ'**ના અદદ ૯૦(નેવું) નક્કી કરવામાં આવેલ છે. આને **સાદે મહમ્લા** અથવા **સાદે ગૈર મન્કૂતા** કહે છે. અડધો સાદ ( ص ) અર્થાત પાછળના ગોળા વગરનો સાદ ' ﷺ 'ના સંક્ષિપ્ત રૂપની નિશાની છે જે محمد ના નામ ઉપર લખવામાં આવે છે. કુરઆન શરીફના એક સૂરાનું નામ આ શમ્સી હર્ફ સાદ છે. જો એના પહેલાં **'અલ'** આવે તો **'લામ'**નો ઉચ્ચાર થતો નથી પરંતુ **'સાદ'**ને બેવડાવાય છે. દા.ત. અસ્સલાત. જીભના છેડાને નીચેના દાંત તરફ લઈ જઈને સિસોટીના જેવા અવાજ સાથે **'સ'** બોલવાથી આ ઉચ્ચાર નીકળશે.

### ض ઝાદ/ઝુવાદ

આ અરબી તખ્તીનો પંદરમો મૂળાક્ષર છે. ઉર્દૂનો વીસમો અને ફારસીનો અઢારમો મૂળાક્ષર છે. આને **ઝાદે મુઅજ્જા** અથવા **ઝાદે મન્કૂતા** (એટલે કે નુક્તાવાળો ઝાદ) પણ કહે છે. અબ્જદના હિસાબે આના ૮૦૦ (આઠસો) અદદ નક્કી થયેલ છે. અરબી ભાષાની દૃષ્ટિએ આ મૂળાક્ષર શમ્સી છે. જો આ મૂળાક્ષરના પહેલાં 'અલ' ( ال ) આવે તો **'લામ'**નો ઉચ્ચાર થતો નથી પરંતુ તેની જગ્યાએ ઝાદ બેવડાઈ જાય છે. જીભની કિનારીને આગળની દાઢ સાથે મીલાવીને **'ઝ'** બોલવાથી આનો ઉચ્ચાર નીકળશે.

### ط તોય

આ મૂળાક્ષર અરબી તખ્તીમાં સોળમા ક્રમે આવે છે. જ્યારે ઉર્દૂમાં બાવીસમા અને ફારસીમાં ઓગણીસમા ક્રમે આવે છે. અબ્જદના હિસાબથી તેના અદદ ૯ (નવ) નક્કી થયેલ છે. આ હર્ફ શમ્સી છે જેથી તેની આગળ 'અલ' ( ال ) લગાવવામાં આવે ત્યારે 'લામ'નો ઉચ્ચાર નહીં થાય અને તે બેવડાઈ જશે. દા.ત. અલ+તાહિર=અત્તાહિર. જ્યોતિષશાસ્ત્રમાં આ હર્ફ કર્કરાશિનું ચિહ્ન છે.

### ظ ઝોય

'ઝોય' ઉર્દૂનો તેવીસમો, ફારસીનો વીસમો અને અરબીનો સત્તરમો મૂળાક્ષર છે. અબ્જદની ગણતરી પ્રમાણે તેના અદદ ૯૦૦ (નવસો) નક્કી કરવામાં આવેલ છે. તેને **ઝાએ મોઅઝઝમા** અથવા **ઝાએ મન્કૂતા** પણ કહે છે. આ અરબી ભાષાનો ખાસ અક્ષર છે. તેના જેવો અવાજ દુનિયાની બીજી કોઈ ભાષામાં જોવા મળતો નથી. આ શમ્સી હુરૂફમાંથી છે તેથી જ્યારે તેની આગળ 'અલ' પ્રત્યય લગાડવામાં આવે ત્યારે 'લ' ઉચ્ચાર થતો નથી પરંતુ 'અલ' પછી આવેલ અક્ષર 'ઝ' બેવડાય છે. દા.ત. અલ+ઝાહિર= અઝઝાહિર. **'ઝોય'**નો ઉચ્ચાર કરતી વખતે આખી જીભને મોઢાના તાળવા સુધી લઈ જઈને ભરેલા મોઢે 'ઝ' ઉચ્ચાર કરવાથી **'ઝોય'**નો ઉચ્ચાર મળે છે.

### ع ઐન

'ઐન' ઉર્દૂ ભાષાનો ચોવીસમો, ફારસીનો એકવીસમો અને અરબીનો અઢારમો મૂળાક્ષર છે. અબ્જદના હિસાબે તેના અદદ ૭૦ (સિત્તેર) થાય છે. **ઐન** કુરઆન શરીમાં રૂકૂઅ પૂર્ણ થવાનો સંકેત આપે છે. તે શાયરીમાં એક ચરણની, મિસ્રાની, અડધા શેઅરની નિશાની પણ છે. તે **'અલયહિસ્સલામ'**નું સંક્ષિપ્ત રૂપ દર્શાવવા માટે શબ્દની પાછળ કૌંસમાં મૂકવામાં આવે છે. આ મૂળાક્ષર કમરી હર્ફ છે. જો તેના પહેલાં અલ ( ال ) આવે તો **'લામ'**નો ઉચ્ચાર કરવામાં આવે છે, જેમકે અલ+ઉમ્ર=અલઉમ્ર. તે શાયરીમાં મિસ્રાની નિશાની છે. જીભને મોઢામાં સપાટ મૂકી દઈને ગળાના ઉપલા ભાગમાંથી **'અ'** જેવો ઉચ્ચાર કાઢવાથી **ઐન**નો ઉચ્ચાર મળશે. *

# Superman In Islam
# સુપરમેન ઈન ઈસ્લામ
## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)

### પ્રદૂષણ ઉપર પ્રતિબંધ

માણસે પોતાના માહોલ(પર્યાવરણ)ને પ્રદૂષિત કરવું જોઈએ નહીં એવી ઈમામ જાફર સાદિક(અ.)ની સલાહ ઉપર અમલ ન કરવાથી અમે એક ધનવાન દેશ કેવી રીતે મુશ્કેલીઓમાં સપડાઈ ગયો તે જાણવા માટે અમે અહીં જાપાન દેશનું દૃષ્ટાંત રજૂ કરીએ છીએ.

જે સમયે બીજું વિશ્વયુદ્ધ સમાપ્ત થયું અને આપણે જાણીએ છીએ તેમ જાપાન તેમાં હાર્યું તે જમાનામાં એક જાપાનીની સરેરાશ વાર્ષિક આવક ત્રીસ ડોલર હતી જ્યારે આજે એક જાપાનીની સરેરાશ વાર્ષિક આવક પાંચ હજાર પાંચસો ડોલરની હદ વટાવી ચૂકી છે. જાપાનનો વેપાર એટલો બધો વિશ્વવ્યાપી છે કે અમેરિકા જેવા ઔદ્યોગિક દેશમાં પણ વેચાતી ૨૦ હજાર મોટર સાયકલોમાંથી ૧૮ હજાર મોટર સાયકલો જાપાની હોય છે. આપણે જાણીએ છીએ તેમ પશ્ચિમ જર્મની રેડિયો અને ટીવી બનાવવાના ઉદ્યોગમાં ઘણું આગળ છે તેમ છતાં આજે પશ્ચિમ જર્મનીમાં વેચાતા એકસો પોર્ટેબલ રેડિયોમાંથી નવ્વાણું રેડિયો જાપાની હોય છે. આજે જાપાન ઓટોમોબાઈલ અને કમ્પ્યૂટર અને રેયૉન (Rayon) એટલે કે વૃક્ષના કૃત્રિમ રેસાઓમાંથી તૈયાર કરવામાં આવેલા કાપડના ઉદ્યોગમાં અમેરિકા પછીનો પ્રથમ દેશ છે અને રેડિયો, ટીવી, ટેપ રેકોર્ડર, કૅમેરા અને મોટર સાઈકલના ઉદ્યોગમાં જાપાન દુનિયાનો પહેલો દેશ ગણાય છે.

જાપાને ઉદ્યોગ અને વેપારના ક્ષેત્રમાં ખૂબ ટૂંકા ગાળામાં આટલો બધો વિકાસ કેવી રીતે કર્યો તેની જો ચર્ચા કરવા બેસીએ તો અમે પર્યાવરણના પ્રદૂષણ વિષેના અમારા અસલ વિષયથી દૂર ચાલ્યા જઈશું.

સંક્ષેપમાં અમે માત્ર એટલું જ કહી શકીએ છીએ કે જાપાનના આ વિકાસ પાછળ બે કારણો છે. એક સક્ષમ નેતૃત્વ અને બીજું જાપાનના મજૂરોની પોતાના કામ પ્રત્યેની નિષ્ઠા. જો કે આ ધનવાન અને મહેનતુ દેશે પર્યાવરણના પ્રદૂષણથી બચવા માટે કોઈ વિશેષ પ્રબંધ કર્યો ન હતો એ કારણે તે આજે ન કેવળ એક મોટી મુશ્કેલીમાં ફસાઈ ગયો છે બલ્કે તેના સમાજનું સ્વાસ્થ્ય પણ ખતરામાં પડી ગયું છે અને પર્યાવરણના પ્રદૂષણના કારણે જાપાનમાં એવા એવા રોગો પેદા થયા છે કે જેનો દાખલો ઔષધશાસ્ત્રમાં શોધ્યે ય જડતો નથી.

પ્રખ્યાત યુનાની ડૉક્ટર બુકરાત (Hippocratus) થી લઈને આજ સુધીના ડૉકટરોએ પોત પોતાના સંશોધનો વડે ચાલીસ હજાર જેટલા વિવિધ રોગો ગણાવ્યા છે અને તેમનાં ચિહ્નો લખ્યાં છે કે જેમાં માણસ સપડાઈ શકે છે. સાથે સાથે ડૉકટરોએ આ રોગોની દવાઓ પણ સૂચવી છે. પરંતુ જે રોગોએ જાપાનમાં પર્યાવરણના પ્રદૂષણના કારણે જનમ લીધો છે તેમાંના એક પણ રોગનું વર્ણન ઔષધશાસ્ત્રમાં મળતું નથી.

આવા અસાધારણ રોગોમાંના એક રોગનું નામ જાપાનીઓએ ઈતાઈ-ઈતાઈ રાખ્યું છે કારણ

કે દર્દી દુઃખાવાની તીવ્રતાને કારણે એવી રીતે કણસતો હોય છે. કેડમિયમ નામનું તત્વ શરીરમાં વધી જવાને કારણે આ રોગ એવી જગ્યાએ જનમ લે છે કે જ્યાં ઉદ્યોગો વાતાવરણને અને ખેતરોને પ્રદૂષિત કરતા હોય છે. આ રોગનું પહેલું ચિહ્ન એ છે કે રોગીના શરીરમાં એક તીવ્ર અને અસહ્ય દુઃખાવો ઉપડે છે અને થોડા સમય પછી તો માણસનાં હાડકાં કાચની માફક તૂટવા માંડે છે અને ફક્ત હાથ અડાડવાથી જ હાડકાં તૂટીને કાચની જેમ ટુકડે ટુકડા થઈ જાય છે. હાડકાંના આવા રોગનું વર્ણન ઔષધશાસ્ત્રના કોઈ પણ પુસ્તકમાં જોવા મળતું નથી.

ડૉકટરો જૂના જમાનાથી લઈને હાલના જમાના સુધી Osteomalacia (ઑસ્ટીયો-મેલેશિયા)ના પ્રકારો (અર્થાત માણસના હાડકાંની ખરાબીઓ)થી વાકેફ હતા અને છે પરંતુ આ પ્રકારનો રોગ તેમણે જોયો ન હતો કે જેના પરિણામે માણસનું શરીર એટલું બધું અશક્ત થઈ જાય કે જો તેને હાથ અડાડવામાં આવે તો તે એક નાજુક કાચની માફક ટુકડે ટુકડા થઈ જાય.

આવો જ એક અન્ય રોગ કે જે ક્યુશુ (Kyushu) (જાપાનના ચાર મોટા ટાપુઓમાંનો એક ટાપુ)માં જોવા મળે છે કે જેના કારણે કેટલાક લોકો જીવ ગુમાવી ચૂક્યા છે અને કેટલાક લોકો જીવ ગુમાવવાની અણી ઉપર છે અને જે લોકો આ રોગમાં સપડાય છે તેમની દૃષ્ટિ ચાલી જાય છે અને તેમની માંસપેશીઓ એવી રીતે ટુકડે ટુકડા થઈ જાય છે કે તેમની હલનચલનની શક્તિ ચાલી જાય છે અને જો થોડાક દિવસોમાં તેમનો ઈલાજ કરવામાં ન આવે તો તેઓ મૃત્યુ પામે છે. ડૉકટરોનું માનવું છે કે આ બીમારી પારો (Mercury) કે જે કેટલાક ઉદ્યોગોમાંથી નીકળીને વાતાવરણને પ્રદૂષિત કરે છે તેના કારણે જન્મ લે છે. પ્રાચીનકાળથી ડૉક્ટરો જાણતા આવ્યા છે કે પારાને લીધે માણસની દૃષ્ટિ નષ્ટ થવાની શક્યતા રહેલી છે.

ઈસવી સનની સત્તરમી અને અઢારમી સદીમાં યુરોપીય ડૉકટરો સિફિલિસ (Syphillis) નામના રોગનો ઈલાજ પારામાંથી બનાવવામાં આવતી દવાઓ વડે કરતા હતા. પાછળથી તેમને ખબર પડી કે પારો દૃષ્ટિને એટલું બધું નુકસાન પહોંચાડે છે કે શક્ય છે કે તેનાથી રોગી સંપૂર્ણરીતે આંધળો પણ થઈ જાય. તેથી જ તો ત્યાર પછી પારા વડે ઈલાજ કરવાથી તેઓ દૂર રહેવા લાગ્યા અને તેમણે માત્ર પારાને ફક્ત ચામડીના રોગો અને શરીરની બાહ્ય ત્વચા દાઝી જવાના ઈલાજ માટે પારાને સીમિત રાખ્યો છે.

આ સિવાય બીજા બે રોગો પણ છે કે જેમનું દૃષ્ટાંત આ પહેલાં જોવા મળતું નથી. શ્વાસ લેવામાં મુશ્કેલી પડવાનો રોગ જાપાનમાં ઘણો ફેલાઈ ચૂક્યો છે. અગાઉના પૃષ્ઠો ઉપર અમે વર્ણન કર્યું છે તેમ અમેરિકાનો એક બાયોકેમીસ્ટ આઈઝેક આસિમૉવ અમેરિકામાં માણસોની શ્વસનક્રિયામાં મુશ્કેલીના રોગનું કારણ અમેરિકાની હવામાં રહેલ ઑક્સિજનની ઓછી માત્રાને ગણે છે. પરંતુ જાપાની ડૉકટરો એવું માને છે કે જાપાનમાં શ્વસનક્રિયામાં મુશ્કેલીના રોગમાં વધારો થવાનું કારણ ત્યાંના કારખાનાઓમાંથી નીકળતો ધુમાડો છે કે જે વાતાવરણમાં ભળે છે અને કેટલાક વાયુઓને હવાની અંદર ભેળવી દે છે.

જાપાની લોકો પોતાના દેશની સુંદરતા ઉપર ગર્વ કરતા હતા અને પોતાના દેશના પ્રાકૃતિક સૌંદર્યને દુનિયાનું સર્વોત્તમ પ્રાકૃતિક સૌંદર્ય માનતા હતા એ બાબત કોઈનાથી છૂપી નથી. પરંતુ હવે તેઓ પોતે જ કહે છે કે પર્યાવરણના પ્રદૂષણના કારણે જાપાનનું પ્રાકૃતિક સૌંદર્યમાં ઊણપ આવી ચૂકી છે અને કેટલીક જગ્યાએ તો જમીનના પ્રદૂષણના કારણે સૌંદર્ય બિલકુલ નષ્ટ થઈ ચૂક્યું છે. પર્યાવરણનું પ્રદૂષણ અમુક હદ સુધી સમુદ્રી

પ્રાણીઓ મારફતે પણ માણસો સુધી પહોંચ્યું છે એ બાબતમાં કોઈ સંદેહ નથી. આ સંદર્ભમાં એક સચોટ પુરાવો મોજુદ છે અને તે છે ડગ્લસ રોબર્ટસન નામના એક અંગ્રેજની મુસાફરીનો અહેવાલ કે જે પ્રવાસ તેની પત્ની, તેના દીકરા અને એક અન્ય મુસાફરે કર્યો છે. આ ટુકડી શઢવાળા વહાણ વડે દુનિયાની આજુબાજુ ચક્કર લગાવવા માગતી હતી. આ ટુકડીની મુસાફરીની કથા લાંબી ય છે અને અમારા સંશોધન બહારની વાત પણ છે.

આ લોકો મુસાફરી ઉપર રવાના થયા પછી પૅસિફિક સમુદ્રના એક એવા વિસ્તારમાં પહોંચ્યા કે જ્યાંથી સમુદ્ર કિનારો છ હજાર કિલોમીટર કરતાં વધુ દૂર હતો. ત્યાં તેમનું વહાણ તૂટી ગયું જેના કારણે તેમણે વહાણમાંથી ઉતરીને એક નાની હોડીમાં સવાર થવું પડ્યું કે જે તે જ વહાણમાં મૂકેલી હતી. એમની પાસે વહાણની અંદર જેટલો સામાન હતો તે બધો ડૂબી ગયો. હવે તેમની પાસે ફકત પ્લાસ્ટિકનાં કેટલાંક વાસણો જ બાકી રહી ગયાં હતાં કે જે પીવાના પાણીથી ભરેલાં હતાં અને આ લોકો તેમને હોડીમાં સાથે લઈ આવ્યા હતા કે જેથી મુસાફરી દરમિયાન પીવાનું પાણી મળી રહે. પરંતુ ખાવા પીવાનો જે સામાન આ હોડીમાં હતો એ જલ્દીથી પૂરો થઈ ગયો અને મુસાફરો ભૂખ્યા થઈ ગયા.

પરંતુ વાતાવરણ વરસાદી હોવાથી જ્યારે વરસાદ પડતો તો તેઓ પોતાનાં પ્લાસ્ટિકનાં વાસણોમાં મીઠું પાણી ભરી લેતા. કુદરતનો સિતમ તો જુઓ કે તેઓ પૅસિફિક સમુદ્ર જેવા વિશાળ સમુદ્રમાં તરી રહ્યા હતા અને તેમની ચારેય બાજુ પાણી જ પાણી હતું તેમ છતાં તેઓ એ પાણીનું એક ટીપુ પણ પી શકતા ન હતા. જો કે કેટલીક હોડીઓમાં સમુદ્રી પાણીને શુધ્ધ કરવા માટેનું એક નાનું મશીન હોય છે કે જેના વડે સમુદ્રના પાણીને શુધ્ધ કરીને વાપરી શકાય. આ મશીન વડે શુધ્ધ કરેલું પાણી જો કે અમુક અંશે ફિક્કું હોય છે પરંતુ પીવા લાયક તો હોય જ છે. તે પાણીમાં ક્ષાર હોતો નથી. પરંતુ ડગ્લસ રોબર્ટસન અને તેના સાથીઓ પાસે જીવન બચાવવાવાળી હોડીમાં આવું કોઈ મશીન ન હતું. ગમે તેમ પણ દર બે કે ત્રણ દિવસે એકાદ વખત વરસાદ વરસી જતો તેથી હોડીના મુસાફરો તરસ્યા નહોતા રહેતા. પરંતુ ભૂખ તેમને ઘણી સતાવતી હતી. તે લોકો એ બાબત જાણતા હતા કે સમુદ્રી મુસાફરો માત્ર પ્લાન્કટન ખાઈને કેટલાય દિવસો અને અઠવાડિયાં સુધી બલ્કે મહિનાઓ સુધી પોતાને જીવિત રાખી શકે છે. પરંતુ જે માર્ગે એ લોકો જઈ રહ્યા હતા ત્યાં પ્લાન્કટનનું અસ્તિત્વ ન હતું જેનું કારણ સમુદ્રનું પ્રદૂષણ હતું. (અમે અગાઉના પૃષ્ઠો ઉપર વર્ણન કરી ચૂક્યા છીએ તેમ થોડાક કોષો ધરાવનારા જીવને પ્લાન્કટન કહે છે કે જે સમુદ્રની સપાટી ઉપર રહેતા હોય છે.)

(ક્રમશઃ)


*દેશી દવાની કોઈ આડઅસર થતી નથી.*

**નવદીપ દેશી ઉપચાર કેન્દ્ર**

**વૈદ્ય હબીબભાઈ ખણુશીયા (સુરપુરવાળા)**
**ફોન : ૦૨૭૭૮ - ૬૫૪૯૬૬**


- જૂના તથા નવા હઠીલા રોગોનો દેશી દવાથી ઉપચાર
- જૂની શરદી, તાવ, ઉધરસ, ખાંસી, વા, સંધિવા, પેટના રોગો, કબજીયાત, એસીડીટી, ગેસ, હરસ, મસા, બાળરોગો, સ્ત્રી રોગોનો દેશી દવાથી ઉપચાર.


નોંધ : બહારગામના દર્દીઓએ ફોન કરીને આવવું.

**મુ. સુરપુર, ઈમામવાડાની બાજુમાં,**
**તા. ઈડર, જિ. સાબરકાંઠા.**


# નન્હે રોઝેદાર * હિજરી સન-૧૪૩૧


કાઝિમહુસૈન મહેબૂબઅલી
માતા : નજમાબાનુ(લંડન)
ઉ.વ. : ૩ રોઝા : ૧


સલમાફાતેમા
માતા : કુલસુમફાતેમા(કેસીમ્પા)
ઉ.વ. : ૬ રોઝા : -


ફાતેમા જહોનઅલી
માતા : તસ્કીનફાતેમા(-)
ઉ.વ. : ૬ રોઝા : ૨૯


તાહેરાબાનુ બાકરઅલી
માતા : આબેદાબાનુ(દમણ)
ઉ.વ. : ૬ રોઝા : ૬



તાહેરાબેન અબ્બાસભાઈ સુથાર
(કેસીમ્પા)
ઉ.વ. : ૬ રોઝા : ૫


નુસરતફાતેમા ગુલામઅબ્બાસ શેલીયા
માતા : ઝયનબબાનુ(કાકોશી)
ઉ.વ. : ૬ રોઝા : ૩


કનીઝઝેહરા બાકરઅલી કડીવાલા
માતા : રૂકૈયાબેન(દસાવાડા)
ઉ.વ. : ૬ રોઝા : ૩૦



નુસરતફાતેમા અકબરઅલી મોમિન
માતા : હકીમાખાતુન(નડીયાદ)
ઉ.વ. : ૮ રોઝા : ૩૦


કુલસુમફાતેમા
માતા : ઝયનબબેન(વસો)
ઉ.વ. : ૮ રોઝા : ૨૭


સાબિરહુસૈન રઝાહુસૈન
માતા : કનીઝફાતેમા(શેરપુરા)
ઉ.વ. : ૮ રોઝા : ૧૨


મકબૂલફાતેમા રઝાહુસૈન
માતા : કનીઝફાતેમા(શેરપુરા)
ઉ.વ. : ૯ રોઝા : ૩૦


રઝાઅલી ગુલામઅબ્બાસ સુરપુરા
(ઈમાનપુરા)
ઉ.વ. : ૯ રોઝા : ૨૯


મંજૂરફાતેમા ઈમદાદઅલી સુરપુરા
(ઈમાનપુરા)
ઉ.વ. : ૯ રોઝા : ૨૬


જાફરઅલી ખૈબરઅલી સુથાર
માતા : હાજરાબેન(શેખપુર)
ઉ.વ. : ૯ રોઝા : ૧૫


મોહંમદજાફર બાકરઅલી
માતા : આબેદાબાનુ(દમણ)
ઉ.વ. : ૧૦ રોઝા : ૨૯

## ‘જાફરી આવાઝ’(માસિક)ના લવાજમ અંગે

દર વર્ષની માફક ‘જાફરી આવાઝ’(માસિક)નું લવાજમ મોહર્રમ માસથી લેવાનું નક્કી કરેલ છે. તે રીતે ચાલુ વર્ષે પણ મોહર્રમથી મોહર્રમ એક વર્ષ ગણવામાં આવશે. ચાલુ વર્ષથી **વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-** નક્કી કરેલ છે. જે મોહર્રમ માસની ૩૦ તારીખ સુધીમાં (એટલે કે તા.૬-૧-૨૦૧૧ સુધીમાં) જે જૂના ગ્રાહકોનું વાર્ષિક લવાજમ આવ્યું હશે તે ગ્રાહકો ગ્રાહક તરીકે ચાલુ રહેશે. નવા ગ્રાહકોને **માર્ચ-૨૦૧૧થી** અંક મોકલવામાં આવશે. ઉપરોક્ત દર્શાવેલી તારીખ સુધીમાં એટલે કે તા.૬-૧-૨૦૧૧ સુધીમાં જે જૂના ગ્રાહકોનાં લવાજમ આવ્યાં હશે તેમને જ અંક મોકલવામાં આવશે, જેની દરેકે નોંધ લેવી. મહેરબાની કરીને સમય મર્યાદા પછી લવાજમની રકમ મોકલવી નહીં. સમય મર્યાદા પછી આવેલ લવાજમ સ્વીકારવામાં આવશે નહીં. આપનું લવાજમ આપના ગામના મુખી/મોલ્વી સાહેબ, આપના વિસ્તારના માનદ્ પ્રતિનિધિ અથવા જાફરીબાગ, સિધ્ધપુરને સમય મર્યાદામાં આપી દઈને સહકાર આપવા વિનંતી છે. દરેક ગામના મુખી/મોલ્વી સાહેબ ઉપર જૂના ગ્રાહકોની યાદીની નકલ મોકલી આપવામાં આવેલ છે. આપ સૌએ ભૂતકાળમાં અમને જે રીતે સાથ અને સહકાર આપ્યો છે એ રીતે આપતા રહેશો એવી અપેક્ષા રાખીએ છીએ.

**-વ્યવસ્થાપક જાફરી આવાઝ(માસિક)**

## ભાગ-૩

## બોધ વચનો અને ઉપદેશો

<u>હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)</u>

**(૨૫૩) જૂઠી કસમ :**

કોઈ જાલિમની કસમ લેવી હોય તો એવી રીતે લો કે તે પરવરદિગારની શક્તિ અને સામર્થ્યથી બેજાર છે જો તે જૂઠી કસમ ખાતો હોય તો (અથવા તેની વાત ખોટી હોય તો) કેમકે જો આ રીતે કસમ જૂઠી ખાશે તો તરત જ અઝાબમાં સપડાઈ જશે અને એક ખુદાની કસમ ખાધી તો અઝાબમાં જલ્દી નહીં થાય કેમકે આખર અલ્લાહની તૌહીદનો ઈકરાર કરી લીધો છે.

**(૨૫૪) સદકાર્યોની વસિયત :**

અય આદમના પુત્ર ! પોતાના માલમાં પોતાનો વસી પોતે બની જા અને એ કામ જાતે બજાવી લાવ કે જેના માટે આશા રાખે છે કે લોકો તારા પછી બજાવી લાવશે.

**(૨૫૫) ક્રોધ અને ઉશ્કેરાટ :**

ગુસ્સો ગાંડપણની એક નિશાની છે કેમકે ગુસ્સો કરનારને પાછળથી પસ્તાવું પડે છે અને જો પસ્તાય નહીં તો સમજો તે ખરેખર પાગલ છે.

**(૨૫૬) ઈર્ષા :**

શરીર સ્વાસ્થ્યનો એક આધાર ઈર્ષાની અછત છે.

**(૨૫૭) હાજતરવાઈ :**

અય કોમૈલ ! તમારા ઘરવાળાઓને હુકમ આપો કે સારી આદતો કેળવવા માટે દિવસે શોધવા નીકળે અને સૂઈ જનારાઓની હાજતો પૂરી કરવા રાત્રે નમાઝ પઢે. કસમ છે એ ઝાતની કે જે દરેક અવાજ સાંભળે છે કે કોઈ શખ્સ કોઈ દિલમાં આનંદ પેદા નથી કરી શકતો પણ એ કે પરવરદિગાર તેના માટે આ આનંદથી એક મજા જન્માવી દે છે કે ત્યાર પછી તેના પર કોઈ સંકટ આવી પડે છે તો એ મજા તેની તરફ ઢોળાવવાળી જમીન તરફ વહેતા પાણીની જેમ ઝડપથી આગળ વધે છે અને આ સંકટને એવી રીતે ભગાવી દે છે કે જેવી રીતે હરાયા ઊંટને હંકારવામાં આવે છે.

**(૨૫૮) સદકો :**

જ્યારે ગરીબ થઈ જાઓ તો અલ્લાહથી સદકો આપી વેપાર કરો. (સદકો માત્ર ધનવાનો માટે નથી.)

**(૨૫૯) વફાદારી અને ગદ્દારી :**

ગદ્દારોથી વફાદારી પણ અલ્લાહની નજીક એક પ્રકારની ગદ્દારી છે અને ગદ્દારોથી બેવફાઈ એક જાતની વફાદારી છે.

**(૨૬૦) કસોટી અને પરીક્ષા :**

ઘણા ય લોકો છે કે જેને એહસાન દ્વારા અઝાબની લપેટમાં લઈ લેવામાં આવે છે અને તેઓ ઢાંકપિછોડાના કારણે ધોકામાં પડેલા છે અને લોકોના સારા શબ્દો સાંભળી ભરમાઈ ગયા છે. અલ્લાહે કોઈ પણ શખ્સનું ઈમ્તેહાન મહેતલથી વધારે સારું કોઈ દ્વારા નથી લીધું.

**(૨૬૧) બેવફા સાથી :**

જ્યારે આપને ખબર આપવામાં આવી કે મુઆવિયાના સાથીઓએ અંબાર પર આક્રમણ કરી દીધું છે. તો આપ પોતે જાતે બહાર નીકળીને નખીલા સુધી પહોંચી ગયા. અમુક લોકો પણ આપની સાથે પહોંચી ગયા અને કહેવા લાગ્યા આપ આરામ કરો અમે લોકો એ દુશ્મનો માટે પૂરતા થઈશું. તમારા

પહેલાં પ્રજા રાજકર્તાઓની ફરિયાદ કરતી હતી આજ હું પ્રજાના જુલ્મની ફરિયાદ કરી રહ્યો છું. જાણે કે આ જ લોકો આગેવાન છે અને હું રૈયત છું. હું આધીન છે, આ આજ્ઞાપક.

જ્યારે આપે આ કલામ ઈરશાદ ફરમાવ્યો, જેનો એક ભાગ ખુત્બાઓની અંદર નકલ થઈ ચૂક્યો છે તો આપના સહાબીઓમાંથી બે જણા આગળ આવ્યા કે જેમાંથી એકે કહ્યું, હું મારા અને મારા ભાઈઓનો જવાબદાર છું. આપ હુકમ આપો અમે પાળવા તૈયાર છીએ. આપે ફરમાવ્યું કે હું જે કંઈ ઈચ્છું છું તેની સાથે તમારો શું સંબંધ છે ?

**(૨૬૨) હારિસ ઈબ્ને જૂત :**

કહેવામાં આવે છે કે હારિસ બિન જૂતે આપની પાસે આવીને એવું કહ્યું કે આપનું એવું માનવું છે કે હું જમલવાળાઓને ગુમરાહ માની લઈશ ? તો આપે ફરમાવ્યું કે અય હારિસ ! તેં તારી નીચે તરફ જોયું છે અને ઉપર નથી જોયું. એટલે હેરાન થઈ ગયા છો. તમે હકને જ નથી ઓળખતા તો શું જાણો કે હકદાર કોણ છે ? અને જૂઠને જ નથી જાણતા તો શું જાણો કે જૂઠના હિમાયતી કોણ છે ?

હારિસે કહ્યું કે હું સઈદ બિન માલિક અને અબ્દુલ્લાહ બિન ઉમરની સાથે ખૂણો પકડી લઈશ તો આપે ફરમાવ્યું, સઈદ અને અબ્દુલ્લાહ બિન ઉમરે ન હકની મદદ કરી અને ન બાતિલથી મોં ફેરવ્યું. (ન અહીંના થયા ન ત્યાંના રહ્યા.)

**(૨૬૩) બાદશાહના સાથીઓ :**

બાદશાહનો સહચર શેરનો સવાર હોય છે કે લોકો તેની સ્થિતિની ઈર્ષા કરતા હોય છે અને તે પોતે પોતાની સ્થિતિને વધારે જાણતો હોય છે.

**(૨૬૪) સદવર્તન :**

બીજાના વારસો સાથે સારો વર્તાવ કરો જેથી લોકો તમારા વારસો સાથે પણ સારો વર્તાવ કરે.

**(૨૬૫) ડાહ્યાઓનાં કથન :**

હકીમોનું કહેવું ખરું હોય છે તો દવા બની જાય છે અને ખોટું હોય તો બીમારી બની જાય છે.*




**ઝહીર ટૂર્સ**

**ખાસ મોહર્રમ માટેનો પ્રોગ્રામ**

**રવાનગી તારીખ : ૨-૧૨-૨૦૧૦**

**રીટર્ન તારીખ : ૧-૧-૨૦૧૧**

**તારીખ : ૩-૧૨-૨૦૧૦ થી ૮-૧૨-૨૦૧૦ સિરીયા**
**તારીખ : ૯-૧૨-૨૦૧૦ થી તા.૨૧-૧૨-૨૦૧૦ (ઈરાક-કરબલા, નજફ)**
**તારીખ : ૨૨-૧૨-૨૦૧૦ થી તા.૧-૧-૨૦૧૧ (ઈરાન)**

**અલ્લાહના ફઝલો કરમથી પીરો મુરશિદ અને મોહંમદ વ આલે મોહંમદની ભલી દુઆઓથી કેસીમ્પા નિવાસી હાજી માસૂમઅલી રસુલભાઈ નાગલપરા સતત ૧૧ વર્ષથી હજ-ઝિયારત અને ઉમ્રહ ઝિયારત ટૂરનું સફળતાપૂર્વક આયોજન કરેલ છે. જે મોમિન ભાઈ-બહેનને મોહર્રમ કરબલામાં કરવાની તમન્ના હોય તો તાત્કાલીક નીચેના ફોન નંબર્સ ઉપર સંપર્ક કરી નામ લખાવવા વિનંતી.**

**આ પ્રોગ્રામનો ટોટલ ખર્ચ અમદાવાદ ટુ અમદાવાદ રૂા.૬૦,૦૦૦/- નક્કી કરેલ છે.**

**:::::::::::::::::::::::::: સંપર્ક ::::::::::::::::::::::::::**

**હાજી માસૂમઅલી રસુલભાઈ નાગલપરા(કેસીમ્પા)** ફોન : (ઘર) ૦૨૭૬૧ ૨૨૩૦૬૩
મો.૯૪૨૭૬૮૩૯૩૦

**મોલ્વી અકબરઅલી મીયાંજીભાઈ સુણસરા(કારભારી)(ભાંગરોડીયા)** મો.૯૯૦૯૬૭૩૦૬૭

**ડો.ગુલામહૈદર દાઉદભાઈ પટેલ(ભગત) (કનાઈ-સાબરકાંઠા)** મો.૯૪૨૭૬૭૬૦૭૫

પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.) રચિત



# જુંબિશે લબ  جُنبشِ لب

## નઝમ ૧૫

### બહુઝૂર હઝરત ઈમામ જા'ફરે સાદિક(અ.)

અય ઈમામે જઅફરે સાદિક(અ.) ઈમામુલ મુત્તકીં,
اے امامِ جعفرِ صادقؑ، امام المتقیں

અય કે તેરી ઝાતસે મુહકમ હુઈ બુન્યાદે દીં.
اے کہ تیری ذات سے محکم ہوئی بنیادِ دیں

(અય ઈમામ જાફર સાદિક(અ.) ! અય મુત્તકી (અર્થાત પરહેઝગાર લોકો)ના ઈમામ ! અય એવા ઈમામ કે જેમના વ્યક્તિત્વને લીધે દીને ઈસ્લામના પાયા મજબૂત બન્યા છે.)

મશ્અલે રાહે હિદાયત, રહેનુમાએ એહલે દીં,
مشعلِ راہِ ھدایت، رہنمائے اہلِ دیں

સાદિકે આલે મોહંમદ(સ.), કિબ્લએ એહલે યકીં.
صادقِ آلِ محمدؐ، قبلۂ اہلِ یقیں

(આપ હિદાયતના માર્ગ પર પ્રકાશ પાથરનાર મશાલ છો. આપ દીનદાર લોકોના માર્ગદર્શક છો. આપ આલે મોહંમદ(સ.)માં **'સાદિક'**(સાચા) લબક ધરાવનારા છો. આપ શ્રધ્ધાળુ લોકોના કિબ્લા સમાન (પૂજ્ય) છો.)

હો ગયા હૈ આપસે અહ્યા યે દીને મુસ્તફા,
ہوگیا ہے آپ سے احیائے دینِ مصطفیٰؐ

સઈ સે હૈ આપકી, પુરનૂર ઈસ્લામી જબીં.
سعی سے ہے آپکی، پُر نور اسلامی جبیں

(આપના દ્વારા હઝરત મોહંમદ મુસ્તફા(સ.)નો દીન જીવંત થઈ ગયો છે. આપના પ્રયત્નો દ્વારા દીને ઈસ્લામનું કપાળ નૂરથી ભરપૂર થઈ ગયું છે.)

હો ગઈ તદ્વીન એહકામે શરીઅત આપસે,
ہوگئی تدوینِ احکامِ شریعت آپ سے

જઅફરી હૈ મસ્લકો આઈને અરબાબે યકીં.
جعفری ہے مسلک و آئینِ اربابِ یقیں

(આપના દ્વારા શરીઅતના એહકામો (હુકમો) એકત્રિત થઈ ગયા છે. જે શ્રધ્ધાળુ લોકો છે તેમનો તો પંથ અને તેમના બધા જ કાયદા **'જાફરી'** બની ગયા છે.)

સિલસિલા હૈ આપકા પુરનૂર તા ખત્મી મઆબ,
سلسلہ ہے آپ کا پُرنور تا ختمی مآبؐ

નૂરે ઐને પંજમીં, ફરઝંદે ખત્મુલ મુર્સલીં.
نورِ عینِ پنجمیں، فرزندِ ختم المرسلیں

(આપનું વંશવૃક્ષ -આપનો સિલસિલો છેક છેલ્લા પયગમ્બર હઝરત મોહંમદ મુસ્તફા(સ.) સુધી નૂરથી ભરપૂર છે. આપ પાંચમા ઈમામ મોહંમદ બાકિર(અ.)ની આંખોનું નૂર (અર્થાત ફરઝંદ) છો અને આપ નબીઓમાં છેલ્લા પયગમ્બર(સ.)ના પણ ફરઝંદ છો.)

શમ્એ ઝૌ બારે હિદાયત હાદીએ સાદિક લકબ,
شمعِ ضو بارِ ہدایت ھادیٔ صادق لقب

સાલિકે રાહે રઝા વ રહેનુમાએ મોમિનીં.
سالکِ راہِ رضا و رہنمائے مومنیں

(આપ **'સાદિક'** લકબ ધારણ કરનાર, હિદાયતનો ભાર વહન કરનાર છટાદાર દીપક છો. આપ અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત કરવાના માર્ગના પથિક અને મોમિનોના માર્ગદર્શક છો.)

آستاں پر کب سے حاضر ہے ظہیرِ بے نوا — **આસ્તાં પર કબસે હાઝિર હે 'ઝહીરે' બેનવા,**

اک نگاہِ لطف ہو اے سرورِ اربابِ دیں — **ઈક નિગાહે લુત્ફ હો, અય સરવરે અરબાબે દીં.**

(કંગાળ **'ઝહીર'** આપની ચોખટ ઉપર ક્યારનો ય હાજર થયેલ છે. અય દીનદાર લોકોના સરદાર ! મારા ઉપર પણ એક કૃપાદૃષ્ટિ થઈ જાય.)

## ઝહીર હોસ્ટેલ અને ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ, ઝહીરાબાદ

## લાભાન્વિત વિદ્યાર્થી ભાઈ-બહેનો વર્ષ-૨૦૧૦-૧૧

મુ.પો. સવગઢ, તા.હિંમતનગર, જિ.સાબરકાંઠા. ફોન : ૦૨૭૭૨ - ૨૨૨૩૧૮, ૨૨૩૨૨૦

| ધોરણ | ઝહીર હોસ્ટેલ ભાઈઓ | ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ (બહેનો) | કુલ |
|---|---|---|---|
| ધો. ૫ થી ૭ | ૫ | - | ૫ |
| ધો. ૮ | ૪ | - | ૪ |
| ધો. ૯ | ૬ | - | ૬ |
| ધો. ૧૦ | ૧૩ | ૧ | ૧૪ |
| ધો. ૧૧ સાયન્સ | ૫ | ૪ | ૯ |
| ધો.૧૧ કોમર્સ | ૪ | - | ૪ |
| ધો. ૧૨ સાયન્સ | ૮ | ૧ | ૯ |
| ધો. ૧૨ કોમર્સ | ૯ | ૩ | ૧૨ |
| બી.બી.એ. | ૩ | - | ૩ |
| ડિપ્લોમા એન્જિ. | ૩ | - | ૩ |

| ધોરણ | ઝહીર હોસ્ટેલ ભાઈઓ | ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ (બહેનો) | કુલ |
|---|---|---|---|
| એન્જિનિયરીંગ B.E. | ૨ | - | ૨ |
| બી.એ. પ્રથમ વર્ષ | ૧ | ૩ | ૪ |
| બી.કોમ.(સી.એ.) | ૧ | - | ૧ |
| B.Sc. પ્રથમ વર્ષ | ૧ | ૧ | ૨ |
| B.Sc. દ્વિતીય વર્ષ | ૧ | ૧ | ૨ |
| એમ.એ. | ૧ | - | ૧ |
| બી.એડ્. | ૧ | ૩ | ૪ |
| એમ.બી.એ. | ૧ | - | ૧ |
| એમ.સી.એ. | ૪ | ૧ | ૫ |
| કુલ... | ૭૩ | ૧૮ | ૯૧ |

**ટહુકો** ❖ આપણી જમાઅતના ગૌરવવંતા સામયિક 'જાફરી આવાઝ'ના પાછલા અંકો તેમજ કોમ્પ્યુટરાઈઝ્‌ડ મુખપૃષ્ઠો જોઈને ખૂબ પ્રભાવિત થયો છું. વિવિધતા સભર વિભાગો દ્વારા જ્ઞાનપિપાસાને તૃપ્તિ મળે છે, અનહદ આનંદ થાય છે. હાજરપીર અને તેમના ખાનદાનના સદસ્યોના લેખો દ્વારા આખેરતની દુનિયાનું જ્ઞાન અપાઈ રહ્યું છે તે બાબત કાબિલે તારીફ છે. આ પીરોએ મોમિન કોમને ઊંચેરી કોમ, અઝાદાર કોમ બનાવી છે તે બદલ તેમનો આભાર માનીએ એટલો ઓછો છે. કોટિ કોટિ વંદન અને 'જાફરી આવાઝ'ના કાર્યકર્તાઓને અભિનંદન. ૩૦મા વર્ષ પ્રવેશે દળદાર-૬૪ પેજનો અંક છે. ખરેખર જાફરી આવાઝ અતિશય સારું મેગેઝીન છે, હૃદયગમ્ય છે, ઈલ્મનો ખજાનો છે, ઈલ્મની પાઠશાળા છે, અદ્વિતીય અને અદ્‌ભૂત છે, મોમિનોને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જઈ રહ્યું છે જે આનંદ અને ગૌરવની વાત છે. **-મો.ગુલામહુસૈન પટેલ, તંત્રી : ભૂતપૂર્વ 'જ્ઞાનોદય' (માસિક) બાદરપુર**

❖ સપ્ટે.-૧૦ના અંકમાં **'હિદાયતનું નૂર'** લેખમાં ટોર્ચ અને પ્રકાશની મિસાલ એટલે કે કુરઆન અને એહલેબયત અર્થાત જીવનમાં આવતા અંધકારને દૂર કરવા માટે ઈમામની જરૂરિયાત છે. જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરીને ધન્યવાદ. હાજરપીર તેમજ તેમના વાલિદે બુઝુર્ગવારના લેખો દિલને સ્પર્શે છે, દિલને નવી તાજગી મળે છે. ધન્યવાદ. અમેરિકાથી E-mail કરનાર અશરફ આગાખાનને પણ ધન્યવાદ **-અજ્ઞાત**



હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

**● સત ગુરૂ પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૭૭**

**રાહ પહેલી રે ઉથાપી, પીયાને યું આખા,**
**દીન જો પહેલા સો મને કર દાખા.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે અલ્લાહે પહેલાંના માર્ગનો અનાદર કરવાનું કહ્યું છે કે પહેલાંનો જે (રદ્દ કરેલો) દીન હતો તેને અનુસરવાની મનાઈ કરી.)

**પૂજતે ગાય સો જભે રે કરાઈ,**
**નબીને અલ્લાહકી રાહ બતાઈ.**

(નબી(સ.)એ અલ્લાહનો માર્ગ એવી રીતે બતાવ્યો કે લોકો જે ગાયની પૂજા કરતા હતા તે ગાયને ઝુબ્હ કરાવી.)

**એ હકીકત પહેલી નબી બિના કહીએ,**
**પીયાને ઉથાપી સો સહી કર લહીએ.**

(ઉપરોક્ત હકીકત નબી(સ.)ના જમાનાના પહેલાંની છે. અલ્લાહે આ હુકમનો અનાદર કરાવ્યો છે તે બાબતને સાચી જ માનજો.)

**જો મને કીતી હકીકત પહેલી પીયાને,**
**તો સુણ રે પંથી ઈતના સમજને.✶**

**✶સમજને = શીયાને-શાણા**

(અલ્લાહે જે પહેલી હકીકતની મનાઈ કરી તે આ મુજબ હતી. તો હે શાણપણ ધરાવતા પંથી ! તું આ બાબત સાંભળ.)

**કે રાહ ને હકીકત એકઠી લહીએ,**
**જો ભેદ ઉથાપા તો રાહ વે ના કહીએ.**

(અલ્લાહને મળવાનો રસ્તો અને આ હકીકત બન્નેને એક સાથે જ સમજજો. જો આ રહસ્યનો અનાદર કર્યો તો તેને (સાચો) રસ્તો ના કહેવાય.)

**વે હે રે રાહ કે'તે વેહી ભેદ આવે,**
**તો પંથી રે પીયાકા હુકમ ફિરાવે.**

(તો આને જ (સાચો) રસ્તો કહેતાં તેનો ભેદ એ જ આવતો હોય તો પંથીએ અલ્લાહના હુકમનો અનાદર કર્યો છે એવું કહેવાશે.)

**જે રે પંથી સુધા આપકું જાંને,**
**ફુરકાંન મહંમદ કાહે નાં પિછાંને.**

(અલ્લાહના માર્ગનો પંથી જો પોતાને સાચા રસ્તા ઉપર છે એવું સમજતો હોય તો તે ફુરકાન કુરઆનને અને મોહંમદ(સ.)ને શા માટે ઓળખતો નથી ?)

**જો પીયાને નબી તેજ મહંમદ દીતા,**
**જો આખિર નબી ભી ઉનુંકું કીતા.**

(અલ્લાહ તઆલાએ આપણને નબી તરીકે હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ને આપ્યા છે અને સઘળા નબીઓમાં છેલ્લા નબી પણ એમને જ બનાવ્યા છે.)

**જો ઉનુંકી રે રાહા પંથી રે નાં જાંને,**
**તો રાહ યું ઉથાપી ઉનુંકી પિછાંને.**

(જો તરીકતનો પંથી એ બાબત જ ન જાણતો હોય કે આ એ નબી(સ.)નો જ માર્ગ છે તો તેણે સમજી લેવાનું કે તેણે તેમના રસ્તાનું ઉલ્લંઘન કરી નાખ્યું છે.)

**તો પીયાસું કરે દાવા ને પંથ કમાવે,**
**તો દાવેસું પીયાજી કયું પંથી પાવે ?**

(નબી(સ.)ના માર્ગનું ઉલ્લંઘન કરીને કોઈ પંથી પીયુ સમક્ષ પંથ કમાવાનો દાવો કરે તો માત્ર

એવો દાવો કરવાથી તે પીયુનો પંથ કેવી રીતે મેળવી શકે ?)

**પીયાને યું કહીયા કે હે મહંમદ પીરા,**
**નાં ફુરકાન બિના હોવે સુણ પંથી વીરા.**

(પીયુએ ફરમાવ્યું કે હે પંથી ! તું સાંભળ કે ફુરકાન-કુરઆન કિતાબ વગર તારા પીર મોહંમદ(સ.) હોઈ શકતા નથી.)

**✶નબી પહેલી રાહ ભી દીન ગમાયા,**
**✶આપ ખુદા જે નાંમ ધરાયા.**

---

**✶નબી પહેલાં રાહ ભી, દીન ભી ન પાયા,**
**✶તો આપ ખુદા થા એક નામ ધરાયા.**

(નબી(સ.)ના પહેલાં રસ્તો પણ નહોતો કે દીને ઈસ્લામ પણ નહોતો. એ વખતે તો માત્ર ખુદા એકલો જ હતો કે જેનું એક નામ ધરવામાં આવ્યું હતું.)

**જો ઉસકા રે ઉલટા પંથી જો કીજે,**
**તો દોઝખ ઉસકું કાહે નાં દીજે ?**

(જો અલ્લાહનો પથિક આનાથી ઉલ્ટું કરે તો અલ્લાહ તઆલા તેને દોઝખ શા માટે ન આપે ?)

**પહેલી રાહ ફુરકાંન માંહી નાં ભણીએ,**
**મને કીયે પીયાને સો સહી કર ગણીએ.**

(પહેલો માર્ગ ફુરકાન અર્થાત કુરઆનમાં છે એવું ના કહેતા અને અલ્લાહે જેની મનાઈ કરી છે એ બાબતને પણ સાચી ગણજો.)

**પંથી જો પંથકી બિગત નાં જાંને,**
**તો પંથમાં પીયાકું ક્યું રે પિછાંને ?**

(જો તરીકતનો પંથી પંથની આવી વિગતો જાણે નહીં તો પછી પોતાના પીયુના પંથને તે કેવી રીતે ઓળખી શકે ?)

**જો આપ ગમે તે પંથ રાહા ચલના,**
**તો ઉમેદ નાં રાખ કે પીયાકું હે મલના.**

(જો તું તને ગમે તેવા પંથ ઉપર ચાલવાનું પસંદ કરતો હોય તો મારે એક દિવસ પીયુને મળવું છે એવી આશા તું કદી ન રાખતો.)

**તો ઉસ રાહ માંહાં દુરિજન આવે,**
**તો સુધી રે રાહ બિના પીયાજી નાં પાવે.**

**-: રે તુંહી :-**

(જો પંથી પોતાની પસંદગીના રસ્તા ઉપર ચાલે તો તે રસ્તામાં દુરિજન શયતાન અવશ્ય આવશે. તો સીધા રસ્તા વગર તું પીયુને પ્રાપ્ત નહીં કરી શકે.)

**કિતાબ તીનું ઉથાપ કર, અલ્લાહ કે'લાયા આપ રે,**
**અલ્લાહ કે'લાયા આપ;**
**જેને પીયા હુકમ ફિરાહીઆ, ઉસકે પુરે પાપ રે,**
**ઉસકે પુરે પાપ.**

(અગાઉ નાઝિલ થયેલી ત્રણેય કિતાબોને રદ કરીને પીયુજી પોતે અલ્લાહ કહેવાયો. જે માણસે પોતાના પીયુનો હુકમ ફેરવી નાખ્યો એટલે કે અલ્લાહના હુકમનું ઉલ્લંઘન કર્યું તે પૂરેપૂરો પાપી બની ગયો.) ✻


**ભોરણીયા સાદિકઅલી આર.**
મો.૯૯૦૯૪૮૮૨૨૫
૯૯૨૪૪૧૮૨૪૩

**બાલીસણા ઝાકિરહુસૈન જી.**
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**
**(સેલ્સ & સર્વિસ)**
**L.E.D. ડેકોરેશન**

અમારે ત્યાં ઈલેક્ટ્રીક સામાન, રિચાર્જેબલ ટોર્ચ તેમજ હોટલ, દરગાહ, ઝરીહ મુબારક કે ઈમામવાડાને લગતું **L.E.D.** સીરીઝનું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**L.E.D. સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીંગલ શોપીંગ સેન્ટર, વડનગર.**

# તૌહીદ

લેખન

મોલ્વી અકબરઅલી મીચાંજી સુણસરા (ભાંગરોડીયા)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

**કુલ્હોવલ્લાહો અહદ અલ્લાહુસ્સમદ લમ્યલિદ વલમયુલદ વલમ યકુલ્લહૂ કોફોવન અહદ.** (સૂરએ ઈખ્લાસ)

અર્થ : (હે રસૂલ !) કહે કે તે અલ્લાહ એક જ છે. અલ્લાહ બેનિયાઝ(સ્વતંત્ર) છે, ન તે કોઈને જન્મ આપે છે અને ન તેને કોઈએ જન્મ આપ્યો છે અને ન કોઈ એક તેના જેવો છે.

અલ્લાહે પોતાની કલામે પાક કુરઆને મજીદમાં આ નાનકડી સૂરત સૂરએ તૌહીદ નાઝિલ કરી છે જેને સૂરએ ઈખ્લાસ પણ કહેવામાં આવે છે. અલ્લાહ એક છે, સ્વતંત્ર છે, અજોડ છે, બેપરવા છે, કોઈ વસ્તુ તેના જેવી નથી, તે હંમેશાંથી છે અને હંમેશાં રહેશે. ન તો તેનાથી કોઈ જન્મ્યું છે કે તેને પોતાનો વારસદાર બનાવે, કે ન તો તે કોઈનાથી જન્મ્યો છે કે કોઈ તેનો ભાગીદાર થઈ શકે. અલ્લાહને માતા પિતા ય નથી તેને કોઈ બાલ-બચ્ચાં નથી. આવું કોઈ પણ પ્રકારનું સગું નથી. અલ્લાહનું દરેક કાર્ય ખામીરહિત છે. તે જીવતો છે અને એવો જીવે છે કે ન તેના માટે મૌન છે કે ન તો તેને ઊંઘ આવે છે. તે વિજેતા છે, પવિત્ર છે, જ્ઞાની છે, અને એવી શક્તિ ધરાવે છે કે તેનો બીજા ઉપર આધાર રાખવો પડતો નથી, ન તેના જેવો કોઈ દરજ્જાવાળો અને મરતબાવાળો છે, તેનો કોઈ સલાહકાર નથી. કોઈ વસ્તુ તેના જેવી નથી, તે દરેક અવાજને કાન વગર સાંભળે છે, દરેક વસ્તુને આંખો વગર જુએ છે, દરેક વસ્તુને જાણે છે, તેનાથી કોઈ વસ્તુ અજાણી નથી.

અલ્લાહ **'સમીઅ'** પણ છે અને **'બસીર'** પણ છે. એટલે કે તે જુએ પણ છે અને સાંભળે પણ છે. એનો અર્થ એવો હરગીઝ નથી કે તેને બે આંખો અને બે કાન છે અને આ ઈન્દ્રિઓ વગર તેના માટે જોઈ શકવું કે સાંભળી શકવું અસંભવિત છે. પરંતુ જે વસ્તુ આપણે આંખે દેખીને જાણીએ છીએ અને કાને સાંભળીને સમજીએ છીએ એ જ વસ્તુ વિશે તેને આંખ અને કાનના ઉપયોગ વગર પૂરેપૂરું જ્ઞાન અને માહિતી છે. જો તે **'બસીર'** ન હોત તો જુલ્મગારોના જુલ્મોનો બદલો કેવી રીતે વાળી શકત? અને એમના અત્યાચારોની શિક્ષા કેવી રીતે કરી શકત ? અને જો તે **'સમીઅ'** ન હોત તો આપણી ઈબાદતોનો સ્વીકાર કેવી રીતે કરી શકત? દુઆઓના મકબૂલ થવાથી એ વાતની પુષ્ટિ મળે છે કે અલ્લાહ તઆલા **'બસીર'** પણ છે અને **'સમીઅ'** પણ.

અલ્લાહ આલિમ છે. આલિમ એટલે જાણનારો. પરમાત્મા બધાનો સર્જનહાર છે એટલા માટે તે દરેક વસ્તુના મૂળને અને તેની વિશેષતાઓને સારી પેઠે જાણે છે અને સમજે છે. ગમે તે વસ્તુ, પછી તે નાની હોય કે મોટી હોય, સૂકી હોય કે ભીની હોય, ધરતી પર હોય કે તેના પેટાળમાં હોય, આકાશ પર હોય કે આકાશ અને ધરતીની વચ્ચોવચ્ચ હોય, એ તેની પૂરેપૂરી માહિતી ધરાવે છે. જેવી રીતે અલ્લાહ સર્વે ગુણોનો શ્રેષ્ઠ માલિક છે એવી જ રીતે એ સર્વે અવગુણોનો મોટામાં મોટો ત્યાગી છે.

અલ્લાહને કયામત સુધી બનનારા બધા જ બનાવોની પૂરેપૂરી જાણ છે અને દરેક બાબત તેણે લૌહે મહેફૂઝમાં લખી રાખી છે. આનો અર્થ કેટલાક એવો પણ તારવે છે કે આપણે સૌ સારાં કે ખોટાં કૃત્યો કરવાને માટે પ્રથમથી જ નિર્માયેલા છીએ અને એટલા માટે આપણે આપણા પાપોના માટે જવાબદાર નથી. પોતાના કૃત્યો માટે લોકો ઘણી વાર જવાબદારી અલ્લાહને થયેલી પૂરેપૂરી જાણ

પર નાખી પોતે એ જવાબદારીમાંથી છટકી જવા માગે છે. પણ એ બરાબર નથી, ખોટું છે. અલ્લાહે જે લખ્યું એ આપણે કરવું પડ્યું, એવી વસ્તુ સ્થિતિ નથી પણ વસ્તુ સ્થિતિ એવી છે કે આપણે જે કરવા માગીએ છીએ એ એણે લખ્યું છે.

એક ડૉક્ટરને કે હકીમને કોઈ દર્દીની પરિસ્થિતિ જોઈને એ વાતની જાણ થઈ જાય છે કે થોડા સમયમાં એ મરી જવાનો છે તો પણ એનો અર્થ એ તો નથી કે પેલા ડૉક્ટર કે હકીમની જાણકારી તેના મૃત્યુનું કારણ થઈ ગયું. એવી જ રીતે અલ્લાહને પ્રથમથી જ આપણા કૃત્યોની થયેલી જાણકારી હોવી તે આપણા એ કૃત્યોની જવાબદારી એના માથા પર નાખવા સમાન નથી. આપણા કાર્યોની તો સઘળી જવાબદારી આપણી પોતાની જ હોય છે.

અલ્લાહ તઆલા દુનિયામાં જે કાંઈ કરે છે તેની પાછળ કાંઈને કાંઈ ડહાપણ, હેતુ અને રહસ્ય હોય છે. દુનિયામાં એણે જે કોઈ વસ્તુનું સર્જન કર્યું છે તેની પાછળ કોઈને કોઈ ઉદ્દેશ જરૂર રાખ્યો છે. અલ્લાહ દરેક પ્રકારની હાજતથી પર છે. એટલે જે કંઈ કર્યું એ પોતાના સ્વાર્થ માટે, હિત માટે કર્યું એવું પણ નથી. તેણે બધું પોતાના સર્જનોના હિત માટે જ કર્યું છે. તે પોતાની સર્જન કરેલી વસ્તુઓના ગુણોથી મહાન છે, ન તો તેને કોઈ દુનિયામાં આંખોથી જોવાને લાયક નથી.

અલ્લાહ કુરઆને મજીદમાં ફરમાવે છે :

**લા તુદરેકો હુલ અબરાર વ હોવા યુદરેકુલ અબસાર.** (પારો-૭, સૂરએ અન્આમ, આયત-૧૦૩)

એટલે તે આંખો આપવાવાળો છે અને આંખો તેને જોઈ શકતી નથી. તે છે અને જરૂર છે પરંતુ એવો છે કે કલ્પનામાં પણ આવી શકતો નથી અને તે કેવો છે તે બુધ્ધિથી સમજી શકાતો નથી. તે દરેક જગ્યાએ છે અને કોઈ જગ્યા તેનાથી ખાલી નથી. (ક્રમશઃ)


## લગ્ન વિષયક

**સારા ઘરના આર્થિક સધ્ધરતા ધરાવતા યુવક અને યુવતી માટે નીચે મુજબના જીવનસાથી જોઈએ છે.**

- ભણેલા, ભણતા, નોકરીયાત, વ્યવસાય કરતા.
- સંસ્કારી અને દેખાવડા

યોગ્ય યુવક અને યુવતીએ પોતાના સંપુર્ણ બાયોડેટા ફોટા સાથે અને કોન્ટેક નંબર સાથે નીચેના ઈ-મેલ ઉપર મોકલી આપશો.

**E-mail: momin_ jafri@yahoo.com**

નોંધ : ઈમેલ મળ્યા બાદ અમારો બાયોડેટા આપને મોકલી આપીશું.

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

### સૂરા નં.૬૫ સૂરએ તલાક

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને તમારી સ્ત્રીઓમાંથી જેઓ માસિક ઋતુથી નિરાશ થઈ ગઈ હોય તેમના વિષે તમને જો શંકા ન હોય તો તેમની ઈદ્દત ત્રણ માસ છે અને જેમને હજી સુધી માસિક ઋતુ આવી જ નથી તેમની પણ (એટલી જ મુદ્દત છે) અને ગર્ભવતી સ્ત્રીઓની ઈદ્દત તેમને પ્રસૂતિ થઈ જાય ત્યાં સુધીની છે અને જે અલ્લાહથી ડરીને ચાલશે તો તેના માટે તેના મામલામાં અલ્લાહ સરળતા પેદા કરી દેશે.(૪)**

**આ અલ્લાહનો હુકમ છે કે જે તેણે તમારા પર ઉતાર્યો છે અને જે અલ્લાહથી ડરીને ચાલશે તેની બદીઓ તે તેનાથી દૂર કરી દેશે અને તેને મોટો બદલો આપશે. (૫)**

**તલાકવાળી સ્ત્રીઓને તમારા ગજા પ્રમાણે ત્યાં જ રાખો કે જ્યાં તમે રહો છો અને તેણીઓને તંગ કરવાના હેતુથી ઈજા ન પહોંચાડો અને જો તેણીઓ ગર્ભવતી હોય તો જ્યાં સુધી તેણીઓની પ્રસૂતિ થઈ ન જાય ત્યાં સુધી તેમને ખરચ આપતા રહો. પછી જો તે તમારા માટે (બાળકને) દૂધ પીવડાવે તો તેનો બદલો તેણીઓને આપતા રહો અને તમે એકબીજા વચ્ચે દસ્તૂર પ્રમાણે (બદલા વગેરેનો) ઠરાવ કરો અને અગર તમારા બન્ને પક્ષો તરફથી ખેંચતાણ થાય તો તે(બાળક)ને કોઈ બીજી સ્ત્રી દૂધ પીવડાવે.(૬)**

લોકોએ પૂછ્યું કે યા હઝરત ! જે સ્ત્રીઓને વૃધ્ધવસ્થાના કારણે હૈઝ બંધ થઈ ગયું હોય તો તેવી સ્ત્રીઓની તલાક આપ્યા પછી ઈદ્દાની કેટલી મુદ્દત છે ? તો તે વખતે અલ્લાહે આ આયત નાઝિલ ફરમાવી કે તમારી સ્ત્રીઓમાંથી જેઓ માસિક ઋતુથી નિરાશ થઈ ગઈ હોય અથવા તેણીઓના વિષે તમને શંકા હોય કે તેણીનું હૈઝ કયા કારણથી બંધ થઈ ગયું છે તો તેવી સ્ત્રીઓના ઈદ્દાની મુદ્દત માત્ર ત્રણ માસની છે. આ શંકા એ સ્ત્રી વિષે છે કે જે સ્ત્રીને હૈઝ આવતું ન હોય અને કેટલાક કહે છે કે તેનો હેતુ એ છે કે જે લોહી આવે છે તે હૈઝનું છે કે ઈસ્તેહાઝાનું તો તે વિષે શંકા લાવનાર માટે ઉપરનો હુકમ છે અને ગર્ભવતી સ્ત્રીના ઈદ્દાની મુદ્દત તેણીને પ્રસૂતિ થઈ જાય ત્યાં સુધીની છે અને જે ગર્ભવતી સ્ત્રીનો પતિ ગુજરી જાય તો તેણી માટે ઈદ્દાની મુદ્દત બેમાંથી લાંબી મુદ્દતનો છે એટલે કે ગર્ભ વગરની સ્ત્રીને શૌહર મરી જાય તો તેણીના ઈદ્દાની મુદ્દત ચાર મહિના અને દસ દિવસની છે જ્યારે ગર્ભવાળી સ્ત્રીનો પતિ ગુજરી જાય અને તેણીને ચાર મહિના અને દસ દિવસની અંદર બાળક પેદા થાય તો પણ ચાર મહિના અને દસ દિવસ ઈદ્દાના પૂરા કરે અને જો ચાર મહિના અને દસ દિવસ દરમિયાન બચ્ચું પેદા ન થાય તો જ્યાં સુધી બાળક પેદા થાય ત્યાં સુધીનો ઈદ્દો રાખે.

આ અલ્લાહના હુકમો છે કે જે તમારા ઉપર ઉતારવામાં આવ્યા છે અને જે અલ્લાહથી ડરશે તેની બૂરાઈને અલ્લાહ દૂર કરી દેશે અને મોટો બદલો આપશે.

તલાક આપેલી સ્ત્રીઓને તમારી શક્તિ પ્રમાણે તેણીના રહેઠાણનો બંદોબસ્ત કરો અને તેણીને ખાવા-પીવા વિષે તંગ ન કરો. એવું ન બને કે તેણી લાચાર થઈને ચાલી જાય. હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે તલાક આપ્યા પછી સ્ત્રીને એવી રીતે તંગ ન કરો કે તે લાચાર થઈ ઈદ્દાની મુદ્દત પૂરી થયા પહેલાં ચાલી જાય. બલ્કે પોતાની હેસીયત મુજબ રહેઠાણ માટે જગ્યા આપો અને જો તેણીએ ગર્ભ ધારણ કરેલો હોય તો બાળક જન્મ પામે ત્યાં સુધી તેણીનું ભરણ પોષણ કરો, તલાકે બાઈનવાળી સ્ત્રીને મકાન તથા ખાણું-પીણું આપવાની જરૂર નથી તેમજ જેનો પતિ મરી ગયો હોય તેવી સ્ત્રીને પતિના માલમાંથી ખાણું પીણું મળશે. પછી ફરમાવે છે કે તલાક અપાયેલી ગર્ભવાળી સ્ત્રીઓને બચ્ચું જન્મ આપે અને તેણીઓ એહસાન કરીને બચ્ચાને મફત દૂધ પીવડાવે તો તેણીઓને બાળક સોંપી દે કે જેથી દૂધ પીવડાવે અને જો તેણીઓ કંઈ મહેનતાણું લઈને દૂધ પીવડાવે તો તેણીને ધારા પ્રમાણે મહેનતાણું આપે અને તમે તે બચ્ચાના મા-બાપ બચ્ચાને દૂધ પીવડાવવા વિષે

આપસમાં નેકીથી વર્તો એટલે એક બીજાએ આપસમાં સમજૂતીથી કામ લેવું જોઈએ પણ જો આપસમાં દૂધ પીવડાવવા વિષે ખેંચતાણ થાય તો બાળકને બીજી સ્ત્રીથી દૂધ પીવડાવે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **શક્તિવાળાને જોઈને કે પોતાના ગજા પ્રમાણે ખર્ચ કરે અને તેની રોજી તંગ(ઓછી) હોય તો તેને જોઈએ કે તેને અલ્લાહે જે કંઈ આપ્યું છે તેના પ્રમાણમાં ખર્ચ કરે, અલ્લાહ કોઈ વ્યક્તિને તકલીફ આપતો નથી પણ એટલી જ કે જેટલી તેને (સહન કરે) આપી હોય નજીકમાં જ અલ્લાહ તંગી પછી છૂટ પણ અર્પણ કરશે.(૭)**

**અને કંઈ કેટલીય વસ્તીઓએ પોતાના પરવરદિગાર તથા તેના રસૂલની આજ્ઞાઓનું ઉલ્લંઘન કર્યું જેથી અમોએ પણ મોટી સખ્તાઈથી તેમનો હિસાબ લીધો અને તેમને અઝાબ પણ અમોએ અસહ્ય આપ્યો.(૮)**

**પછી તેમણે પોતાની કરણીના અઝાબની મજા ચાખી અને તેમના મામલાનું પરિણામ (નર્યું) નુકસાન જ નુકસાન થયું. (૯)**

**અલ્લાહે તેમના માટે સખત અઝાબ તૈયાર કર્યો છે. માટે અય બુધ્ધિશાળીઓ કે જેઓ ઈમાન લાવી ચૂક્યા છો! અલ્લાહથી ડરતા રહે, ખચીત જ અલ્લાહે તમારા પર ઉપદેશ ઉતાર્યો છે. (૧૦)**

**(યાને) એક રસૂલ કે જે તમને અલ્લાહની સ્પષ્ટ આયતો પઢીને સંભળાવે છે, જેથી તે લોકોને કે જેઓ ઈમાન લાવ્યા છે તથા સત્કાર્યો કરે છે (નાસ્તિકપણાના) અંધકારમાંથી (ઈમાનના) પ્રકાશ તરફ કાઢી લાવે, અને જે શખ્સ અલ્લાહ પર ઈમાન લાવે તથા સત્કાર્યો કરે તેને અલ્લાહ જન્નતોમાં દાખલ કરશે કે જેની હેઠળ નહેરો વહેતી હશે, તેઓ સદાના તેમાં જ રહેનારા થશે, ખચીત જ અલ્લાહે એવા શખ્સ માટે ઉમદા રોઝી તૈયાર કરી મૂકી છે. (૧૧)**

**અલ્લાહ એ જ છે કે જેણે સાત આસમાનો પેદા કર્યા અને તેટલી જ જમીનો પણ અને તે બન્નેમાં (વખતો વખત) અલ્લાહના હુકમો જારી થતા રહે છે કે જેથી તમે આ જાણી લો કે અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે અને આ (પણ જાણી લો) કે અલ્લાહે પોતાના જ્ઞાનની રૂએ દરેક વસ્તુને અવશ્ય ઘેરી રાખી છે. (૧૨)**

જે શક્તિશાળી હોય તે તલાક આપેલી દૂધ પીવડાવનાર સ્ત્રીને પોતાની હેસીયત મુજબ ખર્ચ આપે અને જેની રોજી ઓછી હોય અને ગરીબ હોય તે પોતાની હાલત મુજબ તેણીને આપે. અલ્લાહ કોઈ વ્યક્તિને તકલીફ આપતો નથી માત્ર એટલી જ કે જેટલી તે સહન કરી શકે. આ અસ્હાબોના આશ્વાસન માટે ખુદાએ ફરમાવેલ છે. હઝરત ઈમામ જાફર સાદિક(અ.)ને કોઈએ પૂછ્યું કે પૈસાદાર માણસ સુંદર લિબાસ બનાવી તેને પરિધાન કરે તે શું ઈસરાફ નથી? આપે જવાબમાં કહ્યું કે ના. પછી આપે જવાબમાં ઉપરોક્ત આયતનાં વાક્યો વાંચી સંભળાવ્યાં.

અલ્લાહ એ લોકોને ડરાવે છે કે જેઓ તેની નાફરમાની કરે છે. વસ્તીઓના રહેનારા ઘણા લોકો એવા હતા કે જેઓ ખુદા-રસૂલના હુકમનું ઉલ્લંઘન કરતા હતા તેમને ખુદાએ સખત અઝાબ કર્યો.

તેઓ માટે અલ્લાહે દુનિયા અને આખેરત માટે સખત અઝાબ તૈયાર કર્યો છે માટે એ બુધ્ધિશાળી લોકો કે જેઓ ઈમાન લાવ્યા છો અલ્લાહથી ડરો અને લોકોના બનાવોથી ઈબ્રત હાસિલ કરો.

પયગમ્બર એ લોકોને જહાલતના અંધકારમાંથી નૂરના પ્રકાશ તરફ લઈ જાય છે જેઓએ ઈમાન લાવી નેક કાર્યો કર્યા અને અજ્ઞાનતાથી જ્ઞાન તરફ આવ્યા તેઓ માટે જન્નત છે. હઝરત ઈમામ રઝા(અ.)એ ફરમાવ્યું કે ઝિક્ર હઝરત રસૂલે ખુદા(સ.) છે અને અમો તેના લાયક છીએ જે કોઈ ખુદા-રસૂલ ઉપર ઈમાન લાવશે તે એવી જન્નતમાં દાખલ થશે કે જેના મહેલની નીચે જુદા જુદા પીણાની નહેરો વહેતી હશે.

ખુદાવંદે આલમે સાત આસમાનોનું સર્જન કર્યું અને જમીનને પણ સાત બનાવી અને કેટલાક તેના અર્થમાં કહે છે કે જમીનને પણ તેના જેવી બનાવી અને ખુદાનો હુકમ આસમાનો અને જમીન ઉપર નાઝિલ થાય છે. *

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
**'અર્જહુલ મતાલિબ'**નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જંગે સિફ્ફીનમાં જનાબે અમીર(અ.)ની શુજાઅત

(ગતાંકનું ચાલુ)

જનાબે અમીરે ફરમાવ્યું, આ કિલ્લાને મેં પાડી નાખ્યો છે કે તે લોકોએ જાતે જ પાડી નાખ્યો છે ? મેં એને વેરવિખેર કરી નાખ્યો છે કે તેઓ જાતે જ વેરવિખેર થઈ ગયા છે ? તમે આ જે કંઈ કહી રહ્યા છો પરંતુ જો હઝરત અમીર પોતાની ઈતાઅત કરનારાઓની સાથે કાર્યવાહી કરત અને નાફરમાન થયો હતો તે નાફરમાન ભલે થયો તેની પરવા ન કરત અને દુશ્મનો સાથે જંગ કરતા રહ્યા હોત અથવા વિજય મેળવી લેત અથવા શહીદ થઈ જાત. ખુદાની કસમ આ બાબત મારી નજરમાં હતી પરંતુ મેં એવો વિચાર કર્યો કે આ બન્ને છોકરાઓ હસન અને હુસૈન હલાક થઈ જશે અને ઉમ્મતમાંથી જનાબે સરવરે કાઈનાત(સ.)ની નસલ કપાઈ જશે અને આ બાબત મને ખૂબ જ ખરાબ લાગી. આથી મને એક ડર પેદા થઈ ગયો હતો કે હસનૈનના પછી આ બન્ને ભાઈ અબ્દુલ્લાહ બિન જાફર અને મોહંમદ બિન હન્ફીયા પણ હલાક થઈ જશે કેમકે લશ્કરમાં તેઓ મારી સાથે હતા. ખુદાની કસમ છે કે આજના દિવસ પછી હું કદીય તેમને સાથે લઈને જંગમાં નહીં જાઉં.

આટલું કહીને આપે ઘોડાને હંકારી દીધો અને આગળ વધ્યા. અચાનક આપે પોતાની જમણી બાજુએ છ-સાત કબરો જોઈ. આપે પૂછ્યું, આ કબરો કોની છે ? લોકોએ અરજ કરી, યા અમીરુલ મોમિનીન ! આપ અહીંથી તશરીફ લઈ ગયા ત્યાર પછી ખબાબ બિનુલ અર્સ(રઝી.) વફાત પામ્યા. તેમણે વસિયત કરી હતી કે મને કુફાની બહાર દફન કરજો. આ એમની કબર છે અને બાકીની કબરો બીજા મુસલમાનોની છે. શરૂઆતમાં કુફાવાસીઓ પોતાના પુરૂષોને ઘરોમાં અને આંગણાંમાં દફન કર્યા કરતા હતા. સૌથી પહેલાં ખબાબ કુફાની બહાર દફન થયા. પછી એમની બાજુમાં બીજા મુસલમાનોને પણ દફન કરવામાં આવ્યા.

જનાબે અમીર(અ.)એ ફરમાવ્યું, ખુદા ખબાબ ઉપર રહેમત નાઝિલ કરે તેઓ પોતાની ઈચ્છાથી મુસલમાન થયા હતા અને તેમણે પોતાની ઈચ્છાથી હિજરત કરી અને પોતાની જિંદગીમાં મુજાહિદ બની રહ્યા અને સાત વર્ષો સુધી ઈમ્તેહાનમાં રહ્યા. ખુદા સારાં આચરણ કરનારાઓના આચરણને કદી પણ બરબાદ કરતો નથી. આપ ત્યાં ઊભા રહીને ફરમાવવા લાગ્યા, અય ભયંકર શહેરના રહેવાસીઓ ! અને અય પ્રતિષ્ઠિત મહેલોના રહેવાસીઓ ! મોમિન પુરૂષોમાંથી અને મોમિન સ્ત્રીઓમાંથી, મુસલમાન પુરૂષો અને મુસલમાન સ્ત્રીઓમાંથી તમારા ઉપર સલામ થાય કે જેઓ અમારાથી આગળ ગયા છે. અમે તમારી પાછળ પાછળ આવનારા છીએ. હવે થોડી મુદત પછી અમે તમને મળીશું અને અય અમારા પરવરદિગાર ! તું અમારા ઉપર અને એમના ઉપર મગ્ફેરત કર અને તારી કૃપાથી અમારા ગુનાઓને માફ કરી દે. જે લોકો આખેરતને યાદ કરે તેમને ખુશીઓ પ્રાપ્ત થાઓ અને પૂછપરછ માટે નેક અમલ કરીએ અને પોતાની રોઝી ઉપર

સંતોષી રહીએ અને અમારા ખુદા ઉપર રાજી રહીએ.

ત્યાર પછી આપ ત્યાંથી જવાલ દોઝોંની શેરીની પાસે પહોંચ્યા અને રડવાનો અવાજ સાંભળ્યો તો આપે ફરમાવ્યું, આ શાનો અવાજ છે? અરજ કરવામાં આવી, લોકો સિફ્ફિનના શહીદો ઉપર રડી રહ્યા છે. આપે ફરમાવ્યું, શું હું એ માણસોનો સાક્ષી નથી કે જેણે સબ્રથી પોતાના કતલને પસંદ કર્યું છે? આવી રીતે ખુદા તઆલાનો ઝિક્ર કરતા કરતા ત્યાંથી આગળ વધ્યા અને એક કિલ્લામાં દાખલ થઈ ગયા. ખારજી લોકો આપની સાથે કુફામાં દાખલ થઈ ગયા અને એક ગામમાં કે જેનું નામ હુરૂર હતું ત્યાં જઈને ઉતર્યા એ કારણે તેઓ હુરૂરીયા તરીકે મશહૂર થયા. અંદાજે તેઓ બાર હજાર માણસો હતા. તેમણે પોતાના ટોળામાં ઢંઢેરો પીટાવી દીધો હતો કે શોએબ ઈબ્ને રબઈ અલ મયમી અમારો અમીરે કુતાબ(જંગનો સરદાર) છે અને અબ્દુલ્લાહ બિન અલકવી નમાઝ પઢાવનાર સરદાર છે અને દરેક કાર્ય મશ્વેરાથી કરવામાં આવશે.

ખુદાએ પાક સિવાય કોઈની ય બયઅત કરવી વાજિબ નથી. હંમેશાં સારાં કાર્યો કરવાં જોઈએ અને ખરાબ બાબતોથી બચવું જોઈએ. પોતાના સરદારની બાબતમાં તેઓ એવું સમજવા લાગ્યા હતા કે જ્યાં સુધી જનાબે અલીએ હુકમ મુકર્રર કર્યા ન હતા ત્યાં સુધી તો બેશક તેઓ ઈમામ હતા. હુકમ મુકર્રર કરવાથી તેમને તેમની ઈમામતમાં શંકા પેદા થઈ ગઈ છે અને પોતાની બાબતમાં હેરાન રહી ગયા છે અને હેરાનની પ્રશંસાનું વર્ણન ખુદા તઆલાએ પોતાની કિતાબમાં કર્યું છે કે તેઓ વ્યાકુળ છે અને તેના મિત્રો તેને હિદાયત તરફ બોલાવે છે કે અમારી પાસે આવી જા. કમ્બખ્ત આ ખારજીઓ આ આયતે કરીમાના આગમનને હઝરત અમીર(અ.)ની શાનમાં વિચાર કરવા લાગ્યા. જો કે પરવરદિગારે આલમે પોતાના પવિત્ર કલામમાં એક અન્ય વ્યક્તિની વાતને ઉદાહરણ સ્વરૂપે બયાન ફરમાવી છે કે જેનું વિવરણ તફસીરની કિતાબોમાંથી સારી રીતે પ્રાપ્ત થઈ શકે તેમ છે. હઝરત અમીર(અ.)ના ગુલામો પણ હેરાન ન હતા બલ્કે તેમનાથી વ્યાકુળ બનીને હિદાયત મેળવતા હતા. (ક્રમશઃ)

## શાયરી

**જનાબ સૈયદ આરિફહસન જાફરી(સિધ્ધપુર)**

### આત્મનિર્ભર

**આત્મનિર્ભર લોકોમાં મહાનતા દેખાય છે,**
**જીવન માણવાની એમનામાં ક્ષમતા દેખાય છે.**

**સર્વે સેવાભાવી લોકોમાં મને તો ખરેખર,**
**પરમ કૃપાળુ માલિકથી નિકટતા દેખાય છે.**

**નિયમ અનુસાર સત્યનું પાલન કરનાર વ્યક્તિઓ,**
**ભારે દુઃખોમાં પણ સદા હસતા દેખાય છે.**

**રડતાને હસાડવું કે માલિકની બંદગી કરવી,**
**આ બન્ને કાર્યોમાં મને તો સમાનતા દેખાય છે.**

### સાચો વ્યવહાર

ગરીબને વ્યવહારમાં જોવું એ વ્યવહાર નથી હોતો,
**બોલવા ખાતર બોલવું એ આવકાર નથી હોતો.**

**લાગણીમાં નહીં પરંતુ લોકોને વતાડવા માટે,**
**આપેલું આ માન પાન એ સત્કાર નથી હોતો.**

**રાજકારણ રમનારી આ વિચિત્ર વ્યક્તિઓને,**
**ગુસ્સામાં ઠપકો આપવો એ અહંકાર નથી હોતો.**

**બસ એમ લાંચ રૂશ્વત ખવડાવીને વ્યક્તિએ,**
**પ્રાપ્ત કરેલી આ સિધ્ધિ એ પુરસ્કાર નથી હોતો.**

**પ્રિય બંધુ! મારા કોઈના કહેવાથી કે દબાણથી,**
**કાઢી આપવામાં આવતું કામ એ સહકાર નથી હોતો.**

**શ્રધ્ધાનો એક દીવો એવો પણ પ્રગટે છે,**
**કે જેના તળે ખરેખર અંધકાર નથી હોતો.**

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

## 'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ

### God (અલ્લાહ/ભગવાન)

هر سو دَوَد آن، کش ز برِ خویش براند
وآن را که بخواند، بــه درِ کس ندوانــد

**હર સૂ દવદ આન, કશ ઝ બરે ખવીશ બરાનદ**
**વ આન રા કે બ ખ્વાનદ બ દરે કસ નદવાનદ**

(અલ્લાહ તઆલા જેને પોતાના સીમાક્ષેત્ર (બારગાહ)માંથી બહાર તગેડી મૂકે છે તે કોઈ પણ જાતના ધ્યેય વગર રખડતો ફરે છે પરંતુ અલ્લાહ તઆલા જેને પોતાની તરફ બોલાવે છે તેને ક્યાંય આશરો શોધવા જવું પડતું નથી.)

آن کس که توانگرت نمی گردانـد
او مـصـلـحـتِ تو از تـو بهـتر دانـد

**આન કસ કે તવાંગરત નમી ગર દાનદ**
**અવ મસ્લેહતે તૂ અઝ તૂ બેહતર દાનદ**

(તે (અલ્લાહ) કે જે તને તવંગર બનાવતો નથી તે તારા કરતાં વધારે વાકેફ છે કે તારા માટે લાભકારક શું છે.)

در بـسـتـه بــه روی خــود ز مـردم
تـا عـیـب نـگـسـتـرنـد مـا را
در بـسـتـه چــه سود و عالم الغیب
دانـای نـهـان و آشـکـارا

**દર બાસ્તા બા રવી ખુદ ઝ મર્દમ**
**તા ઐબ નિગાસ્તાર નદ મારા**
**દર બાસ્તા ચ સૂદ વ આલિમુલ ગૈબ,**
**દાનાઈ નહાન વ આશકારા**

(મેં એકાંતવાસ એટલા માટે ધારણ કરી લીધો છે કે લોકો મારા દોષો જોઈ ન શકે પરંતુ આ એકાંતવાસ શા કામનો? કેમકે સર્વજ્ઞ (બધું જાણનારો અલ્લાહ) તો જાહેર અને છૂપી બધી વાતો જાણે છે.)

### Gulistan (ફૂલોનો બગીચો)

بــه چــه کـار آیـدت ز گل طـبـقـی ؟
از گلـسـتـان مــن بـبــر ورقـــی
گل همـین پـنـج روز و شـــش بـاشــد
ویـن گـلـسـتان همـیشه خــوش باشــد

**બો ચે કાર આયદત ઝ ગુલ તબકી ?**
**અઝ ગુલિસ્તાન મન બબાર વરકી.**
**ગુલ હમીન પંજ રોઝ વ શશ બાશદ,**
**વૈન ગુલિસ્તાન હમીશાં ખુશ બાશદ.**

(ફૂલદાની તમારે શું કામની ? મારા ફૂલોના બગીચામાંથી એક પાંદડું ઊંચકી લો. ફૂલો માત્ર પાંચ કે છ દિવસો સુધી જ રહેતાં હોય છે જ્યારે બગીચો તો તમને હંમેશાં આનંદ આપતો રહેશે.)

### Gratitide (આભારની લાગણી)

مـن آن مـورم کــه درپـایـم بـمـالـنـد
نـه زنـبـورم کــه از دسـتـم بـنـالـنـد
کـجـا خـود شـکـر این نعمت گـزارم؟
کـــه زورِ مـــردم آزاری نــــــدارم

**મન આન મૂરમ કે દર પાયમ બમાલંદ**
**ના ઝંબૂરમ કે અઝ દસ્તામ બલાનંદ**
**કુજા ખૂદ શુક્ર ઈ નોઅમત ગુઝારમ?**
**કે ઝોરે મર્દમ આઝાદી નદારમ**

(હું એક કીડી છું કે જેને લોકો પોતાના પગ તળે કચડી નાખે છે. હું કંઈ ભમરો નથી કે જેના ડંખથી લોકો વેદનાને લીધે બરાડા પાડે. માનવ જાતને ત્રાસ આપવાની મને શક્તિ ન આપવા બદલ હું અલ્લાહનો આભાર કેવી રીતે વ્યક્ત કરી શકું?)

شـکر خدای کـن که موفّق شدی به خیر
زانـعـامِ و فـضـل او نـه معطّـل گذاشـتـت
منّت منِه کـه خدمت سلطان کُـنی هـمـی
منّت شَناس از او که به خدمت بداشتت

**શુક્રે ખુદાઈ કુન કે મુવફ્ફક શુદી બ ખૈર ઝ ઈન્આમ વ ફઝલ ઔન મોઅત્તિલ ગુઝાશ્તત મન્નત મના કે ખિદમત સુલ્તાન કુની હમી મન્નત શનાસ અઝ ઓ કે બે ખિદમત બદાશ્તત**

(તમને સત્કાર્યો બજાવી લાવવાના અને તેની કૃપા અને નેઅમતોમાંથી તમને બાકાત ન રાખવાનું સન્માન આપવા બદલ અલ્લાહ તઆલાનો આભાર માનો. એવી બડાઈ ન હાંકતા કે તમે બાદશાહના હાથ નીચે કોઈ કાર્યાલય ધરાવો છો પરંતુ તમને તેણે આવું સન્માન આપવા બદલ તે(અલ્લાહ)ના આભારી બનો.)

**Harm (નુકસાન)**

مسکین خر اگر چه بی تمیز است
چون بارهمی بَرَد، عزیز است
گاوان و خران بار بردار
بِه ز آدمیانِ مردم آزار

**મિસ્કીન ખર અગર ચે બી તમીઝ અસ્ત,
ચૂન બાર હમી બરદ અઝીઝ અસ્ત
ગાવાન વ ખરાન બાર બર્દાર
બે ઝ આદમીયાને મર્દમ આઝાર**

(જો કે બીચારું ગધેડું પરખશક્તિથી વંચિત છે તેમ છતાં તે બહુમૂલ્ય છે કારણ કે તે ભાર વહન કરે છે. જે લોકો અન્ય લોકોને નુકસાન પહોંચાડે છે એના કરતાં ભાર વહન કરતા બળદો અને ગધેડાં વધારે સારાં છે.)

ضعیفان را مَکُن بر دل گزندی
که درمانی به جور از زورمندی

**ઝઈફાન રા મકુન બર દિલ ગુઝન્દી,
કે દર માની બ ચોર અઝ ઝોરમન્દી.**

(નિર્બળ લોકોને નુકસાન પહોંચાડો નહીં નહિતર તમારે પોતે પણ જોરાવર લોકોના હાથે યાતના વેઠવી પડશે.)

**Haste (ઉતાવળ-જલ્દબાઝી)**

ای که مشتاق منزلی، مشتاب
پند من کار بند و صبر آموز
اسب تازی دو تک رَوَد به شتاب
و اشتر آهسته می رَوَد شب و روز

**અય કે મુશ્તાક મંઝલી, મુશ્તાબ,
પન્દ મન કાર બન્દ વ સબ્ર આમોઝ
અસબતાઝી દો તક રવદ બ શિતાબ
વ અશ્તર આહિસ્તા મી રવદ શબો રોઝ.**

(અય તું કે જે તારી મંઝિલ સુધી પહોંચવાની આશા રાખે છે ! ઉતાવળ કરતો નહીં. મારી શિખામણ તરફ લક્ષ આપ અને ધીરજવાન બન. અરબસ્તાનનો પાણીદાર ઘોડો પોતાની ઝડપી ચાલે ટૂંકા અંતર માટે જ દોડે છે જ્યારે ઊંટ ધીમે ધીમે ચાલે છે પરંતુ આખી રાત અને આખો દિવસ ચાલે છે.)

نیک سهل است زنده بی جان کرد
کُشته را باز زنده نتوان کرد
شرطِ عقل است صبر تیرانداز
که چو رفت از کمان نیاید باز

**નેક સહલ અસ્ત ઝિંદા બી જાન કર્દ
કુશ્તા રા બાઝ ઝિંદા નતવાન કર્દ
શર્તે અકલ અસ્ત સબ્ર તીરંદાઝ
કે ચૂ રફત અઝ કમાન નયાયદ બાઝ**

(કોઈનો જાન લઈ લેવો તે સહેલી બાબત છે પરંતુ તેને સજીવન કરવો અશક્ય બાબત છે. વિવેકબુધ્ધિ તો એવી માંગ કરે છે કે તિરંદાજે ધીરજવાન બનવું જોઈએ કેમકે જો એક વાર તીર કમાનમાંથી નીકળી ગયું હોય તો તેને પાછું લાવી શકાતું નથી.) *

**ઈસ્લામી કવીઝ નં. ૨૦૦ના જવાબો**

(૧) જબલે અબુ કુબીસ (૨) મિનામાં (૩) સ્વરક્ષણ (૪) હુદૈબિયામાં (૫) કિસવા (૬) દુર્રે નજફ (૭) અલ્લાહની જીભ

# બ્રહ્માંડનું સર્જન

લેખન : મો.મંજૂરહુસૈન આઈ. પટેલ(કનાઈ)

બ્રહ્માંડ (universe)ની શરૂઆત કઈ રીતે થઈ તે વિષય પર વીસમી સદીમાં ખગાળશાસ્ત્રીઓએ જુદી જુદી થિઅરીઓ રજૂ કરી જેવી કે સ્ટેડી સ્ટેટ થિઅરી, બીગ-બેંગ થિઅરી, વિગેરે...

ઈ.સ.૧૯૩૦માં અમેરિકામાં માઉન્ટ વિલ્સનના ૧૦૦ ઈંચના વ્યાસવાળા પાવરફુલ ટેલિસ્કોપ વડે ખગોળશાસ્ત્રી ઍડવીન હબલે બ્રહ્માંડનું નિરીક્ષણ કર્યું તો તેને બ્રહ્માંડ બધી દિશામાં વિસ્તરતું દીઠું. આ વિસ્તરણની જ્યારે દુનિયાને જાણકારી થઈ ત્યારે કેટલીક બાબતો તરફ આંગળી ચીંધતા પ્રશ્નો જાગ્યા કે બ્રહ્માંડ જો વિસ્તરતું હોય તો દૂરના ભૂતકાળમાં ક્યારેક તે સંકુચિત અવસ્થા ધરાવતું હોવું જોઈએ. ખગોળશાસ્ત્રના નિષ્ણાતો ઘણા વર્ષો સુધી અટકળોમાં ગોથાં ખાતા રહ્યા. ઈ.સ.૧૯૪૮માં જ્યોર્જ ગોમોવ અને રાલ્ફ એલ્ફર નામના બે નિષ્ણાતોએ ક્રાંતિસર્જક થિઅરી પેશ કરી કે બ્રહ્માંડના વિસ્તરણને રિવર્સ ગિયરમાં નાખીને તેને પાછું સંકેલવા માંડો તો ક્રમશઃ સંકોચન પામી છેવટે તે પારાવાર હદે ભીંસાયેલું **'કોસ્મિક ઈંડુ'** (Cosmic Egg) બને.

આમ તેમની થિઅરી પ્રમાણે બ્રહ્માંડનો આરંભ નાના ટપકાથી થવાનું વિચારીને તેનું નામ કોસ્મિક ઈંડુ આપ્યું. આ થિઅરી વીસમી સદીમાં આવી જે પાછળથી Big Bang થિઅરી તરીકે પ્રચલિત થઈ.

હવે આપણે આપણા મહાન પીર સૈયદ મશાયખ(રહે.) બાવાએ સોળમી સદીમાં મોમિનોને આપેલ કિતાબનાં બયાનોને જોઈએ અને તેના ઉપર મનન કરીએ.

હઝરત પીર મશાયખ(રહે.) બાવા **તરીકત યાની ધરમમૂલ** બયાન નં. ૮માં ફરમાવે છે :

**ઉસ અંડેસુ અસમાન જડીઆ,**
**ભવન રે ભવન જજુઆ કરીયા. ૭**

**સબ અંડેથી નીપજ કીતી,**
**ખાલિક આપ કે મન જુ દીતી. ૧૦**

**અસમાન જમીન જુ અંડા કહીએ,**
**અંડે રે જેસા ગોલા સબ લહીએ. ૧૧**

**અંડે રે માંહી સબ સંસારા,**
**ખાલિક કેરા નાં પાવે પારા. ૧૨**

બીગ બેંગ થિઅરીના રાલ્ફ એ. આલ્ફર (Ralph A. Alpher)ને અમેરિકાનો **નેશનલ મેડલ ઑફ સાયન્સ**નો એવોર્ડ ૨૭, જુલાઈ-૨૦૦૭ના રોજ મળ્યો. આ વિજ્ઞાનિકનું મૃત્યુ ૧૨, ઓગસ્ટ-૨૦૦૭ના રોજ થયું. તે પોતાના મૃત્યુ સુધી એમ જ વિચારતા રહ્યા કે બ્રહ્માંડની શરૂઆતની ક્ષણ કોસ્મિક ઈંડા પહેલાં શું હતી ?

(**'ગુજરાત સમાચાર'**માંથી, તા.૧૯-૯-૨૦૦૭)

એનો જવાબ પણ હઝરત પીર મશાયખ બાવા(રહે.) પાસે છે. આ રહ્યો જવાબ :

હઝરત પીર મશાયખ(રહે.)બાવા **તરીકત યાની ધરમમૂલ** બયાન નં.૧માં ફરમાવે છે :

**ના જમી રે જિસ દિન ન અસમાન કોહી,**
**થે તિસ દિન પીર ને ખાલિક દોહી. ૪**

**પહેલાં નિરંજન ખાલિક કહીએ,**
**કેફ એ ખાલિક કું કછુએ ના લહીએ. ૫**

**તબ ખાલિક આપ ખુદા નિરંજનાં,**
**તો ખાલિક કહે મુજે કેને નાં પિછાના. ૭**

**તો ઈતની ફિકર કર હેત જે કિયા,**
**આપ તન નૂર લે મહંમદ કિયા. ૮**

**દોનું રે નૂર જેસા નૂર દિખાવે,**
**પણ અલ્લા' રે મહંમદ દો નામ લિખાવે. ૯**

email : manjurhusainpatel@gmail.com

# આરોગ્યની સાચવણી
**'Prevention is better than cure.'**

અત્યાર સુધી આપણે આરોગ્ય વિષય કોલમ અંતર્ગત રોગો, ચિહ્નો, ઉપચાર અને રોગનાં મૂળ કારણો વિષે ચર્ચા કરતા હતા. હવે પછી આપણે અહીં રોગોથી બચવાના ઉપાયો અંગેની જાણકારી મેળવવા પ્રયત્નો કરતા રહીશું કારણ કે રોગ થઈ ગયા પછી આપણા હાથમાંથી બાજી સરકી જાય છે અને ડૉક્ટરોની સલાહ મુજબ જ આપણે વર્તવું પડે છે. પણ જો રોગો આવતા અટકે અથવા અમુક હદે આપણે રોગોથી બચી શકીએ તે વધારે સારું પગલું કહી શકાય.

૧૮મી સદી પછી થયેલ ઔદ્યોગિક ક્રાંતિ પછી દુનિયાભરમાં ઘણા બધા વિચિત્ર કહી શકાય તેવા ફેરફારો થવા લાગ્યા અને આની અસર માનવ જીવન ઉપર થવા લગી. ઔદ્યોગિક ક્રાંતિ પછી માનવજાત વિકાસ કરવાની આંધળી દોટ પાછળ થનારા નુકસાન અંગે અજાણ રહી અથવા તો અંગે વિચાર ન કર્યો. આવી આંધળી દોટ વખતે માનવજાતને કુદરતે આપેલી નાયાબ નેઅમતોનો ધરાર દૂરુપયોગ થવા લાગ્યો. અલ્લાહ તઆલાએ નેઅમતો સ્વરૂપે આપેલી બક્ષિસોને વગર વિચાર્યે માણસો વેડફી નાખવા લાગ્યા અને ન કલ્પી શકાય એટલું નુકસાન વેઠી લીધું.

રાસાયણિક ખાતર, કેમીકલથી માંડીને જીવલેણ અણુશસ્ત્રોની અવિચારી હોડમાં પર્યાવરણનું નિકંદન કાઢવા લાગ્યા અને હવે માનવ શરીર આનું ખરાબ પરિણામ ભોગવી રહેલ છે. કુદરતે માવજાતિને અલગ અલગ પ્રદેશોમાં આબાદ કરી અને જે તે પ્રદેશના ભૌગોલિક, વાતાવરણ અનુસાર ખારોક, પાણી, હવા, સહનશક્તિ, રોગ પ્રતિકારકશક્તિ પણ અર્પણ કર્યાં. આજના જેટ યુગમાં દુનિયા નાની થવા લાગી. દૂર દૂર રહેતા માણસો નજીક આવવા લાગ્યા અને આવા સંપર્કોને કારણે અમુક રોગોનું આદાન પ્રદાન પણ થવા લાગ્યું. અમુક પ્રદેશની બીમારી અન્ય પ્રદેશમાં ફેલાઈ તો વિચિત્ર સ્વરૂપ ધારણ કરવા લાગી. થોડા સમય પહેલાં ફ્લૂ એક સામાન્ય બીમારી ગણાતી હતી અને આજે તે સ્વાઈન ફ્લૂ અથવા બર્ડ ફ્લૂ નામથી ફેલાઈને જીવલેણ બની ચૂકી છે અને સૌથી દુ:ખની બાબત એ છે કે રોગોના ઈલાજ માટે લેવામાં આવતી દવાઓ જ એક ઉપાધિ બનવા લાગી. એક રોગથી બચવા માટે કરવામાં આવતી દવાની આડ અસરથી બીજી બીમારીઓ થવા લાગી. આજે નાની મોટી બીમારીમાં પણ જેની જરૂર પડે છે એવા એક્સ રે, સોનોગ્રાફી, કેમોથેરાપી પણ શરીરને ઘણું બધું નુકસાન કરતા હોય છે.

શાકભાજી, ફળફળાદી, અનાજ, કઠોળ પણ રાસાયણિક ખાતરોથી ભરપૂર હોય છે. વાવણીથી લઈને અનાજ સંગ્રહ કરવાની દરેક પધ્ધતિમાં છૂટથી રાસાયણિક ખાતરોનો ઉપયોગ થવા લાગ્યો. આજે જગતભરમાં લગભગ ૭૦,૦૦૦ જેટલાં અલગ અલગ રસાયણો રોજિંદી વપરાશ લાયક વસ્તુઓ જોડે વણાયેલાં છે અને દર વર્ષે તેમાં લગભગ ૧૦૦૦ નવાં રસાયણોનો ઉમેરો થતો જાય છે.

બ્રિટનના જાણીતા પેથોલોજીસ્ટ ડૉ.વિવાન હોવર્ડના અભ્યાસ મુજબ બાળક જન્મે ત્યારથી જ તેની જાણ વગર ૩૦૦ જેટલાં રસાયણોનું જૂથ તેને વળગી પડે છે. આપણા પોતાના ઘરમાં બનતા ખોરાકથી માંડી, ફુડ પેકેટ્સ, શાકભાજી, ઘરમાં કરવામાં આવતા કલર સુધ્ધાં રસાયણોથી મુક્ત નથી. વિમેન્સ એન્વાયરમેન્ટ નેટવર્ક (**WEN**) નામની સંસ્થાએ કરેલ સર્વેક્ષણ અનુસાર બાળક ૬ મહિનાનું થાય ત્યારથી જ તેના મગજ અને શરીર પર રાસાયણિક હુમલા શરૂ થઈ જાય છે. બેબી પાવડર, લૉશન, બેબી શેમ્પૂ, હાઈજીનિક પેડ પણ રસાયણોથી મુક્ત નથી. (ક્રમશઃ)

(**મોમિન મેડીકલ સહાય યોજના** નિષ્ણાત ડૉક્ટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના આધારે)

# ઈમાન કોને કહેવાય ?

લેખન : મો.હનીફભાઈ જે. ટુકા(વાઘરોલ-અમદાવાદ)

**હઝરત મૂસા(અ.) અને હઝરત ખિઝર (અ.)નો કિસ્સો અને ઈમાનની કદર અને કિંમત**

આપણે એ એહસાસ અને સમજને જીવિત રાખીએ કે ઈમાન પ્રાણ કરતાં વધારે પ્રિય છે અને આપણે આ વાત સારી રીતે સમજી લઈએ કે બાળકના જીવ અને એના સ્વાસ્થ્ય કરતાં તેનું ઈમાન વધારે પ્રિય છે, ઈમાન વધારે કિંમતી છે. એના માટે આપની સમક્ષ કુરઆને પાકની બે આયતો રજૂ કરું છું. મારો અહેસાસ એ છે કે બહું જ થોડા લોકો આ આયતો દ્વારા વાસ્તવિક પરિણામ પર પહોંચ્યા હશે.

કુરઆને મજીદના સૂરએ કહ્ફમાં છેવટે આ કિસ્સો બયાન કરવામાં આવ્યો છે કે હઝરત ખિઝર(અ.)એ એક બાળકના પ્રાણ લીધા અને આ કાર્ય તેમણે તે સમયના મહાન પયગમ્બર હઝરત મૂસા(અ.)ની ઉપસ્થિતિમાં અને તેમની સાથે હતા ત્યારે કર્યું.

હઝરત મૂસા(અ.)એ હઝરત ખિઝર(અ.)ને જ્યારે પૂછ્યું કે આપે બાળક સાથે આ શું કર્યું ? એનો શું ગુનો હતો ? અને શું તેનો ગુનો એવો હતો કે જેથી એના પ્રાણ લઈ લેવામાં આવે ? હઝરત ખિઝર(અ.)એ કહ્યું કે તેના મા-બાપ બન્ને ઈમાનવાળાં અને નેક હતાં અને આ બાળક તેમના માટે મોટું થઈને ઉપાધિ ઊભી કરનાર હતું. જો આ જીવિત રહી જાત તો તેના માતા-પિતાના ઈમાન માટે ખતરો બની જાત તેથી મેં તેમને આ ખતરાથી બચાવી લીધા અને તેનો જીવ લઈ લીધો કે અલ્લાહ તઆલા બીજી ઓલાદ આપશે.

આજે સમગ્ર ઈસ્લામી જગતમાં ક્યાંય પણ મોટામાં મોટી સ્વતંત્ર હુકૂમતો અને શરઈ હુકૂમત પણ આના પર અમલ કરી શકતી નથી. આપ સૌ જાણો છો કે આવી રીતે અમલ કરવો તદ્દન હરામ અને નાજાઈઝ છે, માત્ર એવા ભયના કારણે કે આ બાળક ક્યારેક ફિત્નો બની જશે (અને ઘણાં બાળકો ફિત્ના બની રહ્યાં માટે ફિત્નાથી બચો અને ગુનાઓથી પણ બચો.) તેનો જાન લેવાની છૂટ નથી. હત્યાની તો વાત જ ક્યાં, બીજી કોઈ મોટી સજા માસૂમ બાળકને કોઈ પણ પરિસ્થિતિમાં આપી શકાય તેમ નથી.

તો અહીં પ્રશ્ન ઊભો થશે કે પછી કુરઆને કરીમમાં કયામત સુધી આ કિસ્સાને સૂરએ કહ્ફમાં દાખલ કરીને તેને શા માટે અમર બનાવી દીધો ? વળી એનું વાંચન કયામત સુધી કરવામાં આવશે માત્ર એ માટે જ કે લોકો સમજી શકે કે ઈમાનની આ કિંમત છે. જો કે આજે એના પર અમલ ન થઈ શકે અને શરીઅતમાં (ઈસ્લામી કાયદા કાનૂન મુજબ) તેના પર અમલ કરવો હરામ છે. આ અયોગ્ય ખૂન કહેવાય, પરંતુ અલ્લાહ તઆલા આ કિસ્સાને કુરઆને પાકના સૂરએ કહ્ફમાં બયાન ફરમાવી રહ્યો છે તે એક પયગમ્બર અને તેના સાથીનો (કે જેમનો દરજ્જો ઓછામાં ઓછો અલ્લાહના વલીનો હશે) અમલ બતાવવામાં આવ્યો છે. છેવટે એની પાછળ શું હિકમત હશે ?

હિકમત માત્ર એ જ કે આપણે બધા વિચારીએ કે ઈમાન એવી કિંમતી વસ્તુ છે કે તેના માટે હઝરત ખિઝર(અ.) કે જેઓ મહાન ફકીહ, મહાન આરિફ બિલ્લાહ (અલ્લાહને ઓળખનાર) અને પ્રખર દીર્ઘદષ્ટા અને અલ્લાહના મકબૂલ બંદા હતા, તેમણે આ કામ કર્યું કે એ બાળકનો જાન લઈ લીધો. પછી અલ્લાહ તઆલાએ આ કિસ્સો સંભળાવ્યો અને કુરઆને પાકમાં હંમેશાં માટે સુરક્ષિત કરી દીધો જેથી વાચકો સમજી લે કે ઈમાન એટલી મોટી વસ્તુ છે કે તેના માટે જે વસ્તુ ખતરારૂપ બનનારી છે એને પણ દૂર કરવી જોઈએ, ભલેને એ બહુ પ્રિય કેમ ન હોય, પરંતુ અમે લોકો આ રીતે વિચાર નથી કરતા.

(માટે એક અલ્લાહવાળાએ ફરમાવ્યું છે કે મા-બાપની ખિદમત કરો. બેશક મા-બાપની દુઆ કબૂલ થાય છે અને નાફરમાન ઓલાદથી અલ્લાહ નારાજ છે.)

કુરઆને પાકનો આ ઈલ્હામી નુક્તો છે કે જેને અલ્લાહ તઆલાએ આ કિસ્સામાં બયાન ફરમાવ્યો છે કે હઝરત મૂસા(અ.) અને હઝરત ખિઝર(અ.) એક વસ્તીમાં ગયા. ત્યાં તેમણે જોયું કે એક દીવાલ તૂટવાના આરે છે. આ સમયે તેઓ પોતાની પરિસ્થિતિ દ્વારા અને મોઢે પણ કહ્યું, જેમકે કુરઆને પાકમાં ઈશારો કરવામાં આવ્યો છે કે અમો પરદેશી છીએ તેથી અમારી મહેમાનગતિ થવી જોઈએ પરંતુ આખા ગામમાંથી કોઈએ ખબર ન લીધી અને ન તો કોઈએ રોટી પણ આપી. તેથી તેઓ ભૂખ્યા રહ્યા.

(એટલે તો કરબલામાં હઝરત ઈમામ હુસૈન(અ.)એ ઈમામત હઝરત ઈમામ ઝયનુલ આબેદીન(અ.)ને આપી ત્યારે વસિયત કરી કે બેટા સજ્જાદ ! પરદેશીની ખિદમત કરજો અને એને પનાહ આપજો.)

પરંતુ જે દીવાલ પડી રહી હતી તે હઝરત ખિઝર(અ.)એ સંભાળી લીધી અને આપ જાણો છો કે પડી જવાના આરે ઊભેલી દીવાલની સંભાળ લેવી કેટલું મુશ્કેલ કામ હોય છે. આશ્ચર્ય થાય છે કે તેઓ તે માટેનો મસાલો સર-સામાન ક્યાંથી લાવ્યા હશે અને તેમણે કેટલી મહેનત કરી હશે. હઝરત મૂસા(અ.)એ કહ્યું, આશ્ચર્ય પમાડે તેવી ઉલટી વાત છે. જે લોકોએ ખાવાનું સુધ્ધાંની દરકાર ન લીધી, આપણને રોટીનું પણ ન પૂછ્યું તેમને ક્યાંથી આ હક્કમળી ગયો અને આ કેવો ઉપકાર હતો કે જે દીવાલની સંભાળ માટે તે લોકોને મજૂરો અને પૈસાની જરૂર ઊભી થવાની હતી અને પોતે દરકાર રાખે તેની જરૂર હતી પણ હઝરત ખિઝરે એ દીવાલની સંભાળ લીધી. હઝરત ખિઝરે હઝરત મૂસાને જવાબ આપતાં કહ્યું,

કુરઆનનો ભાવાર્થ : આ દીવાલ બે યતીમ બાળકોની હતી જેમના પિતા નેક હતા. આ દીવાલ જો પડી જાત તો જે ખજાનો તેની અંદર દટાયેલો હતો તે ખુલ્લો પડી જાત અને લોકોએ લૂંટી લીધો હોત અને આ યતીમ બાળકોને ગરીબાઈનો સામનો કરવો પડત અને તેમની પાસે કશું જ ન રહ્યું હોત.

એક બાજુ હત્યા કરી ઈમાનને ખતરો હોવાના કારણે અને બીજી બાજુ દીવાલની સંભાળ લીધી ઈમાનની ફઝીલતના કારણે એટલે કે તે અનાથ બાળકો નહીં પરંતુ તેમના પિતા નેક હતા. શી ખબર તેમના મૃત્યુને કેટલો સમય વીત્યો હશે. પરંતુ હઝરત ખિઝર(અ.)એ ઈમાનની એટલી કિંમત આંકી કે તે દીવાલની સંભાળ લીધી અને તેને ઊભી કરી, ઠીક કરી અને ખજાનો દબાઈને સુરક્ષિત રહ્યો. આ બન્ને કિસ્સા અલ્લાહ તઆલાએ એક જ સૂરતમાં અને ઉપર નીચે બયાન કર્યા છે જેથી આપણને ઈમાન અને કુફ્ર વચ્ચેનો ભેદ સમજાઈ આવે. એક બાજુ ઈમાનની આ કિંમત કે જે બાળક માતા-પિતા માટે ખતરો બનનારું હતું, હજી તેઓ માટે સમય પાક્યો ન હતો, હજી તેઓ યુવાન સમજણા થયા ન હતા અને તેઓ યતીમ હતા. તેમના પિતા ઈમાનવાળા અને નેક હતા. તો અલ્લાહ તઆલાએ એ પિતાના ઈમાનની કદર કરી દીવાલની સંભાળ લેવાની વ્યવસ્થા ફરમાવી અને ઈલ્હામ દ્વારા જાણી લઈને હઝરત ખિઝર(અ.)એ તે દીવાલની સંભાળ લીધી.

(માટે એક અલ્લાહવાળા ફરમાવે છે કે અમાનતમાં ખયાનત કરવી એ ગુન્હો છે.)

સારું એ છે કે જો ભયરૂપ લાગે તો એને પેલી દીવાલની જેમ સંભાળી લે કે જે પડી રહી હતી, એ જ પ્રમાણે પોતાની ઓલાદને અને ભવિષ્યમાં આવનારી આપણી નસલને પડી ભાંગતી દીવાલને જેમ ઊભી કરવામાં આવે છે, તેમ ઊભી કરી દે અને મજબૂત બનાવે એની પૂરતી દરકાર લે.

આ વાતને કબૂલ કરી લો કે ઈમાન પ્રાણ કરતાં વધારે પ્રિય છે. તો પછી બાળકનો ઈલાજ, તેની સાર સંભાળ, તેના માટે કપડાં બનાવવાં અને પોષાકનો ખ્યાલ કરવો તેમજ આગળ વધીને ઉચ્ચ શિક્ષણ અપાવવું, આ બધાંથી વધારે એ હશે કે તેમના હૃદયમાં ઈમાન બેસાડવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

(માટે એક અલ્લાહવાળા ફરમાવે છે કે ઈમાન એને કહેવાય કે જેમાં માણસાઈ અને ઈમાનદારી હોય.) *

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### ગુસ્સો

(ગતાંકનું ચાલુ)

**ગુસ્સાથી બચવા માટેના ઉપાયો :**

- ગુસ્સાથી બચવા માટે ગુસ્સો ઉત્પન્ન કરનારી વસ્તુઓ જેવી કે અભિમાન, અહમ્, સ્વાર્થ, મજાક-મશ્કરી, અતિશય લોભ, દુશ્મની, વગેરેનો ત્યાગ કરવો.
- ગુસ્સાથી બચવા માટે ગુસ્સાથી થતાં નુકસાન દર્શાવતી હદીસો વાંચીને તેના ઉપર અમલ કરવો જોઈએ.
- ઈમામ મોહંમદ બાકિર(અ.)થી મરવી છે કે તૌરેતમાં જે વાતો વર્ણવી છે તેમાં એક એ પણ છે કે ખુદા તઆલાએ મૂસા(અ.)ને ફરમાવ્યું કે જેના ઉપર મેં તને સત્તા આપી છે તેના ઉપર ક્રોધિત થતો નહીં, તેથી હું પણ તારા ઉપર કોપાયમાન નહીં થાઉં.
- ગુસ્સાને દૂર કરવાની એક તદ્બીર એ છે કે ગુસ્સાના બિહામણા સ્વરૂપને દિલથી જોવું અથવા દર્પણમાં ચહેરો જોવો કે જેથી ગુસ્સા વખતનું તેના ચહેરાનું રૂપ જોઈને માણસ શરમાઈ જાય.
- ગુસ્સો ચઢે છે તે વખતે પોતાની જાતને બીજી તરફ વાળી દેવી. બીજા વિચારો કરવા. ખાસ કરીને પયગમ્બરો અને ઈમામોના જીવન તરફ નજર કરવી.

**આપણે ગુસ્સે થઈએ તો શું કરવું જોઈએ ? :**

- આપણે આપણા ગુસ્સા ઉપર અંકુશ કેવી રીતે લાવી શકીએ ?
- પ્રથમ તો એ કે જ્યારે આપણે ગુસ્સે થઈએ તો તરત જ શાંત થઈ જવું જોઈએ.
- આપણે કેવી રીતે શાંત થઈ જવું જોઈએ તેની રીત પયગમ્બરે ઈસ્લામ(સ.)એ આપણને આ શબ્દોમાં બતાવી છે :

**'ખચીત જ ગુસ્સો શયતાન તરફથી છે અને શયતાન આગમાંથી બનેલો છે અને આગને પાણીથી જ ઓલવી નખાય છે તેથી જ્યારે જ્યારે કોઈને ગુસ્સો ઉત્પન્ન થાય તો તેણે વુઝૂ કરી લેવું જોઈએ.'**

- વુઝૂમાં શરીરને શાંત કરવાની તાસીર રહેલી છે અને તેથી વ્યક્તિને શાંત બનાવી દે છે. વળી વુઝૂ આપણને અલ્લાહની યાદ પણ અપાવે છે જેથી આપણે આપણી જાત ઉપર ફરીથી કાબૂ પ્રાપ્ત કરી દઈએ છીએ.
- ઈમામ અલી(અ.)એ પણ ફરમાવ્યું છે :

**'તમારામાંથી જો કોઈ ગુસ્સાનો સામનો કરે તો જો તે ઊભેલો હોય તો તેણે નીચે બેસી જવું જોઈએ અને જો બેઠેલો હોય તો સૂઈ જવું જોઈએ.'**

- વળી આપણા રૂહાની રહેબરોએ આપણને હિદાયતની મજલિસોમાં એવી સલાહ પણ આપેલી છે કે જો તમને ગુસ્સો ચઢે તો એક ગ્લાસ ભરીને પાણી પી જવું જોઈએ. પાણીમાં ગુસ્સાનું શમન કરવાની શક્તિ રહેલી છે.
- કોઈએ હઝરત રસૂલે ખુદા(સ.)ને અરજ કરી,

'યા રસૂલિલ્લાહ ! એવી કઈ વસ્તુ છે કે જે મને ખુદાના ગુસ્સાથી બચાવી શકે છે ?'

તો આપે જવાબમાં ફરમાવ્યું,

'તું ગુસ્સે ન થયા કર.'

- હઝરત રસૂલે ખુદા(સ.)ને કોઈએ પૂછ્યું,

'યા રસૂલિલાહ ! મને કોઈ એવી સરસ વાત બતાવો કે જેનાથી મારાં બધાં જ કાર્યોમાં

સફળતાની આશા રાખી શકાય.'

આપે ફરમાવ્યું,

'ગુસ્સે ન થયા કર અને ચિંતામાં પડેલો ના રહે.'

પૂછનારે આ સવાલ ઘણી વખત પૂછ્યો પરંતુ દરેક વખતે હઝરતે એ જ જવાબ આપ્યો, 'ગુસ્સે ન થા અને ચિંતા ન કર.'

- હઝરત સુલયમાન(અ.)ને એક માણસે ગાળો દીધી. તેમણે જવાબ આપ્યો,

'જો કયામતના દિવસે મારા ગુનાહનું છાબડું ભારે હશે તો તું જે કહે છે તેના કરતાંય પણ હું વધારે ખરાબ છું અને જો ગુનાહનું છાબડું હલકું હશે તો તારી વાતનો મને શું ડર છે ?'

- હઝરત અલી(અ.) શેરે ખુદાને કોઈએ સવાલ પૂછ્યો,

'દુનિયામાં સૌથી વધારે સખત કઈ બાબત છે ?

તો આપે ફરમાવ્યું,

'સૌથી સખત બાબત અલ્લાહ તઆલાનો ગુસ્સો.'

તેણે અરજ કરી,

'ખુદાથી કેવી રીતે અમન મેળવી શકાય?'

આપે જવાબ આપ્યો,

'ગુસ્સાને દૂર કરવાથી.'

- હઝરત ઈમામ હુસૈન(અ.)ના વિષે લખવામાં આવ્યું છે કે આપ ઘણા જ દયાળુ અને સખી હતા. એક વખત એક ગુલામે આપને ગુસ્સે કરવા માટે આપની બકરીનો પગ તોડી નાખ્યો તો આપે ફરમાવ્યું,

'તારા મનમાં જેણે આ વાત દાખલ કરી છે તે (શયતાન)ને ખુશ કરવા (એટલે કે) ગુસ્સો કરવાને બદલે હું તને જ આઝાદ કરી દઉં છું.'

ગુલામ આપની દયાની અને સખાવતની તારીફ કરતો કરતો ત્યાંથી ચાલ્યો ગયો.

- હઝરત રસૂલે ખુદા(સ.)ની રૂબરૂમાં એક માણસ એક અસ્હાબને ખરાબ શબ્દો કહી રહ્યો હતો અને તે અસ્હાબ ચૂપચાપ સાંભળી રહ્યા હતા. રસૂલે ખુદા(સ.) બેઠા બેઠા હસતા હતા. જ્યારે અસ્હાબે તેની વાતનો જવાબ આપ્યો કે તરત જ હઝરત રસૂલે ખુદા(સ.) ત્યાંથી ઊઠીને ઊભા થઈ ગયા. આ જોઈને અસ્હાબે પૂછ્યું,

'યા રસૂલિલ્લાહ ! હમણાં સુધી તો આપ બેસી રહ્યા હતા. જ્યારે હું તેની વાતનો જવાબ આપવા લાગ્યો તો આપ શા માટે ઊભા થઈ ગયા?'

આપ(સ.)એ ફરમાવ્યું,

'તું જ્યાં સુધી ચૂપ હતો ત્યાં સુધી ફરિશ્તો તારા તરફથી જવાબ આપી રહ્યો હતો પરંતુ જ્યારે તેં જવાબ આપવાનું શરૂ કર્યું કે તરત જ શેતાન આવી પહોંચ્યો. મને એ બાબત પસંદ ન પડી કે હું શયતાનની સાથે બેસું.'

- હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે :

'જ્યારે સઘળા લોકો કયામતના દિવસે ઊઠીને ઊભા થશે ત્યારે એક ફરિશ્તો પોકારીને કહેશે કે જેમનો ખુદા પાસે બદલો છે તે લોકો ઊભા થાય. આ સાંભળીને કેટલાક હજાર લોકો ઉઠશે અને વગર હિસાબે જન્નતમાં જશે, એટલા માટે કે આ લોકો ખુદાના બંદાઓના કસૂર માફ

**મહેરબાં હો કે બૂલા લો મુઝે ચાહો જિસ વક્ત,**
**મૈં ગયા વક્ત નહીં હૂં કે ફિર આ ભી ન સકૂં.** - મિર્ઝા ગાલિબ

(મારા ઉપર મહેરબાન થઈને મને જ્યારે ઈચ્છો ત્યારે બોલાવી લો.
હું કંઈ વીતી ગયેલો સમય નથી કે ફરીથી પાછો આવી નહીં શકું.)

કરી દેતા હતા.'

ત્યાર પછી આપે ફરમાવ્યું,

'તે માણસ ઉત્તમ છે કે જે ગુસ્સે બહુ જ મોડો થાય અને રાજી જલ્દી થઈ જાય અને ખરાબ તે છે કે જે જલ્દી ગુસ્સે થઈ જાય અને બહુ મોડો રાજી થાય.' *

## ટચૂકડી વાત

હજની ફરજ પૂર્ણ કર્યા પછી એક વ્યક્તિ હઝરત ઈમામ જાફર સાદિક(અ.)ની સેવામાં ઉપસ્થિત થઈ અને જેમ હંમેશાં બનતું આવ્યું છે તેમ તે માણસ પોતાના પ્રવાસનાં સંસ્મરણો સંભળાવવા લાગ્યો.

પોતાના સહપ્રવાસીઓમાંથી એકની તેણે ખૂબ જ પ્રશંસા કરી,

'કેવો ભલો માણસ ! એની સજ્જનતા અને તકવાની તો વાત જ ન થાય. આવા માણસના સંગાથ માટે અમે જેટલો ગર્વ કરીએ એટલો ઓછો. બંદગીમાં મશગૂલ. બસ 'અલ્લાહ, અલ્લાહ' જ કરતો હોય. અમે જ્યાં મંઝિલ કરતા તો ઉતરીને તરત જ એક ખૂણામાં મુસલ્લો પાથરીને અલ્લાહની યાદમાં મગ્ન થઈ જતો.'

આ સાંભળીને ઈમામ(અ.)એ પૂછ્યું,

'મને એ તો બતાવો કે તેની જિંદગીની જરૂરિયાતો કોણ પૂરી કરતું હતું ? તેની સવારીના જાનવર માટે દાણા-પાણીનો બંદોબસ્ત કોણ કરતું હતું ?'

પેલા માણસે જવાબ આપ્યો,

'અમને ખુદાના ફઝલથી એ ઈઝ્ઝત અને ગર્વ પ્રાપ્ત થયો હતો કે અમે તેની દરેક જરૂરિયાતને પૂર્ણ કરી આપતા. એ તો માત્ર બંદગી અને ઝિક્રમાં જ મશગૂલ રહેતો હતો. બીજી બાબતો તરફ તેનું જરા પણ ધ્યાન જતું નહીં.'

ઈમામે આટલું કહીને તેની વાતનો અંત લાવી દીધો,

'જો એવું જ હતું તો તમારામાંથી દરેક જણ તેના કરતાં શ્રેષ્ઠ છે.' *

## નુસ્ખા

### ખીલ

* રાત્રે સૂતી વખતે ગરમ પાણીમાં મોઢું ધોવું પછી ચારોલીને દૂધમાં ઘસીને લેપ બનાવીને મોઢા પર લગાવી સૂઈ જવું, સવારે સાબુથી મોં ધોવું આ પ્રયોગથી ખીલ મટે છે.
* નાળિયેરનું દૂધ, કાળી જીરી સાથે મેળવી, લસોટીને ખીલ પર લગાડવાથી ખીલ મટે છે.
* કાચા પપૈયાને કાપવાથી જે દૂધ જેવું પ્રવાહી નીકળે તે ખીલ ઉપર દરરોજ થોડા દિવસ સુધી લગાડવાથી ખીલ કાયમ માટે જડમૂળથી મટી જશે.
* ખૂબ પાકી ગયેલા પપૈયાને છોલીને, છૂંદીને તેની માલિશ મોઢા પર કરવી, પંદરથી વીસ મિનિટ પછી તે સૂકાઈ જાય ત્યારે પાણીથી ધોઈ નાખવું અને જાડા ટુવાલ વડે મોઢાને સારી રીતે લૂછીને જલ્દી કોપરેલ લગાડવું. એક અઠવાડિયા સુધી આ રીતે કરવાથી મોઢા ઉપરનાં ખીલ, ડાઘ મટે છે, મોઢાની કરચલીઓ અને કાળાશ મટે છે.
* તુલસીના પાનના રસમાં લીંબુનો રસ અથવા આદુનો રસ ઉમેરીને મોઢા ઉપર લગાડવાથી અને સૂકાઈ જાય પછી પાણીથી ધોઈ નાખવાથી મોઢા પરના કાળા ડાઘ મટે છે.
* પાકા ટામેટાને કાપીને તેની ચીર ખીલ ઉપર ધીરે ધીરે લગાડીને થોડી વાર સૂકાવા દો. ત્યાર બાદ સહેજ ગરમ પાણીથી સાફ કરવાથી ખીલ મટે છે.
* લોબાન, સુખડ અને આમળાનો પાવડર મોઢા ઉપર ચોપડીને થોડો સૂકાયા બાદ લીમડાના પાન નાખી પાણીથી ધોવાથી ખીલ મટે છે.
* કાચી સોપારી અથવા જાયફળને ઘસીને લગાવવાથી ખીલ મટે છે.

# આપણા ઘરની વાતો

● **પી.એચ.ડી. થવા બદલ અભિનંદન :**



મહેરપુરા નિવાસી અને હાલમાં એસ.બી. મહિલા આર્ટ્સ કાલેજ, મહેતાપુરા-હિંમતનગર ખાતે ગ્રંથપાલ તરીકે ફરજ બજાવતા **મો.ગુલામનબી એ. મસુએ 'ગુજરાત રાજ્યના વિશ્વ વિદ્યાલયોમાં સામાયિકોની સર્જાતી સમસ્યાઓ અને સુજાવો : એક અધ્યયન'** વિષય ઉપર ડૉ.શિવદાનભાઈ ચારણના માર્ગદર્શન હેઠળ મહાનિબંધ લખીને ડૉ.આંબેડકર યુનિવર્સિટીમાં રજૂ કરતાં તેમણે પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે તે બદલ શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત, મહેરપુરા તથા 'જાફરી આવાઝ' પરિવાર આનંદની લાગણી અનુભવે છે અને તેઓ ઉત્તરોત્તર પ્રગતિનાં સોપાનો સર કરે તેવી અભ્યર્થના સાથે અભિનંદન પાઠવે છે.

● **ઝહીર હોસ્ટેલ તથા ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ, ઝહીરાબાદ-હિંમતનગરનો પ્રવાસ :**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા સંચાલિત ઝહીર હોસ્ટેલ તથા ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ, ઝહીરાબાદના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે તા.૧૦ અને ૧૧ ઓક્ટોબરના રોજ માઉન્ટ આબુ, મકતબા જાફરીયા, સિધ્ધપુર તેમજ અંતરશા વલીના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌ પ્રથમ તમામ વિદ્યાર્થીઓએ માઉન્ટ આબુમાં નખી લેકની મુલાકાત લઈ બોટીંગની મજા માણી હતી. બપોરના ભોજન બાદ દેલવાડાનાં દહેરાં, ગુરૂશિખર, બ્રહ્માકુમારી ઉદ્યાનની મુલાકાત લીધી હતી. છેલ્લે સન સેટ પોઈન્ટ નિહાળી માઉન્ટ આબુથી વિદાય લઈ મકતબા જાફરીયા તરફ પ્રયાણ કર્યું હતું. રસ્તામાં સનરાઈઝ હોટલ, અમીરગઢ તરફથી ચા-પાણીની વ્યવસ્થા કરેલ હોવાથી ત્યાં રોકાણ કર્યું હતું. સનરાઈઝ હોટલ મેનેજમેન્ટના ઉષ્માભર્યા સ્વાગતથી સૌ પ્રભાવિત થયા હતા. હોટલ સનરાઈઝ પરથી સીધા મકતબા જાફરીયા રાત્રિ રોકાણ માટે પહોંચ્યા હતા. બીજા દિવસે સવારે મકતબા જાફરીયા ખાતે ચા-નાસ્તો કરી જાફરીબાગ, સિધ્ધપુર તરફ પ્રયાણ કર્યું હતું જ્યાં નામદાર બાવા સાહેબના દીદાર અને દુઆ આશિષ અર્થે સામૂહિક મુલાકાત લીધી હતી. ત્યાર બાદ મકતબા જાફરીયા ખાતે બપોરનું ખાણું લીધા પછી અંતરશા વલીની દરગાહની મુલાકાત લીધી હતી જ્યાં સાંજનું ભોજન લઈ સૌ ઝહીરાબાદ, હિંમતનગર પરત ફર્યા હતા. સદર પ્રવાસમાં ઝહીર હોસ્ટેલ અને ફાતેમા ગર્લ્સ હોસ્ટેલના ૮૫ વિદ્યાર્થી ભાઈ-બહેનોની સાથે મેનેજમેન્ટના સભ્યો પણ જોડાયા હતા. સમગ્ર પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ ફોટોગ્રાફી અને અંતાક્ષરીની મજા માણી હતી. તમામે આનંદ ઉલ્લાસની સાથે નવીન જાણકારી મેળવી અને રૂહાની રહેબરની મુલાકાતથી અનેરો આનંદ અનુભવ્યો હતો. ઉલ્લેખનીય છે કે મકતબા જાફરીયાની મુલાકાત દરમિયાન જનાબ એ.ડી.મોમિને સતત સાથે રહી મકતબા જાફરીયા અંગેની સુંદર માહિતી પૂરી પાડી હતી અને રાત્રિ રોકાણની સુંદર વ્યવસ્થા કરી હતી. તે બદલ શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાએ મકતબા જાફરીયા મેનેજમેન્ટ અને હોટલ સનરાઈઝ મેનેજમેન્ટનો આભાર વ્યક્ત કરેલ છે.

● **મશાયખી હોસ્ટેલ, અમદાવાદનો ત્રીજા વર્ષમાં પ્રવેશ, ગેટ ટુ ગેધરીંગ સાથે યોજાયેલ ઈફ્તાર પાર્ટી :**


આપણા રૂહાની રહેબર પ્રેરિત એહમદ વિકાસ મંડળ સંચાલિત અને સમગ્ર શીઆહ જાફરી મશાયખી

મોમિન જમાઅત સમર્પિત અમદાવાદ ખાતે પીર મશાયખ(રહે.) બાવા સાહેબના રોઝાના સંકુલમાં ચાલતી મશાયખી બોયઝ હોસ્ટેલની શુભ શરૂઆત ૨૨મી જૂન-૨૦૦૮ના રોજ આપણા હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબની દુઆ અને પ્રેરણાથી માત્ર સાત જ વિદ્યાર્થીઓથી શરૂ થયેલી જેમાં આજે ત્રીજા વર્ષે વિવિધ ફેકલ્ટીના સિત્તેરથી વધુ વિદ્યાર્થીઓએ હોસ્ટેલમાં પ્રવેશ મેળવીને લાભ મેળવી રહ્યા છે.

દર વર્ષની જેમ ચાલુ સાલે પણ વિદ્યાર્થીઓ સાથે અમદાવાદ મોમિન મિત્ર મંડળના મોમિન ભાઈઓ કે જેમના સાથ સહકારથી આ હોસ્ટેલનો કારોબાર શક્ય બન્યો છે એવા સમાજના સેવાભાવી મોમિન ભાઈઓનું ગેટ ટુ ગેધરીંગ અને ઈફતાર પાર્ટીનો કાર્યક્રમ તા.૨૭-૮-૨૦૧૦ના રોજ રમઝાન માસના ૧૬મા રોઝાના દિવસે યોજાઈ ગયો. રોઝા ઈફતાર પછી નમાઝે ઈશા બાદ વિદ્યાર્થીઓની હાજરીમાં અમદાવાદ મોમિન મિત્ર મંડળના મોમિન ભાઈઓનો ટૂંકમાં પરિચય શ્રી એમ.વી.સુણસરાએ આપ્યો હતો. વિદ્યાર્થીઓએ પણ ગામ અને અભ્યાસનો ટૂંકમાં પરિચય આપ્યો હતો. સભાના પ્રમુખ સ્થાનેથી અમદાવાદ જમાઅતના મુખી જનાબ ઈબ્રાહીમભાઈ શેલીયાએ બાળકોને સફળતા માટે દુઆ આપી હતી. શ્રી ઈસ્માઈલભાઈ દાઉવા, શ્રી જી. કે. પટાવટ, શ્રી જી. આર. શેલીયા વગેરે વિદ્યાર્થીઓને પ્રસંગોપાત સંબોધન કરેલ હતું. શ્રી જી. આર. શેલીયાએ ડિવાઈન ગ્રેસના ચેરમેનની રૂએ વિદ્યાર્થીઓ જો અભ્યાસ પૂર્ણ કરીને કોઈ મેન્યુફકચરીંગ યુનિટ સ્થાપવા માગતા હોય તો ડીવાઈન ગ્રેસ તરફથી નાણાંકીય સપોર્ટ આપવાની ખુલ્લી ઓફર મૂકી હતી જે સૌએ હર્ષોલ્લાસથી વધાવી લીધી હતી.

મશાયખી બોયઝ હોસ્ટેલની જગ્યા હવે નાની પડતી હોવાથી ભવિષ્યમાં અમદાવાદમાં એક સુંદર વ્યવસ્થા ધરાવતી વિશાળ જગ્યાએ હોસ્ટેલ બને અને ઉચ્ચ શિક્ષણ સાથે દીની તાલીમ વિદ્યાર્થીઓ મેળવે એવી આપણા હાજરપીરની પણ તમન્ના છે જેમાં અલ્લાહ તઆલા આપણને સફળતા આપે એવી ઉમ્મીદ રાખીએ, આમીન. હાલમાં આ હોસ્ટેલની દેખરેખ શ્રી આર. આર. પટાવટ, શ્રી એમ.વી. સુણસરા અને શ્રી જી. એસ. કડીવાલા સંભાળી રહ્યા છે. હોસ્ટેલના રેકટરશ્રી યુસુફભાઈ સુથાર(વડનગર) અને રસોઈયા શ્રી સુલતાનઅલી (ઈલોલ-પહાડીયા) પણ હોસ્ટેલના કામકાજમાં પૂરતો સહકાર આપી રહ્યા છે.

સભાના અંતે ફાતિહા પઢાવીને દુઆઓ માગી હતી અને ગેટ ટુ ગેધરીંગમાં હાજર તમામ માટે અમદાવાદ મોમિન મિત્ર મંડળ તરફથી જમણવાર રાખવામાં આવેલ તે જમીને રાત્રે ૧૧-૦૦ વાગે વિખરાયા હતા. અંતમાં પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે હોસ્ટેલના કામકાજમાં સહકાર આપનારનો આભાર માનવામાં આવ્યો હતો. બે વર્ષ સુધી અભ્યાસ કરીને હોસ્ટેલમાંથી વિદાય લેતા શ્રી મોહસિનઅલી કોજર(જાફરીપુરાવાળા)નો પણ માનદ સેવાઓ આપવા બદલ આભાર માનવામાં આવ્યો હતો.




● **ઈન્નાલિલ્લાહે :**

મેતા નિવાસી **મર્હૂમ મો.મહેંદીહુસૈન ગુલામરસુલ સુણસરા** મુ.તા. ૧, માહે શવ્વાલ, હિજરી સન-૧૪૩૧, તા.૧૧-૯-૨૦૧૦ને શનિવારના રોજ ૩૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે શાંત અને ઈમામ હુસૈન(અ.)ના ચાહક હતા. ---➔



⬅--- હૈદરપુરા નિવાસી **મર્હૂમ મો.ગુલામહૈદર ઈબ્રાહીમભાઈ શેલીયા** મુ.તા.૯, શવ્વાલ, હિજરી સન-૧૪૩૧ને શનિવારના રોજ યુવાન વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નેક, મોહંમદ વ આલે મોહંમદના આશિક હતા. મોહર્રમ માસમાં તેઓ ઈલેકટ્રીકને લગતી સેવાઓ આપતા હતા. તેમના ઈન્તેકાલથી


ગામમાં તથા આજુબાજુના ગામમાં શોકનું વાતાવરણ છવાઈ ગયું હતું.



મેતા નિવાસી **મર્હૂમ મો.અલીમદ હાજી શરીફભાઈ નાંદોલીયા** મુ.તા.૧૯, શવ્વાલ, હિજરી સન-૧૪૩૧, તા.૨૯-૯-૨૦૧૦ને મંગળવારના રોજ આશરે ૮૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદના ચાહક હતા. તેઓ સ્વભાવે આખાબોલા અને સત્ય બોલવાના આગ્રહી હતા. ---►



◄--- ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ નશીરભાઈ દાંત્રેલિયા** મુ.તા.૩, ઝિલકાદ, હિજરી સન-૧૪૩૧, તા.૧૨-૧૦-૨૦૧૦ને મંગળવારના રોજ ૬૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.



વાઘરોલ નિવાસી **મર્હૂમ મો.અબ્બાસભાઈ જમાલભાઈ સુણસરા** મુ.તા.૭, ઝિલકાદ, હિજરી સન-૧૪૩૧, તા.૧૬-૧૦-૨૦૧૦ને શનિવારના રોજ ૬૨ વર્ષની વયે ટૂંકી માંદગી બાદ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે માયાળુ, હસમુખા અને પીરાને તરીકતના ઘરાના સાથે ખૂબ અકીદત ધરાવતા હતા. મર્હૂમ મોહર્રમમાં મકતુલનામાનાં બયાન પઢતી વખતે મોલ્વી સાહેબને ટેકો પૂરતા હતા. તેઓ કમળાના દર્દીઓને નિઃસ્વાર્થ દવા આપતા હતા અને કમળો ઉતારતા પણ હતા. ---►

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનની ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.


મો.૯૬૩૮૦ ૮૧૫૩૨

**હાર્ટીમાર્ટ**

**સિદ્ધિ શોપ**

ખાસ લોકોની...ખાસ પસંદગી

દમદાર ક્વૉલિટી, વાજિબ દામ

ડે બ્રેક ચા ૨ કિલો ખરીદો
રૂા.૪૪૦/-માં
મેળવો FREE
રૂા.૧૮૮/-ની ડોલ
(૧ વર્ષની ગેરંટી)

લાવી રહ્યું છે ધમાકે દાર સ્કીમ
લાભ લેવાનું ભુલશો નહીં
ટૂંક સમય માટે છે.
જલ્દી કરો.

ડે બ્રેક ચા ૧ કિલો ખરીદો
રૂા.૨૨૦/-માં
મેળવો FREE
રૂા.૭૨/-ના પ્લાસ્ટીક મગ-૨
(૧ વર્ષની ગેરંટી)

૧૦૦૦/- રૂા.ની ખરીદી ઉપર
મેળવો FREE
૫૦૦ ગ્રામ વોશીંગ પાવડર
નોંધ : તેલ, ખાંડ, ઘી અને હોલસેલ ઉપર લાગુ પડશે નહીં.

**પ્લાસ્ટીક આઈટમ અને ઘર વપરાશની તમામ વસ્તુ મળશે.**

**પાણપુર પાટિયા, ઝહીરાબાદ, હિંમતનગર-૩૮૩૦૦૧.**

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૧૦૦/- મો.હાજીયાણી ફાતમાબેન નુરમહંમદ(કઠોર)તરફથી જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ(કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**રૂા.૫૦૦૦/- મો.ગુલામમોહંમદ સુલેમાનભાઈ આંબલીયાસણા(મેતા)તરફથી તેમના દીકરા મંજૂરએહમદ Computer Engineeringમાં ઉત્તીર્ણ થયા તેની ખુશાલી પ્રસંગે.**

**મર્હૂમ મો.મહેંદીહુસૈન ગુલારસુલ સુણસરા (મેતા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મો.ઝોહરાબેન મહેંદીહુસૈન સુણસરા
રૂા.૧૦૧/- મો.ગુલામરસુલ યુસુફ સુણસરા
રૂા.૧૦૧/- મો.મરીયમબેન ગુલામરસુલ સુણસરા
રૂા.૧૦૧/- મો.હસનઅલી ગુલામરસુલ સુણસરા
રૂા.૧૦૧/- મો.હુસૈનાબેન હસનઅલી સુણસરા
રૂા.૫૧/- મો.શબ્બીરહસન મહેંદીહુસૈન સુણસરા
રૂા.૨૫/- મો.અકબરઅબ્બાસ મહેંદીહુસૈન સુણસરા
રૂા.૨૫/- મો.અજરાતાહેરા મહેંદીહુસૈન સુણસરા
રૂા.૨૫/- મો.અબ્બાસઅલી હસનઅલી સુણસરા
રૂા.૨૫/- મો.અકબરઅલી હસનઅલી સુણસરા
રૂા.૨૫/- મો.મોહંમદહુસૈન હસનઅલી સુણસરા
રૂા.૨૦૧/- મો.અમીનાબેન ગુલામમોહંમદ સુણસરા
રૂા.૧૦૧/- મો.ખાદિમહુસૈન ગુલામમોહંમદ સુણસરા
રૂા.૧૦૧/- મો.અબ્બાસઅલી ગુલામમોહંમદ સુણસરા
રૂા.૧૦૧/- મો.ઈસ્માઈલહુસૈન ગુલામમોહંમદ સુણસરા
રૂા.૧૦૧/- મો.આબિદહુસૈન ગુલામમોહંમદ સુણસરા
રૂા.૧૦૧/- મો.હબીબાબાનુ કાસિમઅલી પલસાણીયા

રૂા.૧૦૦/- મો.મીકદાદઅલી ગુલામહુસૈન ભગત(દમણ)તરફથી તેમના દીકરા ઈમદાદઅલીની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.રમઝાનઅલી અબ્દેરહેમાન (દમણ)તરફથી નઝમાબાનુની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- મો.ગુલામશબ્બીર અબ્દેરહેમાન તરફથી તેમના દીકરા અનવરઅલી અને તેમની દીકરી ઈસ્મતબાનુની શાદીની ખુશાલી પ્રસંગે.

**મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ નશીરભાઈ દાંત્રેલિયા (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે તેમના સ્નેહીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૩૦૦/- મો.ઉરીબેન ઈસ્માઈલભાઈ દાંત્રેલિયા
રૂા.૨૦૦/- મો.અહેસાનઅલી ઈસ્માઈલભાઈ દાંત્રેલિયા
રૂા.૫૦/- મો.નુરમોહમદ નશીરભાઈ દાંત્રેલિયા
રૂા.૫૦/- મો.ફાતમાબેન ગુલામહુસૈન દાંત્રેલિયા
રૂા.૫૦/- મો.ગુલામહુસૈન હાસમભાઈ વેપારી
રૂા.૫૦/- મો.અબ્બાસભાઈ હાસમભાઈ વેપારી
રૂા.૫૦/- મો.મહંમદભાઈ હાસમભાઈ વેપારી
રૂા.૫૦/- મો.ઝહીરઅલી હાસમભાઈ હોલ્ડા
રૂા.૫૦/- મો.ગુલામહૈદર વલીભાઈ ભગત
રૂા.૫૦/- મો.તાલિબઅલી વલીભાઈ પટેલ
રૂા.૫૦/- મો.સાબેરાબેન વારિસઅલી હોલ્ડા
રૂા.૫૦/- મો.કનીઝફાતેમા મંજૂરઅલી વિજાપુરા
રૂા.૧૦૦/- મો.નુરભાઈ દાઉદભાઈ વેપારી
રૂા.૫૦/- મો.અલુબેન નુરભાઈ વેપારી
રૂા.૫૦/- મો.સાજેદાબેન તાલિબઅલી પટેલ
રૂા.૫૦/- મો.વલીભાઈ ગનીભાઈ પટેલ
રૂા.૫૦/- મો.હાસમભાઈ ગનીભાઈ પટેલ
રૂા.૫૦/- મો.દાઉદભાઈ ગનીભાઈ પટેલ
રૂા.૫૦/- મો.ઈસ્માઈલભાઈ ગનીભાઈ પટેલ
રૂા.૫૦/- મો.નશીરભાઈ ગનીભાઈ પટેલ

**રૂા.૧૫૦૦/- મો.ગુલામમોહંમદ અલીમદ નાંદોલીયા તેમજ મો.મેસમઅલી અલીમદ નાંદોલીયા અને તેમના પરિવારજનો(મેતા)તરફથી તેમના પિતાજી મર્હૂમ અલીમદ હાજી શરીફભાઈ નાંદોલીયાની રૂહના સવાબ અર્થે.**

રૂા.૧૦૦/- મો.તાહેરાબેન ઈસ્માઈલભાઈ સુણસરા(મેતા)તરફથી તેઓ **M.Sc. Bioinformatics**માં ઉત્તીર્ણ થયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.નજરઅલી હૈદરભાઈ મોમિન (સેદ્રાણા)તરફથી તેઓ **B.E. Information**

**Technology**માં ઉત્તીર્ણ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.ગુલામનબી એ. મસુ(મહેરપુરા) તરફથી તેમણે પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૭૦/- મો.ફિરોઝફાતેમા અકબરઅલી સુરતી (બાદરપુર-રાજકોટ)તરફથી જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.સુજાઅતઅલી ગુલામમોહંમદ (વસો)તરફથી તેમના માતા-પિતાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.સુજાઅતઅલી ગુલામમોહંમદ (વસો)તરફથી તેમના નાના-નાનીની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.કમ્બરઅલી મહંમદઅલી ભગત (વસો)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫/- મો.શેરઅલી ગુલામહુસૈન ભગત (વસો)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫/- મો.નજરબાનુ શેરઅલી મોમિન (વસો)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૧૦/- મો.શબ્બીરહુસૈન ગુલામમોહંમદ (વસો)તરફથી તેમની દીકરી કુલસુમફાતેમાએ માહે રમઝાનનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૫૧/- મો.મુસ્તાકઅલી ગુલામરસુલ મોમિન(દમણ)તરફથી તેમના પૌત્ર અહેસાનઅલીના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૫૧/- મો.ઈનાયતઅલી ગુલામમોહંમદ (વસો)તરફથી તેમના પૌત્ર અલીઅબ્બાસના જન્મની ખુશાલી પ્રસંગે.

**રૂા.૭૮૬/- મો.મર્હૂમ અબ્બાસભાઈ જમાલભાઈ સુણસરા(વાઘરોલ)ના પરિવારજનો તરફથી મર્હૂમ અબ્બાસભાઈની રૂહના સવાબ અર્થે.**

રૂા.૧૦૦/- મર્હૂમ નુરમોહંમદ, મર્હૂમ યુસુફભાઈ, મર્હૂમા લાડુબેન અને મર્હૂમા હુરીબેન(શેરપુરા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મો.ઈસ્માઈલભાઈ વલીભાઈ મલપરા(વેળાવાપુરા)તરફથી તેમની દીકરી સાજેદાબાનુ **B.Pharm**માં ઉત્તીર્ણ થયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦/- મો.હબીબભાઈ નુરમોહંમદ સુથાર મોલ્વી(મોલીપુર)તરફથી તેમણે નવીન મકાનનું મુહૂર્ત કર્યું તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.મહેંદીહસન મુમતાઝહૈદર મોમિન (કઠોર)તરફથી તેમણે ૧૪ વર્ષની ઉંમરે માહે રમઝાનના ૩૦ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.ગુલામઅબ્બાસ રહીમભાઈ શેલીયા ચીડી (કાકોશી)તરફથી તેમની દીકરી નુસરતફાતેમાએ માહે રમઝાનના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૫૧/- મો.અકબરઅલી જુસબભાઈ તથા ફેમીલી(નડીયાદ)તરફથી નુસરતફાતેમાએ માહે રમઝાનના ૩૦ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.કુલસુમફાતેમા(કેસીમ્પા) તરફથી તેમની પુત્રી સલમાફાતેમાએ ૫ વર્ષની વયે માહે રમઝાનનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.તાહેરાબેન અબ્બાસભાઈ સુથાર (કેસીમ્પા)તરફથી તેમણે માહે રમઝાનના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.જાફરઅલી ખૈબરઅલી સુથાર (શેખપુર)તરફથી તેમણે માહે રમઝાનના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

**મર્હૂમ મો.ગુલામહૈદર ઈબ્રાહમભાઈ શેલીયા (હૈદરપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના સ્નેહીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૧૦/- મો.ફિજ્જાબેન ગુલામહૈદર શેલીયા
રૂા.૨૦/- મો.મકબૂલફાતેમા ગુલામહૈદર શેલીયા
રૂા.૨૦/- મો.સાકેરાફાતેમા ગુલામહૈદર શેલીયા
રૂા.૨૦/- મો.અબ્બાસઅલી ગુલામહૈદર શેલીયા
રૂા.૧૧૦/- મો.શબ્બીરઅલી ઈબ્રાહીમભાઈ શેલીયા
રૂા.૫૦/- મો.ઝરીનાબેન શબ્બીરઅલી શેલીયા
રૂા.૨૦/- મો.સાકિરઅલી શબ્બીરઅલી શેલીયા
રૂા.૨૦/- મો.શીરીનફાતેમા શબ્બીરઅલી શેલીયા
રૂા.૧૧૦/- મો.મંજૂરઅલી ઈબ્રાહીમભાઈ શેલીયા
રૂા.૫૦/- મો.ઝેહરાબેન મંજૂરઅલી શેલીયા
રૂા.૨૦/- મો.હસનઅબ્બાસ મંજૂરઅલી શેલીયા
રૂા.૨૦/- મો.સકીનાફાતમા મંજૂરઅલી શેલીયા

રૂા.૫૦/- મો.વજીરઅલી રહીમભાઈ શેલીયા
રૂા.૨૫/- મો.સુગરાબેન વજીરઅલી શેલીયા
રૂા.૫૦/- મો.કુલસુમબેન વજીરઅલી શેલીયા
રૂા.૧૧/- મો.વિલાયતઅલી વજીરઅલી શેલીયા
રૂા.૫૦/- મો.ઝેહરાબાનુ ગુલામઅલી કડીવાલા
રૂા.૫૦/- મો.ઈમદાદહુસૈન ઈસ્માઈલભાઈ વાઘણીયા
રૂા.૨૦/- મો.સકીનાબેન ઈમદાદહુસૈન વાઘણીયા
રૂા.૨૦/- મો.આરેફાફાતેમા ઈમદાદહુસૈન વાઘણીયા
રૂા.૨૦/- મો.ઈકરામહુસૈન ઈમદાદહુસૈન વાઘણીયા
રૂા.૫૧/- મો.ફાતમાબેન શબ્બીરભાઈ મજાદરીયા
રૂા.૫૧/- મો.કનીઝફાતેમા શબ્બીરભાઈ મજાદરીયા
રૂા.૧૧૦/- મો.આબિદઅલી જલાલભાઈ સિધ્ધપુરા
રૂા.૫૧/- મો.હુસૈનાબેન આબિદભાઈ સિધ્ધપુરા
રૂા.૨૭/- મો.કુલસુમફાતમા આબિદભાઈ સિધ્ધપુરા
રૂા.૧૧/- મો.સાકિરઅલી આબિદભાઈ સિધ્ધપુરા
રૂા.૫૧/- મો.સુગરાબેન મુસ્તાકભાઈ વાઘણીયા
રૂા.૫૧/- મો.મરીયમબેન અબ્દુલભાઈ વાઘણીયા
રૂા.૨૫/- મો.રહમતફાતમા મુસ્તાકભાઈ વાઘણીયા
રૂા.૨૫/- મો.આબેદાબેન અબ્દુલભાઈ વાઘણીયા


Najarbhai Vijapura - 95582 12461

**EVERSHINE**
**Web Solutions**

Our Services : -

- Domin Registration
- Web Hosting
- Web Designing
- Logo Designing
- Search Engine Optimization
- Search Engine Marketing

Contact Us :-

100/5, Hajibava Park, Sarkhej Road,
Juhapura, Ahmedabad - 380055
www.onlinewebsitedesigning.com
info@onlinewebsitedesigning.com

**દાંતનું દવાખાનું** મો. ૯૮૨૧૬૦૧૨૯૬

**+ અલ્ટ્રાફાઈન ડેન્ટલ કલીનીક +**

**ડો. રીફ્ત ઈ. અઘારીઆ (શેરપુરા)**

B.D.S. (MUMBAI)

**ડેન્ટલ સર્જન**

**સમય : સવારે ૧૦ થી ૧**
**સાંજે ૫-૩૦ થી ૮-૩૦**
**દર રવિવારે દવાખાનું બંધ રહેશે.**

**શોપ નં. એ/૩, ખત્રી હાઉસ, જે. એ. મેઘાણી હાઈસ્કૂલની પાસે,**
**મેટ્રો પેલેસ હોટલની સામે, બહેરામબાગ, જોગેશ્વરી(વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૧૦૨**